
# મિત્ર




સર પ્રભાશંકર પટ્ટણી

# મિત્ર

સર પ્રભાશંકર પટ્ટણી

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧




કિંમત : રૂ. 110

પુનર્મુદ્રણ : નવેમ્બર 2010
પ્રથમ આવૃત્તિ : ઈ.સ. 1970

**MITRA**
*by* Sir Prabhashankar Pattani
Published by Gurjar Grantha Ratna Karyalaya,
Opp. Ratanpolenaka, Gandhi Road, Ahmedabad – 380 001 (India)

© સર પ્રભાશંકર પટ્ટણી
ઓપન વિન્ડો ચેરિટેબલ ટ્રસ્ટ, ભાવનગર

પૃષ્ઠ : 58+146

ISBN : 978-81-8480-475-1

■ પ્રકાશક : અમરભાઈ ઠાકોરલાલ શાહ **ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય** રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001. ફોન : 22144663. e-mail : goorjar@yahoo.com ■ ટાઈપસેટિંગ : **શારદા મુદ્રણાલય** 201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ – 380 006 : ફોન : 26564279 ■ મુદ્રક : **ભગવતી ઑફસેટ** સી/16, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ – 380 004

# અર્પણ

જે વ્યક્તિએ પોતાની આખરી ક્ષણ સુધી પૂજ્ય મહાત્મા ગાંધીજીના એક પરમ અડગ મિત્ર, ભક્ત અને ખાસ વિશ્વાસપાત્ર સલાહકાર તરીકે રહીને તેમની પાસેથી માન અને વિશ્વાસ મેળવ્યાં હતાં; જેમણે ગાંધીજીના દરેક પ્રયાસમાં સલાહથી અને જરૂર પડે ત્યારે સક્રિય પ્રયાસથી સફળ સહાય આપી તેમને સંતોષ્યા હતા; જેમણે ભાવનગર રાજ્યના કુટુમ્બની ત્રણ પેઢીની એકનિષ્ઠ સેવા કરી અને રાજ્યકુટુમ્બનું હિત, રાજ્યનું હિત અને ભાવનગરની પ્રજાનું હિત એ ત્રણેયનું ઐક્ય સાધી, તે ત્રણેયની સેવામાં પોતાનું સર્વસ્વ અર્પ્યું અને રાજ્યકુટુમ્બને અને પ્રજાજનોને સંતોષ્યા;

જેમણે મુંબઈ, દિલ્હી અને વિલાયતની કારોબારીના સદસ્ય તરીકેના કાળ દરમિયાન પોતાની કાર્યદક્ષતાથી સારા દેશનું હૃદય જીત્યું હતું અને પરદેશમાં પણ સ્વપ્રયત્નથી દેશની પ્રતિષ્ઠા અને મોભો વધાર્યાં હતાં;

અને જેમની શક્તિ, દુરંદેશી, સરળતા, સ્નેહ અને નિઃસ્વાર્થતા આજે દેશભરમાં પણ માનપાત્ર ગણાયાં છે. — તે મહાપુરુષની આ હૃદયોર્મિઓ તો એમણે પોતાની જીવનની સર્વ સેવાઓ જેને અર્પી તેને ચરણે જ શોભે.

એટલે આ સંગ્રહ ભાવનગરના રાજ્યકુટુમ્બને, ભાવનગરની પ્રજાને, સ્વ. ગાંધીજીની સ્મૃતિને અને સમસ્ત ગુજરાતને અર્પણ કરું છું અને યોગ્ય વસ્તુનો યોગ્ય સ્થળે વિનિયોગ કરી ઋણમુક્તિનો સંતોષ અનુભવું છું.

(૧૯૭૦ની આવૃત્તિ) — મહેશ અનંતરાય પટ્ટણી

# પ્રસ્તાવના

સ્વ. સર પ્રભાશંકર પટ્ટણીનો આ કાવ્યસંગ્રહ જોઈને મને આનંદ થયો. પટ્ટણીસાહેબ સાથે મારો પ્રથમ મેળાપ, હું ધંધાર્થે ઈ. ૧૯૨૨ની સાલમાં ભાવનગર ગયો ત્યારે થયેલો, ત્યાર પછી એ વધતો ગયો અને એટલો મીઠો અને ગાઢ બન્યો કે તેઓ મારાં પત્ની અ. સૌ. લીલાવતીને પોતાની પુત્રી તરીકે ગણતા. તેઓ એક કુશળ, શાણા અને અનુભવી રાજકર્તા હતા. તે કાળના દેશી રાજ્યમાં અને બ્રિટિશ હિંદમાં પટ્ટણીસાહેબે ઘણા ઊંચા હોદ્દાઓ ભોગવ્યા હતા અને આપણા અગ્રગણ્ય રાજપુરુષોમાં એમની ગણના થતી. પ્રતિભાવાન, સૌજન્યશીલ અને ઉદાર સંસ્કારી મહાનુભાવ તરીકે એમની સુવાસ એમના વિશાળ સ્નેહીવર્ગ અને મિત્રમંડળમાં હજી ફેલાયેલી છે. એમને વિદ્યાવ્યાસંગ, સાહિત્ય અને વાચનનો શોખ હતો. એમના અત્યંત કાર્યશીલ જીવનની કેટલીક પળો તેઓ અભ્યાસ અને લેખનમાં ગાળતા. મને યાદ છે કે તેઓએ ભાવનગર, મુંબઈ અને લાઠીમાં મળેલ ગુજરાતી સાહિત્ય પરિષદોનાં અધિવેશનોમાં રસપૂર્વક અને સક્રિય ભાગ લીધેલો.

રાજ્યખટપટમાં રચ્યાપચ્યા રહેતા છતાં પટ્ટણીસાહેબની રસિકતા જરાય કુંઠિત થઈ નહોતી. એ ઊર્મિલ સહૃદયતાની પ્રતીતિ મને 'ઉઘાડી રાખજો બારી'ના શીર્ષકવાળું કાવ્ય વાંચીને થયેલી. આ ગુણ એમની લગભગ બધી કવિતાઓમાં જોવા મળે છે.

ભાઈ રામપ્રસાદ બક્ષીએ કહ્યું છે તેમ ઘણી કવિતાઓ સંસ્કૃતનાં સુભાષિતો જેવી છે. તેમાં એમના અનુભવો, વિચારો અને ઊર્મિઓનું આવિષ્કરણ થયું છે.

તેઓ વયોવૃદ્ધ અને રાજકારણવિશારદ હતા તોપણ અદ્ભુત સરલતા એમને વરી હતી. મને એક પ્રસંગ યાદ આવે છે. લાઠીમાં ૧૯૩૩માં મળેલ સાહિત્ય પરિષદના અધિવેશન પ્રસંગે એક સાંજે લોકગીતોનો મનોરંજન કાર્યક્રમ હતો. સૌરાષ્ટ્રનાં ગરબાઓ અને લોકગીતો ગવાતાં હતાં. પટ્ટણીસાહેબ ત્યાં હાજર હતા એટલે તેમને કંઈ કહેવાની વિનંતી થઈ. એમણે તે વખતે 'પારેવડાંનું ગીત' ખૂબ સહૃદયતાથી અને ભાવપૂર્ણ અવાજે ગાયું હતું, સાથે રાસમાં પણ ઊતર્યા.

આ કાવ્યસંગ્રહ પહેલાં 'મિત્ર'ના નામથી ખાનગી રીતે પ્રસિદ્ધ થયેલો. હવે તે વિશાળ વાચકવર્ગ સમક્ષ રજૂ થાય છે એટલે ગુજરાતી સાહિત્યના પ્રેમીઓ તેને આવકારશે એમ આશા રાખું છું.

– કનૈયાલાલ મુનશી

# ઉઘાડી બારી

(૧)

'ઉઘાડી બારી' એ શ્રી. ઉમાશંકર જોશીના પ્રાસંગિક મનનલેખોનો સંગ્રહ ૧૯૫૯માં પ્રકટ થયો ત્યારે એના નામકરણપ્રસંગે એમને સર પ્રભાશંકર પટ્ટણીની એક સરલ પદ્યરચનાનું સ્મરણ થયું અને એમણે એ ગ્રન્થના નામપૃષ્ઠ ઉપર એ કૃતિની ધ્રુવપંક્તિ જેવી એક અર્ધપંક્તિ આ પ્રકારે ટાંકી :

*'ઉઘાડી રાખજો બારી'*

*(સર પ્રભાશંકર પટ્ટણી)*

સર પ્રભાશંકર પટ્ટણીની, આ સંગ્રહમાં સંગૃહીત થયેલી રચનાઓમાં અનેક એવી છે જે વાંચતાં સંસ્કૃત સાહિત્યમાં જાણીતી પણ પછીથી ઉપેક્ષિત રહેલી સુભાષિત શૈલીનું સ્મરણ થાય છે.

ઉપદેશાત્મક – didactic – ગણાયેલાં સુભાષિતોમાં બહુશઃ અનુભૂતિનો કે સંવેદનાનો અર્ક સંભૃત થયો હોય છે. કહેવતો માફક વ્યાપક પ્રચારમાં આવતાં આ સુભાષિતો એના સર્જકના હૈયાને લાગેલી ચોટમાંથી જન્મ્યાં હોય છે એ ભુલાઈ જાય છે, પણ એના મૂળમાં તાત્કાલિક સંવેદન તો હોય છે. એક દૃષ્ટાંત સંસ્કૃતમાંથી લઈએ :

ये वर्धिता: करिकपोलमदेन भृंगा:
प्रोत्फुल्लपंकजरज: सुरभीकृतांगा:
ते साम्प्रतं विधिवशा: क्षपयन्ति कालम्
निम्बेषु चार्ककुसुमेषु करीरकेषु ॥
(પાઠવિકલ્પ ते साम्प्रतं प्रतिदिनं क्षपयन्ति कालम्
निंबेषु चार्ककुसुमेसु च दैवयोगात्)

જે ભૃંગો કરિકપોલના મદને આસ્વાદીને ઊછર્યા અને જેનાં અંગો ખીલેલાં કમળોના પરાગથી સુરભિત થતાં, એ ભૃંગો આજે વિધિપ્રભાવે લીમડામાં, આકડાનાં ફૂલોમાં અને કેરડામાં કે કાંટાળાં ઝાંખરાંમાં કાળ વિતાવે છે– એવું કથન કરનાર આ સુભાષિતમાં અપ્રસ્તુત પ્રશંસારૂપ કાવ્યતત્ત્વ છે અને એ અપ્રસ્તુત પ્રશંસા અથવા અન્યોક્તિ એના રચનારના હૃદયમર્મને સ્પર્શી ગયેલી કોઈ અનુભવજન્ય સંવેદનામાંથી પરિણમી હોય એ સંભાવ્ય છે. પણ એ સંવેદના સહજમાં યાદ રહી જાય એવી ચાર પંક્તિઓમાં સમાઈ ગઈ, સંક્ષેપના ગુણે તથા અન્યોક્તિના કાવ્યતત્ત્વે, આ સુભાષિતને આસ્વાદ્ય બનાવ્યું, પરિચિત બનાવ્યું; અને સમય જતાં અનેકના મુખમાં ચવાઈ ગયેલું આ કાવ્ય માત્ર એક ઉપદેશાત્મક પદ્ય મનાઈ રહ્યું. એના મૂળમાં મર્મવેદક સંવેદના છે એ ભુલાઈ ગયું અને એની માર્મિકતા પણ અતિપરિચયથી પરિણમતી અવજ્ઞા પામી.

(૨)

પરિચયદોષે જેની માર્મિકતા અને એ માર્મિકતાની પાછળ રહેલી રચનારની ઊંડી સંવેદના અલક્ષિત રહેવા પામી હોય, છતાં જે મૂળમાં સંવેદનામય હોય તથા ચોટદાર અન્યોક્તિની ચમત્કૃતિવાળાં હોય, એવાં સુભાષિતો સંસ્કૃતસાહિત્યમાં વિપુલ છે અને વ્યાપક છે. એ સુભાષિતોની સ્વતંત્ર રચના થઈ છે અને એના અલગ સંગ્રહો થયા છે. પણ રાસા, પ્રબન્ધ, આખ્યાન, ભક્તિનાં પદો એવા પ્રકારની રચનાઓથી સમૃદ્ધ બનેલા આપણા ગુજરાતી સાહિત્યમાં આવાં સુભાષિતોની સ્વતંત્ર ઉપાસના ઓછી થઈ છે. જે ઉપાસના થઈ છે તે પણ રાસા-પ્રબન્ધ-આખ્યાનો જેવી લાંબી રચનાઓના એકાદ પ્રાસંગિક અલ્પ અંશ તરીકે મહાસાગરમાં એક જલબિન્દુ હોય એ પ્રકારે થઈ છે.

જે જાગરૂક, સંવેદનશીલ, સહૃદય ભાવકોને આ સુભાષિતોની માર્મિકતા સ્પર્શી ગઈ છે તેઓએ એની આ પ્રકારે પ્રશંસા કરી છે :

सुभाषितेन गीतेन युवतीनां च ल्लीलया
मनो न विद्यते यस्य स वै मुक्तोऽथवा पशुः ॥

આવાં સુભાષિતોમાં જે સંવેદના, જે વાણીરચના, જે સંક્ષેપ અને જે વિશદતા રહી હોય છે તે મહાકાવ્યો, આખ્યાનો કે ખંડકાવ્યો અને પદો જેવા કાવ્યપ્રકારથી ભિન્ન એવી સ્વકીય કલાવિશિષ્ટતાનો પરિચય કરાવે છે અને એની ઉત્પત્તિને અવકાશ આપતી સર્જકની માનસિક પ્રક્રિયા પણ લાંબી કૃતિઓને સર્જકની માનસિક પ્રક્રિયાથી જુદી હોય છે. સુભાષિતોનો જન્મ, ટૂંકાં ઊર્મિકાવ્યોના (અર્થાત્ સંવેદન કાવ્યોના) જન્મની માફક, નિજજીવનના કે પ્રત્યક્ષ પરિચિત પરજીવનના કોઈ એવા પ્રસંગમાંથી થાય છે જેણે કવિના સંવેદનશીલ માનસને તત્કાલ આવર્જિત કર્યું હોય, દ્રવિત કર્યું હોય કે વ્યગ્ર અને વિવશ કર્યું હોય, પ્રસન્ન અને પ્રોત્સાહિત કર્યું હોય.

(૩)

પટ્ટણીસાહેબની આ સંગ્રહમાં રજૂ થયેલી રચનાઓ આ પ્રકારની છે : એમાંની ઘણી પોતાની હૃદયની, સ્વસંવેદનામય, ઊર્મિકાવ્યના પ્રકારની છે અને બીજી કેટલી સંવેદનાનું કોઈ અપ્રસ્તુત પદાર્થ ઉપર – પ્રાણી કે વૃક્ષપુષ્પાદિ ઉપર – આરોપણ કરતી અન્યોક્તિ જેવી છે. આ બન્ને પ્રકારમાંની કેટલીક કૃતિઓ સુભાષિતની શૈલીની છે.

રાજ્યકાર્યમાં અને પ્રજાહિતાર્થ પ્રવૃત્તિમાં સતત ઉદ્યુક્ત રહેનારા પટ્ટણીસાહેબનું અન્તઃકરણ એની સહજ કોમળતા અને સંવેદનશીલતા જાળવી રહ્યું હતું. તેથી, શ્રી મુકુંદરાય વિ. પારાશર્યે એમના વિશે લખ્યું છે તેમ, 'અત્યંત વ્યવસાયમાં કાવ્યો લખવાનો સમય તો ન હતો, પણ કોઈ ચિત્તવિક્ષેપક પ્રસંગ બને અને એ વખતે કે તે પછી તરત જો સહેજ નવરાશ મળે તો એ પ્રસંગજન્ય વિચાર કે ભાવને તે પદ્યમાં લખી નાખતા.'

આ રીતે એમણે અનેક કાવ્યો લખ્યાં હતાં, તેમાંથી બે કાવ્યો શ્રી પારાશર્યે, ઉત્પત્તિપ્રસંગના નિર્દેશ સાથે, એમના એ લેખ*માં આપ્યાં છે.

---

* 'કુમાર' માર્ચ ૧૯૬૩, 'સ્મરણીય વ્યક્તિ ૧૦ : બે પ્રાસંગિક કાવ્યો' એ લેખ. આ કાવ્યોની રચનાપ્રક્રિયા જાણવાનાં વાચકોને રસ પડે તેથી એ લેખ આ સંગ્રહમાં છાપ્યો છે. "પ્રભાસંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન"એ મુકુંદભાઈ પારાશર્યના પટ્ટણીજીના જીવનપ્રસંગોને આલેખતા પુસ્તકમાં પણ આ લેખ છે. પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ

એ બન્ને કાવ્યો પ્રસંગપ્રેરિત છે પણ એ પ્રસંગે જગાડેલી સંવેદનાને વ્યક્ત કરનારાં છે.

(૪)

પટ્ટણીસાહેબ કર્તવ્ય તરીકે પ્રાપ્ત થયેલ રાજકાજમાં નિષ્ઠાપૂર્વક ઉદ્યત અને વ્યાપૃત રહેતા હતા છતાં તેમણે સાદાઈને, સાદી સરલ જિંદગીને, સતત ઝંખ્યા કરી હતી અને યથાશક્ય જાળવી હતી. એમની એ ભાવના તથા ભાવનાને અનુરૂપ ઝંખના આ સુભાષિતોપમ સંવેદનમય શ્લોકમાં અન્યોક્તિ દ્વારા વ્યક્ત થઈ છે :

*'જોવી જેને નજર ન પડે વક્ર તાલેવરોની,*
*ખાયે જેઓ ઉદર ભરીને પંક્તિ દુર્વાંકુરોની,*
*ઠંડાં વારિ નદી સર તણાં પી નિરાંતે ભમે છે,*
*તેવી સાદી હરિણશિશુની જિંદગાની ગમે છે.*

આ સુભાષિતોની રચના એમના જ મિત્રે લખી મોકલેલા, (કવિ હરિઝીણા જેમણે ગુજરાતી સાહિત્યમાં પ્રથમ સોનેટની રચના કરી) રાજસેવકની જિંદગી પ્રત્યે અરુચિ દર્શાવતા, શ્લોકના જવાબમાં થઈ હતી અને એમાંની અન્યોક્તિમાં જે હરિણના જીવનનો આશ્રય લેવાયો હતો તે સંસ્કૃત અન્યોક્તિઓમાં પ્રસિદ્ધ છે. – દા. ત.,

दूर्वांकुरतृणाहारा धन्यास्तात वने मृगाः ।
विभवोन्मत्तचित्तानां न पश्यन्ति मुखानि यत् ॥

અને

यद वक्त्रं मुहुरीक्षसे नधनिनां ब्रूषे न चाटून् मृषा
नैषां गर्वगिरः शृणोषि न च तान्प्रत्याशया धावसि ।
काले बालतृणानि खादसि परं निद्रासि निद्रागमे
तन्मे बूहि कुरंग कुत्र भवता किं नाम तप्तं तपः ॥

પણ મિત્રના ઉપાલંભપત્રના વાચને જે મનઃક્ષોભ ઉપજાવ્યો, તેમાંથી જ આ સંસ્કૃત સુભાષિતનું સ્મરણ થયું અને પોતાના સ્વયંભૂ સંવેદનને

વ્યક્ત કરવા માટે એમાંની અન્યોક્તિનો એનાથી પ્રેરિત છતાં સરલ સ્વરૂપ અભિવ્યક્તિમાં ઉપયોગ કરવામાં આવ્યો.

આ રચનામાં પટ્ટણીસાહેબે પોતાની સંવેદનાની અભિવ્યક્તિ માટે પૂર્વે વાંચેલ સંસ્કૃત અન્યોક્તિના સંસ્કારનો આશ્રય લીધો છે. પણ શ્રી પારાશર્યના આ લેખમાં ટાંકેલું બીજું પદ્ય એના – સંવેદન પરત્વે નહિ પણ અભિવ્યક્તિ પરત્વે પણ – પરાશ્રયના સંભવથી અસ્પૃષ્ટ રહે તેવું છે :

*'જે ચીજો કે વસુવિભવથી લોકને મોહ થાય,*
*ને જે મોહે હૃદય જનનાં પાપ માટે તણાય,*
*તે પૈસો કે વિભવ અમને સ્વપ્નમાં યે હશો મા,*
*એવાં હોયે સુકૃત કદી તો સુકૃતો યે થશો મા.'*

આ સુભાષિત જેવી રચનાની ઉત્પત્તિ શ્રી પ્રભાશંકર પટ્ટણીના સ્વાનુભવમાંથી થઈ હતી. એમના બંગલામાંથી એમનાં પત્ની રમાબહેનનાં ઘરેણાં ચોરાઈ ગયાં, પોલીસે એક ગૃહસેવકને શક ઉપરથી પકડ્યો, પ્રભાશંકરભાઈ પટ્ટણી બહારગામથી આવ્યા ત્યારે એ ઘરનોકરની પત્ની રડી, કરગરી, શ્રી પટ્ટણીએ નોકરને પોતાના હાથપગ જેવો જણાવીને પોલીસના જાપ્તામાંથી છોડાવ્યો તથા ઉદારભાવે દોષમુક્ત માની લીધો અને અઠવાડિયા પછી એ નોકરે પોતે સ્વામીની આ ઉદારતા અને વિશ્વાસપરાયણતાથી પીગળીને ચોરી કબૂલી તથા દાગીના પાછા સોંપ્યા અને શ્રી પટ્ટણીના હૃદયમાંથી આ પ્રાર્થના કે અભિલાષા પદ્યરૂપે પ્રકટ થઈ – જેમાં નિર્ધનને ચોરીની લાલચ થાય તે માટે ધનિકની નિર્ધનને લોભાવનારી સંપત્તિને જ દોષપાત્ર ગણી છે !

(૫)

જેમણે સંસ્કૃત કાવ્યો વાંચ્યાં હોય અને જે પોતે ક્ષણ બે ક્ષણ નવરાશની મળે તે ઝડપીને પોતાની ભાવનાને કે તાત્કાલિક સંવેદનાને પદ્યની ખાંપમાં મઢી લેવા ઇચ્છતા હોય, તેમનો એ અભ્યાસ અને એ ત્વરા સુભાષિતો જેવી ઘનીભૂત પદ્યપંક્તિઓ નીપજાવે એ સ્વાભાવિક છે. ઉપર

ટાંકેલી હરિણ-અન્યોક્તિમાં આ પ્રકાર આપણે જોયો. પણ બીજું એક સુભાષિત તો સંસ્કૃત શ્લોકનો અનુવાદ જ હોઈને, શ્રી પટ્ટણીના વિદ્યાવ્યાંસંગનું પરિણામ તેમ જ પ્રમાણ ગણાય એવું છે. અહીં પ્રથમ એ સુભાષિત અને પછી મૂળ સંસ્કૃત શ્લોક તુલનાર્થે આપું છું.

*'કાંઈ મળ્યું ન મધુ કેતકીપુષ્પમાંથી*
*થા મા ઉદાસ અલિપોતક એટલાથી;*
*બીજો કયો પરમ લાભ ગણાય એથી,*
*તારું રહ્યું શરીર અક્ષત કંટકોથી.'*

'मा गा विषादमलिपोतक केतकीनाम्
अन्तर्निगूढ मनवाप्य मधुप्रकर्षम् ।
लाभः स एव परमो ननु, कण्टकानाम्
श्रेणीभिरक्षत शरीरतया प्रयासि ॥'

(૬)

સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ, એ અભ્યાસમાંથી ઉત્પન્ન થતો કાવ્યરસ, એનો જીવનના અનેક પ્રસંગોએ કદીક કાવ્ય કે કદીક રમૂજી જોડકણું રચવામાં ઉપયોગ અને એ સાત્ત્વિક વિનોદની પ્રવૃત્તિમાં ભાષાના સૌમ્યસરલ સ્વરૂપનો અને વિશુદ્ધ વૃત્તનો એ પ્રયોગ એ પ્રશ્નોરા નાગર જ્ઞાતિનું સુવિદિત વ્યાપક લક્ષણ મનાય છે. સર પ્રભાશંકર પ્રશ્નોરા અને જેમના શ્લોકના ઉત્તરમાં એમણે હરિણાન્યોક્તિવાળો શ્લોક રચ્યો હતો એ પણ પ્રશ્નોરા : એમને આવી શીઘ્રરચના જેવી સુભાષિત રચના સહજસાધ્ય હોય.

અને આ સહજસાધ્ય રચનાશક્તિનો ઉપયોગ આ પ્રશ્નોરા નાગરે પોતાના જીવનના આછી કે ઘેરી ભાવલહરી જગાડતા પ્રસંગોએ કર્યા કર્યો.

આવા ભાવોદ્ભાવક પ્રસંગો માનવજીવનમાં આવે તેમાં કેટલાકમાં ભાવનાં આલંબન-ઉદ્દીપનો સર્વસાધારણ હોય, કેટલામાં વ્યક્તિનિયત હોય. સર પ્રભાશંકરની આ કૃતિઓમાં બન્ને પ્રકારો છે. આમાંની ભક્તિનો તથા પ્રભુશ્રદ્ધાનો ભાવ, જ્ઞાનની અને વૈરાગ્યની અભ્યાસજન્ય કે અનુભવજન્ય મનોદશા, મૃત્યુને લગતું જ્ઞાન-શ્રદ્ધા-પ્રેરિત ભાવમય ચિંતન તેમજ કૃષ્ણ અને

રાધા કે ગોપીના મધુર પ્રસંગોનું કલ્પન એ સર્વને આપણે સર્વજન સાધારણ ભાવસામગ્રી ગણી શકીએ. અલબત્ત, એમાં પણ અભિવ્યક્તિની વૈયક્તિક વિશિષ્ટતા આવી શકે. આ સંગ્રહમાં બળદના મુખમાં મૂકેલું, જીવનની અવદશાને નિરૂપતું, 'ભજન' તથા સંસારને સાગરનું રૂપક આપતું 'ભર દરીએ વહાણ' એ માત્રામેળ ગીત એ બે કૃતિઓ આવી વિશિષ્ટતાના નમૂના છે.

અહીં જે ઉપદેશની કૃતિઓ છે તેને પણ સર્વસાધારણ ભાવસામગ્રીની નીપજ માની શકીએ. એવી કૃતિઓમાંનું એક, 'ક્રોધસાગર' ગામના, 'કંકાસગલ્લી'માં રહેતા 'ક્લેશશંકર'ના કંકાસભર્યા સ્વભાવને તથા સંતોષગલ્લીમાં 'વિવેકસાગર' વાસમાં જઈને રહ્યા પછી એનામાં આવેલી શાન્તતા સૌમ્યતા અને સરળતાને વર્ણવતું ચતુશ્ચરણી હરિગીત છંદનું તેર કડીનું જૂથ એક વિશિષ્ટ રચના તરીકે અલગ પડી રહે છે.

(૭)

સર પ્રભાશંકર પટ્ટણીની પોતાની જીવનભાવના વિશેની કૃતિઓ સ્વાનુભૂતિમાંથી સ્ફુરી છે અને એમના ઉદાત્ત આશયની ઝાંખી કરાવી જાય છે. જેમને એ મહાશયની સાદી, સર્વ પ્રતિ સમભાવભરી, ઉદાર અને ઊર્જસ્વી જીવનકલાનો પરિચય હશે તેમને એમની આ રચનાઓમાં એમના હૃદયના ઉદ્ગાર સંભળાશે. એમાંના થોડાક ઉદ્ગાર એમની વાણીમાં જ આપણે સાંભળીએ :

*'ખરચતાં આપતાં દેતાં, સુખોમાં રાખતાં રે'તાં;*
*કદી ધન માલ ખર્ચાઈ ભલેને જાય તો જાઓ.*

*અમારી ટેકને ગાતાં, બતાવેલે પથે જાતાં,*
*પ્રભુએ ખાસ રિસાઈ, ભલેને જાય તો જાઓ.'*

*

*'સ્નેહી સાથ સુનમ્ર ધૂર્ત બકને જેનું ન માથું નમે,*
*ગંગાનું ય મલિન પાણી તજીએ, તે રાજહંસો અમે.'*

*

'જનના દોષોને માફ કરે, પરના મેલોને સાફ કરે,
બળતાં હૃદયોની બાફ હરે, તે મારે મન પરમેશ્વર છે.'

*

'દુનિયા જ્યારે નિંદા કરશે, મિત્રો પણ જ્યારે પરિહરશે,
ત્યારે જે સાથે સંચરશે, તે મારે મન પરમેશ્વર છે.'

*

'સત્તા ભૂમિ સેવાની છે, જિંદગી આ પર સેવાની છે,
લોકખ્યાતિ તોફાની છે સહુની ગઈ છે, જાવાની છે.'

*

'હું આ સૃષ્ટિનો પાલક છું, તું મુજ શક્તિનો બાળક છું,
તો મુજ સમ બન ઉદ્ધારક તું – પ્રભુજીનો કાગળ આવ્યો છે.'

*

'જનમન અંદર પેસી શકીને દુઃખમાં ભાગીઓ થાઉં,
બની શકે તો શાંતિ કરું નૈતો અશ્રુએ એને ન્હાઉં :
બતાવો ઉપાય કો એવો
બનું દુઃખે ભાગીઓ તેવો રે.'

*

'પ્રાણ પવનમાંથી ખેંચું છું જીવન જગજીવનથી,
શુદ્ધ સ્વચ્છતા આકાશેથી, રસાન્ન પૃથ્વીતળથી;
રૂપ તેજ સૂર્ય ને ચંદ્રથી, અમૃતરસ જળમાંથી,
સમગ્ર જિંદગીનો સરવાળો મહાપુરુષ પ્રભુમાંથી.'

પટ્ટણીસાહેબ દૃઢ જિજીવિષા માત્ર પરોપકારાર્થે સેવતા હતા; એ જ આશયથી કે પોતાનું જીવન લોકસંગ્રહાર્થે, જનકલ્યાણાર્થે ઉપયોગી થાય.

'પોતા સમ પરને ચ્હાવું છે,
તપતાં હૃદય પર છવાવું છે,
પરરક્ષણ કાજ ઘવાવું છે,
ફરીથી યુવાન થઈ જાવું છે.'

*

*'હજી સો વર્ષનું આયુષ્ય આ મારું થવાનું છે;*
*સકળ સંસારનું દારિદ્રય આ કરથી જવાનું છે.*
*'ઉખેડી મૂળ કજિયાનાં પ્રણયનાં વાવવાના છે;*
*બધે સુખ સંપના સુપવિત્ર મંત્ર જપાવવાના છે.'*

અને એમને પોતાની આ જીવનભાવનાને કર્તવ્યમાં સાક્ષાત્ કરવાની અનુકૂળતા પણ, લક્ષ્મીની કૃપા રૂપે તથા ઉચ્ચ પદવીરૂપે, પ્રાપ્ત થઈ હતી.

લક્ષ્મી અને સત્તા ઈર્ષ્યા જન્માવે, અરિઓ ઉપજાવે પટ્ટણી સાહેબને કદી એ સંભવ ભયજનક નહોતો જણાયો, એવા એ ઉદારહૃદય હતા અને ક્ષમાશીલ હતા. એમની એ હૃદયસંપત્તિ આ પંક્તિઓમાં અંકિત થઈ છે :

*'મારી આખી અવનિ પરની જિંદગાની વિષે મેં,*
*રાખી હોયે મુજ અરિ પરે દૃષ્ટિ જે રીતની મેં;*
*એવી એ જો મુજ ઉપર તું રાખશે શ્રી મુરારિ*
*તોએ તારો અનૃણી થઈને પાડ માનીશ ભારી.'*

આવાં અનેક ઉદાર આશયથી ભરપૂર સુભાષિતો અહીં શોભે છે.

(૮)

સર પ્રભાશંકર પટ્ટણીની આ કવિતા માત્ર કવિતા નથી, જીવનકિતાબ છે, ભાવનામય હૃદયની સરલતા અને મધુરતા ઝીલતી ભાવમય વાણી છે. માત્રામેળ છંદો, ગીતો, ગઝલો અને સંસ્કૃત સાહિત્યમાં વપરાયેલાં રૂપબંધ વૃત્તો એ બધા પદ્યપ્રકારમાં એ વાણી લથડ્યા વિના, થડક્યા વિના વહેતી રહી છે. એમાં ક્યાંક રૂપક છે, ક્યાંક અન્યોક્તિ છે, ક્યાંક વક્રોક્તિ છે; એને આવાં આછાં આભરણો જ પોતાના ભાવનાસમર્પણ માટે અનુકૂળ લાગે છે, પર્યાપ્ત લાગે છે, એથી અધિકતર અલંકાર-આડંબર એ વાણી સજતી નથી, કારણ કે એ વાણીનો આશય એવા અલંકારના અન્તરાય વિના અર્થને આલિંગવાનો છે, પોતાના ભાવનો સામાન હૃદયમાં નિરન્તરાય પ્રવેશ કરાવવાનો છે.

આ કૃતિઓને પટ્ટણીસાહેબે સંગ્રહીને છપાવી તથા પ્રકટ તો કરી હતી, પરંતુ એ પ્રકટતા મર્યાદિત હતી : માત્ર અંગત અને ખાનગી ઉપયોગ માટે. ઉપરાંત એમાં કર્તાના નામનો ક્યાંય નિર્દેશ નહોતો. સંગ્રહનું નામકરણ પણ ભભકાથી નહોતું. એના પૂંઠા ઉપર, નામ પૃષ્ઠ ઉપર, અવતરણ ચિહ્નોનો સંપુટ સાચવીને મૂકેલું બે અક્ષરનું નામ છે :

**'મિત્ર'**

એ 'મિત્ર'ની વાણીનો અલ્પ આસ્વાદ અહીં કર્યો છે – વિશેષ આસ્વાદ માટે એ સામગ્રી વાચકો સમક્ષ રજૂ થાય છે.

એ ગુણગરવી વાણીનું અંતિમ વેણ કહી રહે છે કે દૂર દૂરથી તમારો અખંડિત સ્નેહરસ વહે છે એ ઘણું છે, તમારું એટલું એ ક્યાં ? આપણે એનો જ પુનરુચ્ચાર કરીશું :

*"તમારું એટલું એ ક્યાં ?" ફક્ત એ વાક્યમાં મારા,*
*બધા ભાવો સ્વીકારીને, હૃદયથી ચાંપજો અમને.*

– રામપ્રસાદ પ્રે. બક્ષી

# ઉપોદ્ઘાત

**સર પ્રભાશંકર પટ્ટણીનું લોકોત્તર વ્યક્તિત્વ :**

Aristotle ના Politics નામના જગત્ વિખ્યાત પુસ્તકમાં કયા પ્રકારનું રાજ્યતંત્ર ઉત્તમ તે ચર્ચા વિચારપૂર્વક કરેલી છે. તેમાં પવિત્ર બુદ્ધિવાળા રાજર્ષિઓના તંત્રને સૌથી ઉત્તમ ગણ્યું છે અને બીજા વર્ગમાં તેમણે લોકશાહીને વખાણી છે. ભાવનગરમાં ઘણાં વર્ષો સુધી એરિસ્ટોટલ નિર્દિષ્ટ રાજર્ષિ તંત્રનો અમને અનુભવ થયેલો અને તેવું તંત્ર સમર્થ પ્રતિભાથી ચલાવનાર મંત્રીઓમાં સર પ્રભાશંકર પટ્ટણીનાં લગભગ પચાસ વર્ષનો ગાળો તો એવી ઉચ્ચ વ્યવસ્થા દાખવતો કે બ્રિટિશ તંત્ર કરતાં પણ ભાવનગર રાજ્યમાં પ્રજા વધારે સુખ ભોગવી રહેલી. સર પ્રભાશંકરના પુરોગામીઓનું ઋણ પણ આવું તંત્ર ધીમે ધીમે ખીલવવામાં વિસ્મરી શકાય નહિ.

સર પ્રભાશંકર એક વિરલ માનવ વિભૂતિ હતા. વીસ રૂપિયાના કારકુન અને માસ્તરની નોકરીમાંથી પોતાની પ્રતિભાના બળે તેઓ ભાવનગરના દીવાન થયા. મુંબઈ અને દિલ્હી અને છેવટે લંડનની ઉચ્ચ રાજકીય સભાઓના સભ્યપદ સુધી તેઓ પહોંચી શક્યા. રાજ્યવ્યવસ્થા કરવાની અપ્રતિમ શક્તિઓ સાથે આંતરિક ગુણોનો અનેરો સમન્વય તેમના જીવનમાં હતો. ગાંધીજી ૧૯૧૪માં ભારતમાં આવ્યા ત્યારથી તેઓએ તેમની સાથે અતૂટ મૈત્રીસંબંધ જાળવેલો – એવી જ મૈત્રી તેમને બ્રિટિશ અધિકારીઓ સાથે હતી. દાંડીકૂચ વખતે ગાંધીજી સાથે ખભા મિલાવી ચાલવાની નિર્ભયતા તેમણે દાખવેલી અને તેવી જ રીતે Lord Irvinને પણ વારંવાર સલાહ આપી બ્રિટિશ તંત્ર અને ગાંધીજી સાથે સુમેળ કરાવવાનો તેમણે પ્રયત્ન કરેલો.

રાજ્યતંત્રવાહક તરીકેની તેમની પ્રણાલિકા અનોખી જ હતી. તેમાં સત્તાનો ઘમંડ નહોતો. તેમને બારણે સવારથી તે સાંજ સુધી અરજદારોની અખંડ ધારા વહેતી જ હોય; નાનામોટા સૌને શાંતિથી સાંભળે, સૌના પ્રશ્નોનો તરત નિકાલ કરે, ઉચ્ચતમ સત્તાધિકારી હોવા છતાં 'સાહેબ, તમે બંગડી પહેરો બંગડી'–એવું બોલનાર પ્રતિ પણ ક્રોધ કરવાને બદલે 'જેનું હૃદય દુઃખથી દાઝેલું હોય તે જ આવું બોલે' એમ કહી ક્ષમા-દૃષ્ટિથી તેમના પ્રશ્નને ઉકેલી આપે. ગરીબો માટે, વિદ્યાર્થીઓ માટે સાધુ-સંત માટે યુરોપ કે જર્મની કે અમેરિકામાં મુશ્કેલીમાં અટવાયેલા લોકો માટે, નાદારી લેવી પડે એવા વ્યાપારીઓ માટે પટ્ટણીસાહેબ જેવી દાનધારા વિરલ સ્થળે જ નિહાળી શકાય. તા. ૧લીથી ૧૦ સુધીમાં તેમના પગારમાંથી દુઃખી જનોની સહાય માટે કેટલા ચેકો અને મનીઑર્ડરો જતા તે તો તેમના મંત્રીઓ જ જાણે છે. ઘરનો કોઈ નોકર સોનાની સાંકળી ચોરે તો સામા જઈ તેને મુશ્કેલી હશે તેથી ચોર્યું હશે એમ વિચારી તેને પચાસ રૂપિયાની મદદ આપે. આવાં તો અનેક દૃષ્ટાંતો તેમની જિંદગીમાં પગલે પગલે વેરાયેલાં પડ્યાં છે. આવા પ્રસંગોનો સંગ્રહ બહાર પડે તો માનવજાતિને લોકોત્તર માનવતાનો અવનવો પાઠ ભણવા મળે.

તેમની પ્રતિભા સર્વતોમુખી હતી. મહાત્મા ગાંધી સાથે કે ઇંગ્લૅન્ડની વિધાનસભામાં કઠિન રાજકીય પ્રશ્નોનો અનેરી ચકોરતાથી તેઓ નિવેડો સૂચવતા. અખિલ હિંદનાં અનેક દેશી રાજ્યોના પ્રશ્નો અને આંતરિક ઝઘડાઓ તેઓ સુવિધાથી પતાવી શકતા. લાઠીની ૧૧મી સાહિત્ય પરિષદમાં ઉચ્ચ કક્ષાના કલાપંડિતો મુગ્ધ બની જાય તેવું વ્યાખ્યાન તેમણે પ્રમુખ તરીકે આપેલું. ધર્મચર્ચામાં દર્શનશાસ્ત્રીઓને પણ ટૂંકામાં સમજાવી શકે અને નાનાભાઈ જેવા કેળવણીકારોના પણ આદર્શો ઘડે એવી તેમની શક્તિ હતી. બાળકો સાથે બેસી પત્તાંની રમતો રમે; તેમની સાથે ચણીબોર વીણી ખાવા જાય અને ભારતના વાઇરોય અને ઉચ્ચતમ અધિકારીઓ સાથે હાસ્યકલ્લોલ કરતાં ગહન પ્રશ્નો ચર્ચે, તેમને નવી દિશા સુઝાડે.

એક નિષ્ઠાવાન પણ નવનિયુક્ત અધિકારીએ કહ્યું : 'મારા ખાતામાં કામની તાજગી લાવવા થોડા કારકુનોને રજા આપવી પડશે.' પટ્ટણીસાહેબે જવાબ આપ્યો : 'તમારી રજા તેના બહોળા નિર્ધન કુટુંબ ઉપર ન પડે તેટલું જોતા રહેવું.' તે ઉત્સાહી અધિકારીને નવી વિચાર – દૃષ્ટિ સાંપડી-નિર્ણય પલટાવી નાખ્યો. ખેડૂત-કરજ-નિવારણ સમિતિ પણ ભાવનગર રાજ્યે સ્થાપી. જ્યારે બ્રિટિશ સત્તા પૂર્ણ તપતી હતી ત્યારે ભાવનગર રાજ્યની પ્રજાને તેમણે લોકશાહીની તાલીમ આપી. હાસ્યરસથી કહેવાની તેમની વિરલ શૈલી અનેક સિદ્ધાંત-જડ માણસોનો હૃદયપલટો કરતી. એક રાજ્યના દીવાન સાથે સીમાડાના પ્રશ્નોનો કોઈ રીતે ઉકેલ આવતો નહોતો, ત્યાં એક આંખના ડૉક્ટર મળવા આવ્યા. પટ્ટણીસાહેબ કહે : 'ડૉક્ટર, અમારી બન્નેની આંખો અવળી દિશામાં જ જુએ છે તેની કાંઈ દવા છે ?' બન્ને દીવાનો ખડખડ હસ્યા અને પ્રશ્નનો ઉકેલ આવી ગયો. નિર્વૈરતા તેમની એક અનોખી જીવનસિદ્ધિ હતી. શત્રુનાં કૃત્યોને ભૂલી હંમેશાં તેમણે તેમને મુશ્કેલીમાં સહાય આપી છે : કઠોર શત્રુઓને ઘેર તેઓ સામે પગલે જતા, મળતા અને તેમના મુરબ્બીઓને વંદન કરતા. કેટલાક કડક અધિકારીઓ કહેતા કે તેમને ક્રોધ કરતાં – દબડાવતાં – આવડે જ છે ક્યાં ? તેઓ સાત્ત્વિકતાની ઉચ્ચતમ મૂર્તિ હતા. પોતે અનેકને સહાય કરે છતાં તે વ્યક્તિને ખબર પણ ન પડવા દેતા. તેમણે રાજ્યનાં કોઈ મકાન, બાગ કે સંસ્થા ઉપર તેમની હયાતી દરમિયાન પોતાનું નામ રાખવા દીધું નથી, કોઈ સ્થળે પોતાનું પૂતળું મુકાવ્યું નથી. પોતે પૂર્ણ સત્તા ઉપર હતા ત્યારે હિંદના તેમજ યુરોપીય પંડિતોએ તેમની જીવનકથા લખવા માગણી કરેલી છતાં તેમણે તેમ થવા દીધું નથી. તેમના જીવનમાં પદે પદે ઉચ્ચ માનવતા નિર્ઝરતી હતી. તેનું પ્રધાન કારણ હતું તેમની ઈશ્વર ઉપર, ઈશ્વરના ન્યાય અને દયા ઉપર અટલ શ્રદ્ધા. માનવને ઉચ્ચ પંથે પ્રેરે એવું એક વિપુલ પુસ્તક લખાય તેટલા તેમના જીવનપ્રસંગો સિદ્ધ કરે છે કે સર પ્રભાશંકર પટ્ટણી એક રાજર્ષિ જેવા હતા.

**જીવનના સાક્ષાત્ પ્રસંગોમાંથી જન્મેલી કવિતા :**

પટ્ટણીસાહેબના કાવ્યસંગ્રહ 'મિત્ર'ની એક વિશિષ્ટતા એ છે કે તેમના જીવનમાં બનેલા સાક્ષાત્ પ્રસંગોમાંથી જ તે જન્મેલી છે. 'મોહ' એ કાવ્ય નોકરે ઘરમાં ચોરી કરી તે પ્રસંગે લખાયેલું; 'અનુભવ' એ કાવ્યના પ્રેરક એક ક્લેશપ્રિય કુટુંબી હતા; જેમને કાદવમાંથી ઊંચકી ઉચ્ચ સ્થળે ચડાવેલા તેવા માણસોને કૃતઘ્ની નીવડતા નિહાળી 'કેટલાક શ્લોકો' અને 'વૈરાગ્ય', 'હંસલો' વગેરે કાવ્યો લખાયેલાં; 'રમકડાં' ગાંધીજીની સત્યાગ્રહની મુશ્કેલી પ્રસંગે; મહાયુદ્ધ ચાલતું તે વખતે વિલાયત જતાં પટ્ટણીજીને પાર્વતીપ્રસાદ વૈદ્યે પાઠવેલી શુભેચ્છાના ઉત્તરમાં 'ફિકર કરશો નહિ. વ્હાલાં'; 'ભોજ વિક્રમના અવતાર' સ્વાર્થી નેતાઓને નિહાળીને; ખેડૂતોના હક્ક ઉપર અધિકારીઓની તરાપ પડતાં 'બતાવો ઉપાય કો એવો' એ ભવ્ય ભાવનાથી નીતરતું કાવ્ય લખાયેલું; 'રૈયતની રાડ' કોઈ યુરોપીય અધિકારીએ ખેડૂતને હેરાન-પરેશાન કરેલા ત્યારે સ્ફુરેલું; 'એક પ્રાર્થના' પૂજ્ય ગાંધીજીએ પૂનામાં એકવીસ દિવસના ઉપવાસ કરેલા ત્યારે સ્ફુરેલું. પોતાના પુત્ર બટુકભાઈની પોરબંદરમાં ગંભીર માંદગી વખતે ટ્રેઇનમાં જતાં 'ભીડભંજન પ્રાર્થના' લખાયેલું : આવાં બીજાં કાવ્યો સાથે સંકળાયેલા વિવિધ જીવનપ્રસંગોનો ઉલ્લેખ કરી શકાય એમ છે. પરંતુ ટૂંકામાં આ કવિતા શાંતિમાં બેસી કલ્પનાઓ કરતાં કે ઊર્મિઓને કલ્પનાથી જાગ્રત કરી લખાયેલી નથી પણ જીવનમાં સાક્ષાત્ બનેલી ઘટનાઓથી જ પ્રેરાયેલી છે. એટલે જ તેમાં જીવનની સાચી વાસ્તવિકતા છે.

**આ કવિતાની કેટલીક વિશિષ્ટતા :**

કેટલાક પુરુષોનું જીવન નાનું પણ કવિતા મહાન હોય છે તો કેટલાકનું જીવન મહાન પણ કવિતા નાની – પરિમિતિ વૈભવવાળી – હોય છે. Shakespeare, ગોવર્ધનરામ અને ન્હાનાલાલનાં જીવનવર્તુલ પરિમિત પરંતુ તેમની કવિતામાં વિશ્વસ્પંદનોના ધબકાર સંભળાય. સર પ્રભાશંકર પટ્ટણીનું સમગ્ર જીવન વિરાટમાં પગલીઓ માંડતું હતું, પરંતુ તેમની

કવિતાનું વર્તુલ નાનું જ છે. તેમને કવિ થવું નહોતું, કવિ તરીકેનો યશ તેમને જોઈતો નહોતો. જીવનસંઘર્ષના કોઈ કોઈ પ્રસંગે તેમનું કવિહૃદય ઊર્મિઓથી તરલિત થઈ ઊઠતું અને કવિતા-સરવાણીઓ વહેવા માંડતી. બાકી તો રાજ્યતંત્રનાં અનેકવિધ કાર્યોમાં દિનભર અને રાત્રે પણ વ્યાપૃત રહેનાર વ્યક્તિને કવિતાસર્જનનો અવકાશ જ ક્યાંથી સાંપડે ? આ કારણોથી આ કાવ્યસંગ્રહ કવિતાને જ ચરણે પોતાની સમગ્ર શક્તિ અને સમય અર્પનાર કોઈ વ્યક્તિનો નહિ પણ કવિતામાં ક્વચિત્ ક્વચિત્ હૃદય ખોલનાર રાજપુરુષનો છે.

આ કવિતામાં કલાપી કે કાંત જેવાં લાગણીનાં વેગીલાં વહેણો નથી, ન્હાનાલાલ સમાં કલ્પનાનાં ભવ્ય ઉડ્ડયનો નથી, બ. ક. ઠાકોર જેવી અર્થભારે લચી રહેલી ઘન શૈલી નથી, ભાષાવૈભવ, અલંકાર પરંપરાઓ કે શબ્દચમત્કૃતિનાં આકર્ષણો નથી; છતાં તેમની કવિતા આપણા અંતરાત્માને સ્પર્શી શકે છે. તેમાં સરલતા, સચોટતા, નિખાલસતા અને પ્રાસાદિકતા છે. તેનું કાવ્યસંકલન ઘાટીલું અને જીવનવિચારણથી તેની અનેક પંક્તિઓ પ્રેરણાવાહી બની શકે છે. તેની ઊર્મિસંવલિત વિચારસૃષ્ટિ આકર્ષક છે. 'Poetry is inspired by life; poetry reflects life; and poetry guides life to higher ideals.' કવિતા જીવનથી પ્રેરાય છે; કવિતા જીવનનું ચિત્ર રજૂ કરે છે; કવિતા જીવનને ઉદાત્ત આદર્શો તરફ પ્રેરે છે, એ દર્શન પટ્ટણીસાહેબની કવિતાને બરાબર લાગુ પડે છે. કવિતા લખવી તે પ્રમાણમાં સહેલું કાર્ય છે, પરંતુ કવિતા જીવવી તે વિકટ કાર્ય છે. પટ્ટણી સાહેબે જિંદગીભર પોતાની કવિતા જીવી બતાવી છે તે એક અનોખી વિશિષ્ટતા છે. આ કાવ્યોમાં કલ્પનાની આછી જ ઝળક છે. તેની ઊર્મિઓ કૈંક અંશે પ્રશાંત છે. છતાં આપણા હૃદયમાં તે ઊર્મિ-સ્પંદનો જગાવી શકે છે. હૃદયને સ્પર્શી શકે એ જ કવિતાનું ખાસ લક્ષણ – માનવજાતિને કોઈ માંગલ્યની ભૂમિકાએ દોરી જવાની આ કાવ્યોમાં ઉર-ધબક છે. માનવમાંગલ્યનો

પંથ આ કવિતા દાખવી શકે છે એ જ એની સફળતા છે. એ પંથ કેમ દર્શાવાય છે તે હવે જોઈએ.

**માનવ-માંગલ્યની ઊંડી ઉર-ધબક અને વિચારસૃષ્ટિ :**

**(क)**

માનવી માનવતા વાસ્તવિક રીતે કેમ શીખે તે તેમના જીવનનો અને તેમની કવિતાનો પ્રધાન સૂર છે.

*શત્રુઓનું પણ હૃદયથી જે ભલું ઇચ્છનારા,*
*દુઃખી દેખી અવર જનને, દુઃખી જેઓ થનારા.—(પૃ. ૧૯)*
*મારી આખી અવનિ પરની જિંદગાની વિષે મેં,*
*રાખી હોયે મુજ અરિ પરે, દૃષ્ટિ જે રીતની મેં;*
*એવી એ જો મુજ ઉપર તું, રાખશે શ્રી મુરારિ,*
*તોએ તારો અનૃણી થઈને, પાડ માનીશ ભારી. (ઈશને, પૃ. ૩૦)*

આ એમણે જીવી બતાવેલો માનવતાનો આદર્શ.

માનવ-દુઃખો માટેનું તેમનું કારુણ્ય જિંદગીભર સક્રિય વહી રહ્યું છે તેથી જ આવી ઉર-ધબકભરી કવિતા તેઓ સર્જી શક્યા છે.

*જનમન અંદર પેસી શકીને દુઃખમાં ભાગીઓ થાઉં,*
*બની શકે તો શાંતિ કરું નહિ તો અશ્રુએ એને ન્હાઉં,*
*બતાવો ઉપાય કો એવો બનું દુઃખે ભાગીઓ તેવો..... (પૃ. ૬૩)*

ગુજરાતભરમાં વિખ્યાત થયેલું :

*દુઃખી કે દર્દી કે કોઈ ભૂલેલા માર્ગવાળાને,*
*વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી.*
*ગરીબની દાદ સાંભળવા અવરનાં દુઃખને દળવા,*
*તમારાં કર્ણ નેત્રોની ઉઘાડી રાખજો બારી. (પૃ. ૧)*

એમની જિંદગીમાં આ કવિતા સાર્થક થતી સૌ લોકોએ જોઈ હતી અને ઇતર લોકોએ એવી પરોપકારી જિંદગીનું અનુકરણ પણ યથાશક્તિ કરેલું.

*ગરીબનાં દુ:ખમાં રોતાં, અવરનાં પાપને ધોતાં;*
*અમૂલો દેહ પોતાનો પડી જો જાય તો જાઓ.*
*ગરીબની વ્હારમાં ધાતાં, જળે સચ્ચાઈને ન્હાતાં;*
*કદી ઘરબ્હાર લુંટાઈ અમારાં જાય તો જાઓ. (પૃ. ૯)*
*ઉપકાર કરીને મૂક રહે, સામો ઉપકાર ન લેશ ચહે;*
*જે નીડરપણે હિત સ્પષ્ટ કહે તે મારે મન પરમેશ્વર છે. (પૃ. ૪૧)*
*'બે સરખી આંખો રાખો તો પાઠજીવનનો આખો.' (પૃ. ૫૧)*

*

ઉચ્ચ અને સંસ્કારી માનવનું જીવન કેવું હોવું જોઈએ તેનું દર્શન તો તેમની કવિતામાં પદે પદે નિહાળી શકાય છે. માનવીને ઉન્નત બનાવવો તે તેમના જીવનની એક પ્રબળ ઝંખના હતી.

(ख)

સર પટ્ટણીનું વ્યક્તિત્વ આવું લોકોત્તર બન્યું તેનાં બે મુખ્ય કારણો છે. એક તો પરમાત્મા ઉપર અટલ શ્રદ્ધા અને બીજું તે પરમ તત્ત્વની તેમણે સ્વીકારેલી શરણાગતિ. સર પટ્ટણી ભાગવતના અનન્ય ઉપાસક હતા. જગતના વિવિધ ધર્મોનો તેમણે અભ્યાસ કરેલો. અનેક મહાત્માઓનો સંપર્ક સાધેલો અને અનેક સાથે ગૂઢ ધર્મચર્ચાઓ પણ કરેલી. તેમની આધ્યાત્મિક ભૂમિકા અતિ ઉચ્ચ હતી પણ તેમણે તેને નિગૂઢ રાખેલી તેથી આપણે તે વિષે મૌન જ સેવવું ઉચિત છે. તેમના જીવનની સમગ્ર ક્રિયાઓ પ્રભુભાવ સાથે ગાઢ રીતે ગૂંથાયેલી હતી. ઈશ્વર શ્રદ્ધાને તેઓ સફળ જીવનની કુંચી માનતા હતા.

*બધા વળગાડનો દોરો, સહુ આવેશની માત્રા;*
*સ્વરૂપના ભાનની કુંચી, 'પ્રભુભક્તિ' દવાઈ છે. (પૃ. ૭૦)*

*

*પ્રભુથી લગની લાગી, જંજાળ જગતની ત્યાગી રે. (પૃ. ૪૯)*
*હાજરા હજૂર નાથ સાથ મારી રે' છે. (પૃ. ૪૯)*

'ફિકર કરશો નહિ વ્હાલાં' તે કાવ્યમાં સાગર ઉપર હરિહરથી અમારો પથ સુરક્ષિત છે તેમ શ્રદ્ધાપૂર્વક કહે છે.

અને તેમની અનન્ય શરણાગતિ પુત્ર બટુકભાઈની માંદગી પ્રસંગે –

*બટુકના બાપ તો આપ છો હું નથી;*
*રક્ષજો બાળને પ્રેમ આણી. (પૃ. ૧૦૭)*

✳

*અંધારે આંખ મિંચીને, શ્રદ્ધાથી માહરો કર;*
*સોંપું છું ઈશ હું તારા, હાથમાં ચ્હાય તે કર : (પૃ. ૨૬)*

અતિ વિકટ જીવનપ્રસંગોમાં પણ પટ્ટણીસાહેબનું સ્વાસ્થ્ય અડોલ રહેતું તેની ચાવી પણ આ છે :

*જે હાથથી રથ પાર્થનો હાંક્યો હતો બનીને રથી,*
*તે હાથથી આ હાથ મારો ઝાલજો ભવ સારથિ. (પૃ. ૭૧)*
*ઈશ્વરનું નામ એક અતૂટ તુંબડી,*
*રાખો વિશ્વાસ તો તરશો સહી. (પૃ. ૧૧૪)*

જેને પ્રભુ ઉપર અનન્ય શ્રદ્ધા હોય તે જ પ્રભુ સાથે આ વિશ્વક્રમની અનિયમિતતા-અચિંત્યતા જોઈ રોષ પણ કરી શકે છે. તે 'એને ભરોશે ન રહેશો કોઈ'માં જોઈ શકાય છે.

(ग)

પોતે રાજતંત્ર વાહક હતા. તેમના જીવનની ઊંડી વેદના, રાજકર્તાઓ કર્તવ્યપરાયણ પ્રજાપ્રેમી અને વિશુદ્ધ જીવનવાળા રહી ન શકતા, તે હતી. તેથી તેમની વિચારસૃષ્ટિમાં રાજ્યતંત્ર વાહકની ફરજો વિશેનો પણ ભાવભીનો ઉલ્લેખ નિહાળી શકાય છે. 'પ્રભુજીનો કાગળ' (પૃ. ૬૦)માં

*'અંધાની આંખ થઈ રહેજે, પંગુને સ્કંધ પરે લેજે,*
*દીનો માગે તે તે દેજે' પ્રભુજીનો કાગળ આવ્યો છે.*
*'અધિકાર નથી વાપરવાનો નથી એ જૂલ્મીનો પરવાનો*
*સત્તા ભૂમિ સેવાની છે, લોક ખ્યાતિ તો ફાની છે. (પૃ. ૧૩૩)*

અને રૈયતની રાડ પણ તેઓ સાંભળી શકે છે કે :

*જેમ પ્રભુ સંભાળે તમને, અમે માગીએ આપથી એમ—*
*રક્ષનાર નાના નોકરનો ઊલટો અમ પર અદકો ત્રાસ,*
*અમલદાર ફરિયાદ સુણે નહિ આવવા ન દે આપની પાસ.*
*હૃદય અમારાં પ્રભુ બન્યાં છે નાહિંમત ને બહુ હતાશ.*

*

*જે ગરીબની સેવા કરી જનસમૂહ માટે જીવશે,*
*તેનાં રહેશે રાજ્ય બીજાનાં બધાં ચાલ્યાં જશે.*

તેમની એ આગાહી ખરી પડી છે.

સર પટ્ટણી રાજ્યતંત્રમાં સ્પષ્ટ અને સત્યવક્તાઓની મોટી જરૂર છે એમ વારંવાર કહે છે. રાજ્યકર્તાઓને 'બારી ઉઘાડી રાખવા' જોરપૂર્વક પ્રબોધે છે. રાજ્યસત્તા પ્રભુ તરફથી જ પ્રાપ્ત થાય છે માટે તે વિચારપૂર્વક પ્રામાણિકતાથી વાપરવી ઘટે અને ન્યાયથી સત્તા ભોગવનારને માનવીય પ્રપંચો ઉખેડી શકતા નથી એવી તેમની દૃઢ શ્રદ્ધા છે.

*કરે ભોગવે એવો ન્યાય ઈશે કરેલ છે,*
*ઘણાયે મરનારાઓ મર્યા પહેલાં મરેલ છે.*

સત્તાધારીએ રાગદ્વેષથી પર રહેવું ઘટે અને બન્ને આંખો સરખી રાખી સમત્વયોગ સાધવો જોઈએ.

બે સરખી આંખો રાખો તે પાઠ જીવનનો આખો. (પૃ. ૫૧) 'બકો તે ભૂપને વ્હાલા'માં

*ઉપરથી શ્વેત દેખાતા પ્રમાણિક સ્વચ્છ લેખાતા;*
*છૂપીથી માછલાં ખાતા બકો તે ભૂપને વ્હાલા.*
*ખરું હિત સાફ કહેનારા, ધણીનો ભાર વ્હેનારા*
*પડે તે સર્વ રહેનારા, નહીં તે ભૂપને વ્હાલા. (પૃ. ૭૨)*

રાજ્યતંત્રમાં divide and ruleની નીતિ કરતાં unite and be pleased ભાગલા પાડી સત્તા ચલાવવા કરતાં જુદાં જુદાં રાજ્યો વચ્ચે

સુસંપ સ્થાપી આનંદ માણવો તે તેમને વધારે રુચિકર હતું અને Policy of trust is in the long run better than the Policy of mistrust – પ્રજા કે રાજા વચ્ચે અવિશ્વાસ ઊભો કરવા કરતાં વિશ્વાસની નીતિ સરવાળે વધારે સફળ થાય છે. રાજ્યકર્તાઓની ફરજ બને તેટલી પ્રજાને ચૂસી લેવી તે નહિ પણ તેમને પાળવી, પોષવી, ખીલવવી, સંસ્કારી બનાવવી તે છે એમ તેઓ માનતા. આવા બધા સૂરો તો આ કાવ્યસંગ્રહમાં સ્થળે સ્થળે વેરાયેલા પડ્યા જ છે. તેનો વિસ્તારભયથી નિર્દેશ કરતો નથી.

(ઘ)

પટ્ટણીસાહેબ કેવા ઊંડા ફિલસૂફ હતા તે તો તેમના અંગત પરિચયમાં આવેલા જ જાણે છે. 'મિત્ર'માંની થોડી પંક્તિઓ તે વિશદ કરી શકે :

*'શરીર હઠયોગથી માત્ર આધીન બને, મન શરણતા ભજે રાજયોગે;*
*ભક્તિથી સ્થાન આત્માતણું પ્રાપ્ત છે; વ્યાપ્ત માયા શરણ ત્રિગુણયોગે.'*

જીવનનાં સદૈવ પરિવર્તનશીલ દશ્યો નિહાળી બુદ્ધ ભગવાન પેઠે પટ્ટણીજીની કવિતામાં વૈરાગ્યના પણ વેધક સૂરો સાંભળી શકાય :

*'વિંચાય આંખ પછી કાંઈ ન હાય હાય !'*
*'જન્મ લઈને આખર મરવું, ઉદાર થઈને પડે માગવું;*
*ભોગ ભોગવી પડે ત્યાગવું સ્વાદ કહો શું એમાં છે ?'* (પૃ. ૧૫)

પરમાત્માનું મૂળ સ્વરૂપ અવિકારી હોવા છતાં પોતાના ભક્તોને ખાતર તે વિકારી અને સગુણ બને છે તે વૈષ્ણવદષ્ટિ તેમણે પચાવી છે. 'અહં બ્રહ્માસ્મિ'ના વેદાંત સિદ્ધાંતની તેમણે લાક્ષણિક મીમાંસા કરી બતાવી છે :

*હું સઘળે જ્ઞાની જુએ, તું સમજે તે ભક્ત,*
*તેમાં ગોથાં ખાય તે કર્મયોગ આસક્ત.*
*હું દ્રષ્ટા દશ્ય આ બીજું તે દષ્ટિ ભેદબુદ્ધિ છે.*
*દષ્ટિ, દ્રષ્ટવ્ય, દ્રષ્ટાની એકતા જ વિશુદ્ધિ છે.*

મૃત્યુનું સ્વરૂપ પણ સમજવા તેમણે કવિ-પ્રયત્ન કર્યો છે. આ જીવનનાં સુખદુઃખો જેવાં જ સુખદુઃખો મૃત્યુ પછી પણ કર્મ પ્રમાણે પ્રાપ્ત થવાનાં તેમ તેઓ માને છે.

કોઈ કોઈ વાર તેમનો આત્મા અનંતની યાત્રાએ પણ જાણે ઉડ્ડયનો કરે છે.

*સીમા બંધન સીમા રુંધન સીમા રોકણહાર,*
*અમે વિહંગમ ત્રિભુવન કેરાં, ઊડનારાં હદપાર.*

આમ સીમિત બ્રહ્માંડમાંથી નિઃસીમમાં અને બ્રહ્મતત્ત્વમાંથી પર-બ્રહ્મની અનંતતામાં ઊડવાની પ્રશ્નોપનિષદના પિપ્પલાદઋષિ જેવી અને બૃહદારણ્યકના યાજ્ઞવલ્ક્ય જેવી વિશાળ દૃષ્ટિ પણ તેમની કવિતામાં ઝબકી જાય છે.

દિવ્ય ભૂમિમાંથી માનવજીવનની ક્ષાર ભૂમિમાં આવી ચડેલા તેમના ઉચ્ચ આત્માની ઝાંખી કરુણ ભવ્ય ઊર્મિઓથી છલકાતા તેમના 'હંસલા' એ કાવ્યમાં નિહાળી શકાય છે.

પટ્ટણીજીની ફિલસૂફી ભારતીય તત્ત્વજ્ઞાનથી તરબોળ છે. 'કર, ભોગવ', 'દિવાળી' એ બન્ને કાવ્યોમાં વિશ્વમાં પ્રવર્તતો કર્મનો અટલ નિયમ તેમણે સ્પષ્ટ કર્યો છે. દિવાળી આવે ત્યારે વેપારીઓ હિસાબ ચોખ્ખા કરી નાખે; તેમ પરમાત્મા પણ (પ્રારંભમાં ઘણી અતંત્રતા લાગે છતાં) છેવટે પુણ્યશાળીનો વિજય અને પાપી જનોનો વિનાશ એવી જ ઘટના કરે છે. ગમે તેવાં કઠિન કર્મો પણ પ્રભુકૃપા ટાળી શકે તે Doctrine of Graceને તેઓ ખાસ માનતા હતા.

*કોઈ હસે કોઈ કાઢે દિવાળું શામળો દોરી તાણે,*
*દુષ્ટ દુઃખી અંતે થાય છે અને મોજ પ્રમાણિક માણે.*

વર્તમાન યુગના માનવીઓમાં મન, વચન અને કર્મની વિશુદ્ધિ નથી – એકતા નથી એ દૃશ્ય જોઈ તેમને થતી વેદના 'મને એ દુઃખ થાયે છે.' (પૃ. ૧૦૮)માં અભિવ્યક્ત કરી છે.

જીવન એ જ મહાન સાધના છે તે તેમનો જીવનનો મહામંત્ર હતો. મૃત્યુ પહેલાંના દિવસની આગલી રાતે એક વાગ્યા સુધી રાજ્યકાર્યો કરી તેઓ સૂતેલા. ઈશાવાસ્ય ઉપનિષદ અને ભગવદ્ગીતાની કર્મયોગની મૂર્તિમંત ભાવના તેમના જીવનમાં પદે પદે દૃષ્ટિએ પડતી. 'અનુભવની ગોળી' એ કાવ્યમાં Life is an end in itself–જીવન પૂર્ણતાથી જીવવું તે જ મહાન યોગ છે તે વિચાર તેમણે વ્યક્ત કર્યો છે. આમ ફિલસૂફીનાં વિવિધ પાસાંઓને આ કવિતા સ્પર્શે છે.

ઊર્મિ સંવલિત વિચારસૃષ્ટિ આ કવિતાનું એક પ્રધાન તત્ત્વ છે.

અંતમાં જેમનું જીવન નિહાળી મને જીવનદૃષ્ટિ સાંપડી, જેમણે મારું સંસ્કાર-ઘડતર કર્યું તે મહાન વિભૂતિનું યત્કિંચત્ પણ ઋણ અદા કરવાની મને તક આપવા માટે શ્રી બટુકભાઈ પટ્ટણીનો અને શ્રી મહેશભાઈ પટ્ટણીનો હાર્દિક આભાર વ્યક્ત કરું છું.

– રવિશંકર મહાશંકર જોષી

# શીલભદ્ર ફિલસૂફનું કાવ્યમય નીતિગાન

'મિત્ર'નું પ્રથમ પ્રકાશન ઈ. સ. ૧૯૭૦માં થયું, તેના કવિ સર પ્રભાશંકર પટ્ટણીનાં અવસાન* પછી બત્રીસ વર્ષે. વીસમી સદી બેસે તે પહેલાં તો તેઓ કવિપદે આરૂઢ હતા. ગાંધીજીની મૈત્રી અને ભાવનગર રાજ્યનો કારભાર એ બન્ને મૃત્યુપર્યન્ત એમની સાથે રહ્યાં. કવિ હોવું કદાચ પાલવે નહિ તેવો આ મામલો, છતાં સંવેદનબધિર થયા વિના આ શીલભદ્ર ફિલસૂફ કાવ્યગાન આલાપતા રહ્યા અને કવિતાના ઘાટે તે ઘડાતું રહ્યું. વાત નિરાળી લાગે તેવી છે પણ હૃદયંગમ છે. કનૈયાલાલ મુનશી, રામપ્રસાદ બક્ષી અને પ્રોફેસર રવિશંકર જોષીએ 'મિત્ર'ની પ્રથમ આવૃત્તિમાં ઉપોદ્‌ઘાતરૂપ લેખો લખ્યા છે. ચાલીસ વર્ષે તેની આ બીજી આવૃત્તિ થઈ રહી છે ત્યારે આશરે એક સદી પુરાણી તેમાંની કવિતામાંથી અહોભાવમુક્ત રીતે અને વિવેકપૂત ધોરણે પસાર થતાં કેટલુંક નોંધી શકાય તેવું ચોક્કસ હાથવગું બને છે.

કવિતા અને જીવન એકબીજાંથી અલગ ન હોઈ શકે. એમ કહેવું ઠીક ગણાય કે કવિતામાં જીવન ઓતપ્રોત હોય છે. અનુભવ કવિતાનો મળે પણ તેમાંથી જીવનને બાદ ન કરી શકાય. તેનું મૂળ કારણ એ છે કે કવિતાનું માધ્યમ ભાષા છે, અને ભાષા પ્રકૃતિમાંથી નહિ, જીવનમાંથી સિદ્ધ થાય છે. ભાષા જીવનને ઓગાળી દે એ હદે વિકસે તેવો કવિપુરુષાર્થ ઇષ્ટ છે પણ તેવું બનતું નથી. ભલે ભાષાનો નહિ પણ ભાષામાં જીવનનો કલાઘાટ નિપજાવવો જે કવિઓને શ્રેયસ્કર લાગ્યો છે તેમાંના પ્રભાશંકર પટ્ટણી એક છે. અહીં બહુકેન્દ્રી જીવનનું એક સમભાવી અને તટસ્થ સમાલોચકે કરેલું અર્થઘટન સાંપડે છે. કેવળ

* સર પ્રભાશંકર પટ્ટણી : જન્મ તા. ૧૫-૪-૧૮૬૨, અવસાન તા. ૧૬-૨-૧૯૩૮

બોધસ્વરૂપે તે હોત તો તેની પ્રભાવકતા આટલી ન હોત. અહીં કવિતાની લગોલગ તેને લઈ જઈ પદ્યના સુચારુ બંધમાં ઢાળવાનું કવિકર્મ થયું છે તેથી તેની મહત્તા વધી છે. આ કવિ કેવળ નીતિવેત્તા છે તેવું નથી, કાવ્યના કરણોથી પણ તે પરિચિત છે. પ્રાસાદિક લયગતિ અને સુઘટ્ટ છંદબંધમાં ભાષાને પળોટવાની સિદ્ધિ એમને વરેલી છે. સંસ્કૃત, અંગ્રેજી અને ફારસી પરંપરાની કવિતાથી એમની કાવ્યરુચિ ઘડાયેલી છે. 'મિત્ર' એવી સર્જકતાનાં પ્રમાણ આપતો કાવ્યગ્રંથ છે.

નીતિબોધ સામાન્ય રીતે કથાનો વિષય હોય. બહુધા તે ગદ્યમાં ઊતરે. પણ ભર્તૃહરિ જેવાને જેમ પદ્ય માફક આવ્યું તેમ આ કવિ પણ પદ્યના આશ્રયે નીતિબોધની રચનાઓ કરે છે. પરંતુ એ કેવળ નીતિવિષયક બોધક ટીકડીઓ બની જતી નથી. અહીં તો જોઈ શકાય છે કે એક સમાજનિરીક્ષક પોતાની ભાવનાનો પુટ આપી તેને વિચારદ્રવ્યમાંથી હૃદયદ્રવ્યમાં પલટી નાખે છે. સમત્વ અને સમભાવનો અનુભૂતિઆલોક અહીં પંક્તિએ પંક્તિએ ઝળકે છે. કવિકર્મલેખે એને જ ઘટાવીએ તો આવી કાવ્યદ્યુતિ પ્રસારવાનું કાર્ય વિલક્ષણ તો છે જ, અઘરું પણ છે. રાજવહીવટ અને કવિતા બન્ને સામસામા છેડાના. બેમાંથી જ્યારે જે અગ્રેસર રહે તે પરિણામદાયી બને. પણ સર પ્રભાશંકર પટ્ટણીએ રાજવહીવટમાં કવિના સંવિદ્‌ને ખપમાં લીધું અને કવિતામાં રાજવહીવટમાંથી નીપજેલા જીવનધર્મનું રસાયણ ભર્યું. કોઈ ઊંચા આસનેથી અપાતી શિખામણ જેવું એનું સ્વરૂપ હોત તો તેમાં વિશેષ રસ ન પડત. પણ આ નીતિવેત્તા કવિએ કવિતાનું કાઠું સમજી લીધું હતું, એટલે પોતે જે કહેવા ધાર્યું હતું તેને માટે કવિતા જ એમને યોગ્ય લાગી.

ઈ. સ. ૧૮૮૮માં 'સરસ્વતીચંદ્ર'નો પહેલો ભાગ પ્રગટ થાય તે પૂર્વે તો આ કવિની કવિતા લખાવા લાગી હતી. વયમાં પોતાનાથી પાંચ વર્ષ નાના 'કાન્ત', સાત વર્ષ નાના બ. ક. ઠાકોર અને પંદર વર્ષ મોટા ન્હાનાલાલ જેવા મોટા કવિઓની કવિતા પ્રસરી ચૂકી હોય તે સમયગાળામાં એમણે એકેયની કવિતાના સીધા પ્રભાવમાં આવ્યા વગર કાવ્યલેખન કર્યું છે તેનું

અચરજ થાય તેવું છે. તેનું કારણ એ ધારી શકાય કે તેઓએ કાવ્યનાં પરિશીલન માટે સમકાલીન કવિતાને નહિ પરંતુ પરંપરાની કવિતાને વિશેષ સેવી છે. અહીં દેખાતી નીતિબોધની કવિતામાં ભર્તૃહરિની પ્રણાલિનું કે દલપતરામની તેવી કવિતાનું અનુસંધાન દેખાશે. ગઝલ ભાસતી કવિતામાં મણિલાલ નભુભાઈ દ્વિવેદી અને કલાપીનો કિંચિત્ પ્રભાવ વાંચી શકાશે. અમુક લયકારી કે શબ્દચયનમાં ન્હાનાલાલ અને બોટાદકરને ઉકેલી શકાય. પણ એકંદરે કવિતાના ઘાટમાં સરળ અને સ્પષ્ટ બયાન કરવું તેવી સાદી સમજથી આ કવિ પ્રવર્ત્યા છે. તેથી સર્જકતાના કોઈ ઉધામા વગર, સ્વસ્થ શબ્દોમાં એમનું કવિવ્યક્તિત્વ વિલસ્યું છે. પ્રભાશંકર પટ્ટણીનું કાવ્યશાસ્ત્ર ગણો તો તે આટલું છે. ભાષાની ચિત્તહારી ઝડઝમકથી કે પ્રયોગપૂત દુરૂહ પ્રયુક્તિઓથી ભાવકને આંજી નાખવાની કવિછટા એમનામાં નથી. એમની કવિતાનો એમણે કલ્પેલો ભાવક કાવ્યજ્ઞ નહિ પણ સમસંવેદક અને સીધોસાદો સામાજિક છે. તેથી જટિલ કાવ્યવ્યાપારને સ્થાને અહીં સુચારુ અને સહજ અભિવ્યક્તિનું ધોરણ સચવાતું દેખાય છે. સર્જક તરીકેનું કોઈ મોટું આસ્ફાલન તેમાં નથી. પણ એ એમને અભિપ્રેત પણ નથી. તે દૃષ્ટિએ આ રચનાઓમાં પ્રવેશવું યોગ્ય ગણાશે.

સંસ્કૃત કાવ્યપ્રણાલિમાં દૃષ્ટાંત અને અન્યોક્તિના આશ્રયે વાત કરવાનો જે ચાલ છે તેનો આ કવિએ ખાસ્સો લાભ લીધો છે. આ ઉદાહરણ જુઓ :

*'ગોળ ખાય તે ચોકડાં ખમે એ જ છે ન્યાય,*
*જો સુખમાં ખુશ થાય તો દુઃખમાં કાં ન દુખાય ?'*

સમત્વનો મહિમા કરતો જીવનબોધ જતાવવા એમણે ઘોડાનો ઉલ્લેખ કર્યા વિના ઘોડાને પુષ્ટ કરવા માટે ખવડાવાતા ગોળની અને વશ રાખવા માટે તેના મોંમાં ઘાલવામાં આવતા ચોકડાની વાત કરી સુખ-દુઃખ બન્નેનું સહિયારું વજૂદ સ્પષ્ટ કર્યું છે. વાત માણસને લાગુ પાડી છે પણ ઘોડાના દૃષ્ટાંતથી. પોતે રાજકારભારી હોઈ દૃષ્ટાંત પણ પોતાના અનુભવની દુનિયામાંથી આવ્યું છે તેમ અહીં નોંધી શકાય. દૃષ્ટાંતની માફક અહીં

અન્યોક્તિના આશ્રયે પણ જીવનબોધ પ્રગટતો દેખાય છે. એક સંસ્કૃત સુભાષિતનો લગભગ અનુવાદ જ કહી શકાય તેવું આ મુક્તક જુઓ :

*'કાંઈ મળ્યું ન મધુ કેતકી પુષ્પમાંથી,*
*થા મા ઉદાસ અલિ પોતક એટલાથી;*
*બીજો કયો પરમ લાભ ગણાય એથી*
*કે આ રહ્યું શરીર અક્ષત કંટકોથી.'*

ભ્રમરને થતું સંબોધન ખરેખર તો અપ્રાપ્તિથી ઉદ્વિગ્ન એવા કોઈને પણ આશ્વસ્ત કરવા માટે થતું સંબોધન છે. ફૂલનો રસ ન મળ્યો તેનો અફસોસ કરવાને બદલે કાંટા ન વાગ્યા તેનું આશ્વાસન લેવાનું ચીંધતા કવિ જીવનને સંતુલિત રાખતી મીમાંસા આલાપે છે. આમ જુઓ તો આ ઉપદેશ છે. પણ લગીરે બોજ ન લાગે તે રીતે વ્યક્ત થયો છે. બીજી રીતે કહેવું હોય તો કહી શકાય કે તે 'કાન્તાસમ્મિતતયા' વ્યક્ત થાય છે, જેથી તરત ગળે ઊતરી જાય છે. ક્યાંક ઔપમ્ય રચી લઈ કવિ પોતાનું જીવનવિષયક દષ્ટિબિન્દુ આ રીતે આલેખે છે :

*'જોવી જેને નજર ન પડે, વક્ર તાલેવરોની,*
*ખાયે જેઓ ઉદર ભરીને, પંક્તિ દુર્વાંકુરોની;*
*ઠંડાં વારિ નદી-સર તણાં, પી નિરાંતે ભમે છે,*
*તેવી સાદી હરિણશિશુની જિંદગાની ગમે છે.'*

અહીં પણ, સહજ અને સુચારુ ઢબે જીવન વિશેનો અભિલાષ પ્રગટે છે, જે લગીરે ભારઝલ્લો નથી લાગતો. અને તેથી જ જે કહેવું છે તે વાતનું વજૂદ પણ વધે છે. કવિએ ઉચ્ચ રાજપદે રહી મોટાથી લઈ જનસામાન્ય સુધીના કક્ષાભેદે ભિન્નભિન્ન અનુભવો મેળવ્યા છે. ઘણું કરીને આ અનુભવો જ એમનાં કાવ્યોનો વિષય બન્યા છે. જોઈ શકાય છે કે એક અત્યંત ગરવા અને સંવેદનશીલ પરંતુ સ્વસ્થ વિચારપુરુષના ઉદ્દગારો અહીં સહજ પદ્યમાં સરી પડ્યા છે. આજ્ઞા પણ આશિષમાં પલટાઈ જતી હોય તેવો કોઈ કીમિયો એમની પદ્યભાષામાં સમાયેલો છે. જુઓ :

*'સદા રાજી રે'વું અવર જનને રાજી કરવા,*
*બને ત્યાં સુધી તો, જનસમૂહના ક્લેશ હરવા;*
*બચે જે ખાતાં તે, ગરીબ ઉદરાર્થે ખરચવું,*
*કુટુંબી છે આખું અવનિતલ એવું સમજવું.*

'ગંગાનુંય મલિન પાણી તજીએ, તે રાજહંસો અમે' એવી પોતાની ઓળખ આપતા કવિની વ્યક્તિમત્તા પણ નિરાળી છે. ખુમારી કે આતમગૌરવનો એમનો ખ્યાલ એમના વ્યક્તિત્વની ઊંચાઈને ચીંધનારો છે. અશ્વમુખે મુકાયેલી શ્વાનવિષયક આ ઉક્તિમાં કવિ ગૌરવનું કેવું ભાષ્ય કરે છે તે જોઈ શકાશે :

*'તેઓ ભૂપમહેલ અંદર, અમે બાહેર ઘોડારમાં,*
*તેને દૂધ પવાય, ઘાસ અમને નીરાય ખોરાકમાં;*
*તેને કંચનશૃંખલા, પણ અમોને દોરડાં ડોકમાં,*
*તોયે શ્વાન ગણાય એહ, અમને અશ્વો કહે લોકમાં'*

વ્યવહારમાંથી જ જીવનનું સત્ય શોધનારી કવિદષ્ટિનો પરિચય અહીં થશે. ગમે તેવા વૈભવ વચ્ચે હોવા છતાં કૂતરાં કૂતરાં જ કહેવાય તેવો સંકેત અહીં ખરેખર તો અશ્વોની ગૌરવશીલતાનો દ્યોતક બને છે. અહીં જેમ અશ્વની ઉક્તિ છે તેમ બીજા એક મુક્તકમાં બળદની ઉક્તિ છે. તેમાં મનુષ્યને ઉપાલંભ છે.

*'હું કરવા સરજેલ છું, તું લેવા સરજેલ,*
*કરવું બહુ મુશ્કેલ છે, છે ભોગવવું સ્હેલ;*
*બળદ જન્મથી હું અને, મનુજ છતાં તું બેલ,*
*એવું ઈશ્વર આપશે, જેવી નાખીશ ટેલ.'*

કવિનો વિચારપિંડ અનુભવસિદ્ધ છે તેથી તેને અધિકૃતતાની મહોર લાગેલી છે. પણ અહીં આલેખાતો વિચાર કેવળ કોઈ તારતમ્ય પર આવીને અટકી જાય છે તેવું નથી. તેની પાછળ રહેલા એક ભાવુક કવિનો પડછાયો પણ આપણને દેખાય છે. આ વિચારવિહાર ભાવુકતાના પુટથી રસાઈને આવતો હોવાથી પેલી અધિકૃતતા સુપથ્ય બને છે. અને તેથી જ, 'સંસાર

આ સ્વાર્થ તણો સગો છે, મનુષ્યના અંતરમાં દગો છે.' જેવી સીધી સપાટ પંક્તિઓ પણ ઊર્મિલ ભાસે છે.

એક સમાજનિરીક્ષક લેખે કવિને સ્વીકારીએ ત્યારે કવિકર્મના મુદ્દે એમની સર્જકતા સીમિત થઈ ગઈ હોય તેવું કોઈને પણ લાગે. પણ આ કવિએ પોતાના નિરીક્ષણને દર્શન સુધી વિકસાવી કવિ તરીકેની જવાબદારી પાર પાડી છે. સમાજનિરીક્ષણ આત્મનિરીક્ષણ સુધી અને છેવટે આત્મસંસિદ્ધિ સુધી પહોંચે તે પ્રકારની ગતિ અહીં જોઈ શકાય છે. રોજિંદા અનુભવજગતનો સારાસાર વિવેક આલેખતી લેખિની દાર્શનિક અભિવ્યક્તિમાં ઊંચાઈ પકડી લે છે અને પારગામી સત્યનું બયાન કરવા લાગે છે ત્યારે તેમાં વિલક્ષણ કવિસ્વભાવનું ઋત પ્રગટે છે. નીતિવેત્તા એક ફિલસૂફની અદાથી હાજર થાય છે. કેટલીક પંક્તિઓ જુઓ :

*'કાં તો આ સઘળું 'હું' છે, કાં 'તું' છે અથવા જ 'તે',*
*ગમે તે એક છે કિન્તુ બે નથી સત્ય વાત છે;*
*સર્વમાં સરખો 'હું' છે ને 'તું', 'તે' બદલાય છે,*
*સર્વવ્યાપકતા તેથી 'હું' તણી સિદ્ધ થાય છે.'*

*

*'હું' સ્વ 'તું' સ્વ અને 'તે' સ્વ, સર્વ આ સ્વસ્વરૂપ છે,*
*એવું સ્વ બ્રહ્મ છે તેથી સર્વ આ બ્રહ્મરૂપ છે.'*

*

*'હું દ્રષ્ટા દશ્ય આ બીજું, એ દષ્ટિભેદ બુદ્ધિ છે,*
*દષ્ટિ દષ્ટવ્ય દ્રષ્ટાની એકતા જ વિશુદ્ધિ છે.'*

*

*'હું તું તે'ની ત્રિપુટીનું એકત્વ થઈ જાય છે,*
*બ્રહ્મસ્વરૂપ આત્માનું ખરું ત્યારે જ થાય છે.'*

આવી આત્મપ્રતીતિઓના તાત્ત્વિક ઉદ્‌ગારો ક્વચિત્ વ્યવહાર-જગતથી સાવ સામે છેડે જઈ ચૈતસિક પરિપાટીએ વિલસતા દેખાય છે. નીતિબોધના સરળ પાઠમાં ગોઠવાતું પદ્ય સંકુલ અને તત્ત્વાન્વેષી વાર્તિક રૂપે પ્રગટે છે.

પણ, કવિનો સ્વભાવ સરળતાને છાંડી શકતો નથી, તેમ તત્ત્વાન્વેષણને પરહરી પણ શકતો નથી. તેથી ક્યારેક ગઝલની સૂફી અદાયગીમાં તો ક્યારેક ભજનની લયકારીમાં આવી ફિલસૂફીને કવિ તેના અર્થગાંભીર્ય સાથે સરળતાપૂર્વક આલેખે છે.

**'મને મારી ઝૂંપડી અપાવો'**

*

**'શીલ, સંતોષ ને સુખનાં સાદાં વારિએ ન્હવરાવો'**

*

**'વાર કરો મા વિઠ્ઠલા, મારી વ્હારે તો આવો'**

આવા સાદગીભર્યા ઉદ્‌ગારોની ભાવાત્મકતાની પછવાડે ક્યાંક કવિની આપઓળખની અબળખા પડેલી જણાશે તો, કોઈ વાર સૂફિયાના બયાનમાં ખુદ જિંદગીને આપણી સામોસામ બોલતી કરેલી પણ સંભળાશે. જેમ કે :

*'ન લેને કી ખબર કુછ ભી*
*પઢાયા કાજીને 'દે દે'*
*પ્રભુ કા એહી ફતવા હે*
*'તું હી દે દે તું હી દે દે'*

*

*'અગર પુરુષાના હોતી મૈં*
*રહેતી નાજની માફક*
*અગર માશૂક બનતી તો*
*રહેતી માફકે આશક'*

*

*'ઠિકાના કો બદલ દેના*
*દિલોં કી હે મજા વોહી*
*ચૂસે જો દિલ, ઉસી કે પર*
*બહાના આપ કા લોહી'*

કવિ પાસે અભિવ્યક્તિની વૈવિધ્યપૂર્ણ છટાઓ છે. તેઓ ફારસી લિહાઝ દાખવતી ભાષામાં વ્યક્ત થાય છે તો, નિરાળી લોકભાષા અને

લચકાતા લયમાં પણ એમની સહજ ગતિ દેખાય છે. ન્હાનાલાલની કવિતાના કુળને આંબી જતી આ પંક્તિઓ જુઓ :

*'નણદીના વીર હવે આંગણે પધારજો*
*નયણે ચાલ્યાં જાય નીર રે,*

*

*આશાનાં બીજ નાથ ઊંડાં ગણાય છે*
*તોય મારું મનડું અધીર રે.'*

કલાપીથી લોકપ્રિય બનેલી ગઝલની તત્કાલીન આબોહવાને કવિએ આ રીતે ખપમાં લીધી છે :

*'અગર હમ દિલ ચુરાતે હૈં*
*જિગર બદલે મૈં હમ દેતે'*

તો, આ જ છંદમાં કાવ્યભાષાનું બીજું રૂપ કવિ આ રીતે પણ પરિચિત ઉક્તિરૂપે નિપજાવી લે છે :

*'કુપુત્રો થાય છે જગમાં*
*કુમાતા ક્યાંય ના થાયે'*

કવિને ભાવ અને ભાષાનો ઉચિત સમન્વય કરવાનું પણ સહજ છે. સૂફી અંદાઝ દાખવતી તત્ત્વદર્શી કવિતામાં ફારસીની છટા દેખાય છે તો, 'સખી રી ક્યાં કરવી ફરિયાદ' કે, 'પ્રભુજીનો કાગળ આવ્યો છે, એક વૃદ્ધ ફિરસ્તો લાવ્યો છે' જેવી પંક્તિઓમાં પણ ફારસી શબ્દો અત્યંત સહજ લાગે છે તે રીતે આવીને ગોઠવાઈ ગયા છે. મણિલાલ અને 'કલાપી'ની તત્કાલીન ગઝલોના પ્રભાવમાં લખાયેલી ગઝલસ્વરૂપની રચનાઓમાં ઘણે ભાગે ફારસીનો સ્પર્શ મળી આવે છે. જોકે આ રચનાઓ ગુજરાતી ગઝલના પ્રથમ તબક્કાની હોવાને કારણે તેમાં ગઝલના બાહ્ય સ્વરૂપની ચુસ્તી જોવા મળતી નથી. મણિલાલ અને 'કલાપી'ની ગઝલોમાં પણ બહુધા આવું જ બનવા પામ્યું છે.

કવિની વૃત્તો પરની પકડ અત્યંત મજબૂત છે. અક્ષરમેળ અને માત્રામેળ બન્ને પ્રકારના વૃત્તો પર એમનું પ્રભુત્વ છે. મંદાક્રાન્તા, શિખરિણી,

શાર્દૂલવીક્રીડિત, વસંતતિલકા, પૃથ્વી, અનુષ્ટુપ, ઉપજાતિ, સ્વાગતા, શાલિની અને માલિની ઉપરાંત હરિગીત, સોરઠા, દોહરા, સવૈયા, ઝૂલણા અને તોટક જેવાં વૃત્તોનો પ્રભાવક પ્રયોગ આ કવિએ કર્યો છે. કવિતાની આ રૈપિક સિદ્ધિ કવિનું બહુ મોટું જમા પાસું છે. વળી, આ વૃત્તો પ્રયોજવામાં કવિએ ભાગ્યે જ છૂટ લીધી છે, તે જોતાં કહી શકાય કે ભાષાને વૃત્તોમાં ચુસ્તીથી પળોટવાની કવિ તરીકેની જવાબદારી એમણે ઉત્તમ રીતે નિભાવી છે. ભાષાને છંદયોગ્ય ઘાટે ઘડવાનું દાયિત્વ એમણે બરાબર બજાવ્યું છે. કોઈ વાર તો શબ્દો જાણે સ્વયં પોતાનું રૂપ બદલીને વૃત્તોમાં ગોઠવાઈ ગયા હોય તેવું સહજ કવિનું વૃત્તવિધાન છે. થોડા નમૂના :

*'પ્રભુના ખોળામાં પોઢું છું,*
*અમરત્વની **ચદ્દર** ઓઢું છું.'*

✳

*'સુકાઈ આ પ્રણયસૃષ્ટિ ગયો ક્યાં સ્નેહ મે' ઊડી ?*
*બપૈયાની **મુવાફક** હું ફરું છું શોધમાં એની'*

✳

*'તથાપિ લઈ હાથમાં પ્રભુ સુકાન હાંક્યા કરે,*
*મને નજર **આગળે** સબળ દાખલો એ તરે'*

✳

*'તેઓ ભૂપમહેલ અંદર અમે **બાહેર** ઘોડારમાં'*

✳

*'સીમા બંધન સીમા રુંધન સીમા **રોકણહાર,***
*અમે વિહંગમ ત્રિભુવન કેરાં ઊડનારાં હદ પાર'*

કવિમાં બેઠેલો તત્ત્વાન્વેષી જેટલો સ્પષ્ટદ્રષ્ટા છે તેટલો જ પ્રભાવક એમનામાં રહેલો ભાવુક મનુષ્ય પણ છે. આ કવિની વ્યક્તિમત્તા સામસામા છેડાના લાગતા આ બે ધ્રુવોને એકસાથે ઝીલે છે તેમાં એમના કવિપદનું ગૌરવ સમાયું છે. સહૃદય સૌજન્યના પુટથી વ્યવહારબોધનાં સપાટ વિધાનોને ઉગારી લેવાનો કીમિયો કવિએ કરી જાણ્યો છે. આ કવિની કવિતામાં ક્યાંય કવિકર્મનો છાક નથી, આવડતને પ્રગટાવી દેવાના ઉધામા

નથી; પણ એક સ્વસ્થ કહી શકાય તેવો કાવ્યવિવેક છે. એમણે પ્રયોજેલા અલંકારોમાં કોઈ વિફરાટભર્યાં આસ્ફાલનો નથી પણ જનસાધારણના અનુભવજગતની સર્વવિદિત સામગ્રી છે. તેથી સાદગીના લિબાસથી એમની કવિતા ઓપે છે.

એક શીલભદ્ર ફિલસૂફનું કાવ્યમય નીતિગાન સાંભળતા હોઈએ તેવો અનુભવ કરાવતી આ રચનાઓને લગભગ એક સદી થવા આવી છે ત્યારે પણ તે આજના સમયના આપણા સંવિદ્‌ને સ્પર્શે છે તે બાબત તેમાં રહેલા કોઈ સનાતન મૂલ્યની આપણને પ્રતીતિ કરાવે છે.

– વિનોદ જોષી

# બે પ્રાસંગિક કાવ્યો

પ્રભાશંકર અનવરત કાર્યરત રહેવા છતાં તેમનો આજન્મ વિદ્યાપ્રેમ એકધારો છેવટ સુધી જળવાઈ રહ્યો હતો. પોતે કામમાંથી પરવારે ત્યારે જો કોઈ મળવા ન આવ્યું હોય, તો અચૂક કોઈ ગ્રંથના પરિશીલનમાં જ બેઠા હોય. એમની વિશાળ લાઇબ્રેરીનું લગભગ દરેક પુસ્તક, જાતે વાંચીને કરેલી લાલભૂરી લીટીઓ વડે, એમના વિદ્યાનુરાગની સાક્ષી પૂરે છે. અત્યંત વ્યવસાયમાં કાવ્યો લખવાનો સમય તો ન હતો પણ કોઈ ચિત્તવિક્ષેપક પ્રસંગ બને એ વખતે કે તે પછી તરત જો સહેજ નવરાશ મળે તો એ પ્રસંગજન્ય વિચાર કે ભાવને તે પદ્યમાં લખી નાખતા. કોરો કાગળ ન હોય તો હાથમાં જે પુસ્તક હોય તેના પાનાની કે વર્તમાનપત્રની કોરી જગ્યાએ લખી નાખતા. આ રીતે એમણે લખેલાં અનેક કાવ્યોની રચના પાછળના પ્રસંગોમાંથી બે પ્રસંગો અહીં આપ્યા છે.

ભાવનગરના મહારાજા ભાવસિંહજી યુવરાજપદે હતા ત્યારે, ઈ. સ. ૧૮૯૦થી ૧૮૯૩ સુધી રાજકોટમાં રાજકુમાર કૉલેજમાં ભણવા રહેલા. તે વેળા એમની સાથે હરેફરે ને તેમનું કામકાજ કરે તેવા 'કમ્પૅનિયન' (સાથી) તરીકે પ્રભાશંકર નિમાયા હતા. હિંદના દેશી રાજાઓ આપખુદ, ઉડાઉ, વ્યસની અને મૂર્ખ નીવડે છે તેવા ભાવનગરના ભાવિ નરેશ ન બને એ શુભઆશયથી શિસ્તપાલનના અતિ આગ્રહી ને કડક શ્રી ગણપતરામ ત્રવાડી જેવા એમના ટ્યુટર નિમાયા હતા. ભાવસિંહજી પાસેથી સખ્તાઈથી કામ લેવામાં આવતું. તે બાબતમાં એટલે સુધી કહેવાતું કે પોતાના પિતા મહારાજા તખ્તસિંહજી પર ભાવસિંહજી કાગળ લખે તો તે કાગળ ખુલ્લો રાખીને ટ્યુટરને સોંપવો પડે, ટ્યુટર તે કાગળ અવકાશે જોઈ સુધારીને પાછો આપે, ને તે રીતે નવેસરથી લખીને ભાવસિંહજી ફરી એ કાગળ ટ્યુટરને આપે ત્યાર પછી, ટ્યુટરની સંમતિથી એ કાગળ ટપાલમાં જાય. અંગત ખર્ચ માટે રાતી

પાઈ સરખી ભાવસિંહજીને આપવામાં ન આવતી. આવી સ્થિતિમાં બીજાની મુશ્કેલી શી છે તે આપમેળે સમજીને તે દૂર કરવાની વૃત્તિશક્તિવાળા પ્રભાશંકર એમના સાથી હતા, તેથી ભાવસિંહજીને તે 'પોતાના' લાગવા માંડ્યા. પોતા પર જે કડકાઈથી કામ લેવામાં આવતું તેની વાત પ્રભાશંકરભાઈ પાસે કરતાં નવયુવાન ભાવસિંહજીની આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવતાં. થોડા દિવસોમાં જ પ્રભાશંકર વગર ભાવસિંહજીને ન ચાલે તેવી સ્થિતિ આવી. આ વાત ઉપરીઓને પસંદ ન પડી.

પણ તે પછી તુરતમાં જ ભાવસિંહજીને કોલ્હાપુરના યુવરાજના ટ્યુટર, મૈસૂરના રેસિડેન્ટ એસ. એમ. ફ્રેઝર નીચે ભણવા માટે ધારવાડ રહેવાનું થયું. મિ. ફ્રેઝર રાજકુમારોના ટ્યુટર તરીકે ખૂબ આદર પામેલા. વાઇસરોયો, ગવર્નરો વગેરે એમના પ્રત્યે માનથી જોતા અને એમની સૂચનાઓનો બને તેટલો અમલ કરતા તથા દેશી રજવાડાં પાસે કરાવતા. એ ફ્રેઝરસાહેબને પ્રભાશંકરની રહેણીકરણી, વિદ્વત્તા અને કાર્યકુશળતા ખૂબ ગમી ગયાં. આ કારણે પ્રભાશંકરને નોકરીમાંથી રજા દેવાનું તો ન બન્યું. પણ તેમને નાનીમોટી બધી બાબતમાં પરેશાન કરવાનું શરૂ થઈ ગયું. ભાવસિંહજી પ્રભાશંકરને માનથી રાખતા, ફ્રેઝરસાહેબ સાથે ફરવા લઈ જતા ને એકાંતમાં ગોષ્ઠિ કરતા; છતાં આ સ્થિતિ પ્રભાશંકરને રુચતી ન હતી. એક વખત પ્રભાશંકરના મોરબીના બાળમિત્ર હરિલાલ ઝીણાનો તેમના પર પત્ર આવ્યો. એ મિત્રો પરસ્પર પત્રવ્યવહાર પદ્યમાં કરતા. પત્રમાં શ્રી હરિલાલે પૂછેલું :

*'રાજાઓની નિકટ વસવું, સર્વ સમ્માન ખોવું,*
*રંગે ભોગે રમણ કરતાં અંતરે ગુપ્ત રોવું;*
*'હાજી હા'નાં કપટવચને લોક થોકે નમે છે,*
*શું એવી હે સુહૃદ ! તુજને જિંદગાની ગમે છે ?'*

આના ઉત્તરમાં પ્રભાશંકરે લખ્યું :

*'જોવી જેને નજર ન પડે વક્ર તાલેવરોની,*
*ખાયે જેઓ ઉદર ભરીને પંક્તિ દુર્વાંકુરોની,*

*થંડાં વારિ નદી સર તણાં પી નિરાંતે ભમે છે,*
*સાદી તેવી હરિણશિશુની જિંદગાની ગમે છે.'*

આ પછી થોડા વખતમાં મિ. ફ્રેઝરના વાલીપણા નીચે યુવરાજ ભાવસિંહજી રેલવે દ્વારા હિંદની મુસાફરીએ નીકળ્યા. સલૂનમાં એક વખત ઠામવાસણની સંખ્યા ગણતાં એક છાલિયું ઘટ્યું અને હજૂર ખાનગી ખાતાના તત્કાલ ઉપરીએ પોતાના સાગરીતો સાથે તેનો દોષ પ્રભાશંકર પર નાખી ઉમેર્યું : 'યુવરાજને બગાડનાર તથા ગેરવ્યવસ્થા ઊભી કરનાર આ પ્રભાશંકર જ છે.' કાઢવાની ખટપટ હતી જ, તેમાં આવું થવાથી પ્રભાશંકરે રાજીનામું લખી ભાવસિંહજીને બતાવી કહ્યું : 'હું આ દઈને જાઉં છું.'

ભાવસિંહજીને ખેદ થયો. તેમણે પ્રભાશંકરને બહુ સમજાવ્યા પણ માન્યા નહિ ત્યારે ભાવસિંહજીએ મિ. ફ્રેઝરને કહ્યું : 'પ્રભાશંકરને સમજાવીને રોકો.'

ફ્રેઝરે પ્રભાશંકરને કહ્યું : 'હું દીવાન વિઠ્ઠલદાસને લખું. તમને જરાયે મુશ્કેલી નહિ રહે.'

પ્રભાશંકરે કહ્યું : 'મારે એવું કરાવવું નથી. વાંક ન હોય તોયે દોષિત ઠરાવનાર નીચે મારે નોકરી કરવી નથી.' કહી પ્રભાશંકરે વીગત સમજાવી.

ફ્રેઝરે કહ્યું : 'જો એમ છે, તો તમે ભલે છૂટા થાઓ. તમે સારી જગ્યાએ જાઓ ને આગળ આવો તેવી મારી ઉમેદ છે, એટલે હું, ચાલો, તમને મુંબઈના ગવર્નર જે મારા મિત્ર છે તેના પર ભલામણપત્ર આપું; નહિ તો તમે કહો તેના પર ભલામણપત્ર આપું.'

પ્રભાશંકરે કહ્યું, 'આભાર'. 'કેમ, પ્રભાશંકર તો તમે કરશો શું ?' ફ્રેઝરે પૂછ્યું. 'ભાવનગરની નોકરીમાં ન હત તો જે કરત તે.' જવાબ સાંભળી હર્ષના આવેશમાં પ્રભાશંકરના બે હાથ પકડી, હલાવી ફ્રેઝરે કહ્યું, 'વહાલા મિત્ર, હું તમને સુખેથી જવાની રજા આપું છું.'

ને તે રાત્રે મિ. ફ્રેઝરે ઇંગ્લાંડમાં રહેતા પોતાના એક મિત્ર પરના એક પત્રમાં લખ્યું : 'આજે મેં એક સ્વમાની, પોતાની શક્તિનો જાણકાર, ડાહ્યો દેશી માણસ જોયો. તેણે મને જીતી લીધો છે. એવા માણસો જિંદગીમાં

*થંડાં વારિ નદી સર તણાં પી નિરાંતે ભમે છે,*
*સાદી તેવી હરિણશિશુની જિંદગાની ગમે છે.'*

આ પછી થોડા વખતમાં મિ. ફ્રેઝરના વાલીપણા નીચે યુવરાજ ભાવસિંહજી રેલવે દ્વારા હિંદની મુસાફરીએ નીકળ્યા. સલૂનમાં એક વખત ઠામવાસણની સંખ્યા ગણતાં એક છાલિયું ઘટ્યું અને હજૂર ખાનગી ખાતાના તત્કાલ ઉપરીએ પોતાના સાગરીતો સાથે તેનો દોષ પ્રભાશંકર પર નાખી ઉમેર્યું : 'યુવરાજને બગાડનાર તથા ગેરવ્યવસ્થા ઊભી કરનાર આ પ્રભાશંકર જ છે.' કાઢવાની ખટપટ હતી જ, તેમાં આવું થવાથી પ્રભાશંકરે રાજીનામું લખી ભાવસિંહજીને બતાવી કહ્યું : 'હું આ દઈને જાઉં છું.'

ભાવસિંહજીને ખેદ થયો. તેમણે પ્રભાશંકરને બહુ સમજાવ્યા પણ માન્યા નહિ ત્યારે ભાવસિંહજીએ મિ. ફ્રેઝરને કહ્યું : 'પ્રભાશંકરને સમજાવીને રોકો.'

ફ્રેઝરે પ્રભાશંકરને કહ્યું : 'હું દીવાન વિઠ્ઠલદાસને લખું. તમને જરાયે મુશ્કેલી નહિ રહે.'

પ્રભાશંકરે કહ્યું : 'મારે એવું કરાવવું નથી. વાંક ન હોય તોયે દોષિત ઠરાવનાર નીચે મારે નોકરી કરવી નથી.' કહી પ્રભાશંકરે વીગત સમજાવી.

ફ્રેઝરે કહ્યું : 'જો એમ છે, તો તમે ભલે છૂટા થાઓ. તમે સારી જગ્યાએ જાઓ ને આગળ આવો તેવી મારી ઉમેદ છે, એટલે હું, ચાલો, તમને મુંબઈના ગવર્નર જે મારા મિત્ર છે તેના પર ભલામણપત્ર આપું; નહિ તો તમે કહો તેના પર ભલામણપત્ર આપું.'

પ્રભાશંકરે કહ્યું, 'આભાર'. 'કેમ, પ્રભાશંકર તો તમે કરશો શું ?' ફ્રેઝરે પૂછ્યું. 'ભાવનગરની નોકરીમાં ન હત તો જે કરત તે.' જવાબ સાંભળી હર્ષના આવેશમાં પ્રભાશંકરના બે હાથ પકડી, હલાવી ફ્રેઝરે કહ્યું, 'વહાલા મિત્ર, હું તમને સુખેથી જવાની રજા આપું છું.'

ને તે રાત્રે મિ. ફ્રેઝરે ઇંગ્લાંડમાં રહેતા પોતાના એક મિત્ર પરના એક પત્રમાં લખ્યું : 'આજે મેં એક સ્વમાની, પોતાની શક્તિનો જાણકાર, ડાહ્યો દેશી માણસ જોયો. તેણે મને જીતી લીધો છે. એવા માણસો જિંદગીમાં

ક્યારેક જ જોવા મળે છે. એ છે ભાવનગરના મિ. પ્રભાશંકર, જે, મને ખાતરી છે કે ખૂબ આગળ આવશે.'

અને એ પછી આઠ વર્ષે વાઇસરૉય લૉર્ડ કર્ઝને પોતાના સેક્રેટરીને પૂછેલું : 'કોણ છે આ પ્રભાશંકર કે જે બ્રિટન અને હિંદના ઇતિહાસ તથા રાજકારણને ઊંડું સમજે છે અને દેશીરાજ્યોની સલામતી સાથે હિંદની પ્રજાની આબાદીની વાત આટલી હિંમતથી સરકારને સ્પષ્ટ કહે છે ?'

તેના આઇરિશ સેક્રેટરી મિ. ગોબેએ કહ્યું : 'એ છે ભાવનગરના મિ. પટ્ટણી કે જેને વિષે મિ. ફ્રેઝરે મારા મિત્રને આઠ વર્ષ પર લખેલું.'

એ રાજીનામું આપી પ્રભાશંકર છૂટા થયા ને કવિતા લખી :

*ઉચ્છિષ્ટાન્ન ન ખાઈએ નવ રહીએ બંધને કોઈને,*
*છોડી માનસનીરને ન વસીએ સ્વર્ગે ભલે હોયને;*
*સ્નેહી સાથે સુનમ્ર ધૂર્ત બકને જેનું ન માથું નમે,*
*ગંગાનુંય મલિન પાણી તજીએ તે રાજહંસો અમે.*
*ધોળા બેય સમાન ધૂર્ત બગલા ને રાજહંસો ભલે,*
*ચાલે બેઉ સમાન ધીમી ગતિથી, નીતિજ્ઞ પેઠે ભલે;*
*મત્સ્યોથી ઉદરો ભરાય બકનાં, ખાબોચિયાંમાં રમે,*
*ગંગાનુંય મલિન પાણી તજીએ તે રાજહંસો અમે.*

✳

એ વાત પછીનો લગભગ દશ બાર વર્ષનો આ બીજો પ્રસંગ છે.

પ્રભાશંકર પાસે વડીલોપાર્જિત કંઈ ધન હતું નહિ. તેમનાં લગ્ન મોરબીના રાજવૈદ વિશ્વનાથનાં પુત્રી રમાબહેન વેરે થયેલાં. હજૂર સેક્રેટરીના હોદ્દા પરથી પ્રભાશંકર દીવાનપદે આવ્યા પછી થોડા વખતમાં એક વાર ડિસ્ટ્રિક્ટમાં ગયેલા ત્યારે પાછળથી તેમના બંગલામાં ચોરી થઈ અને રમાબહેનની ઘરેણાંની પેટી ચોરાઈ ગઈ. રમાબહેન ઘણાં ઉદ્વિગ્ન થઈ ગયાં. પોલીસ-તપાસ શરૂ થઈ. પ્રભાશંકરભાઈના બંગલામાં કામ કરનાર એક નોકર પર શંકા જવાથી પોલીસ તેને લઈ ગઈ. તે નોકરની સ્ત્રી પણ રમાબહેન પાસે કામ કરતી.

વખતે દિવસે સવારે પ્રભાશંકરભાઈ ડિસ્ટ્રિક્ટમાંથી પાછા આવ્યા ને ઘોડાગાડીમાંથી ઊતરે તે પહેલાં જ પેલી બાઈએ આવી પગ પકડી રોવું શરૂ કર્યું. પ્રભાશંકરભાઈએ કારણ પૂછતાં જણાવ્યું કે બંગલામાં ચોરી થવાથી, શંકા પરથી પોલીસ તેના ધણીને લઈ ગયા છે ને માર મારે છે. આમ કહી તેને છોડાવવા અરજી કરી.

ત્યાં તો રમાબહેન પણ આવી ગયાં. તેમણે જણાવ્યું કે 'પોલીસને જો કામ કરવા ન દઈએ તો કદાચ ઘરેણાં પાછાં ન આવે.'

પ્રભાશંકરભાઈએ કહ્યું : 'જેમ તમને મારી, તેમ આ બાઈને તેના પતિની ચિંતા રહે જ ને ? આપણા કારણે તેને દુઃખ ન પડે તે આપણે જોવું જોઈએ.' આમ કહી પ્રભાશંકરભાઈએ એ જ વખતે પકડેલા માણસને છૂટો કરી તુરંત અનંતવાડી (પોતાને બંગલે) પહોંચતો કરવા પોલીસ-ઉપરી ઉપર ચિઠ્ઠી લખી અને પોતે આવેલા તે ગાડીના ગાડીવાનને જ તે ચિઠ્ઠી આપી ગાડીમાં રવાના કર્યો, ને પોતે માણસની રાહ જોતા પહેર્યે કપડે ત્યાં પોર્ચમાં જ બેઠા.

પોલીસ-ઉપરી પેલા માણસને લઈ આવ્યા. પ્રભાશંકરભાઈએ તેમને કહ્યું : 'બંગલામાં ચોરી થઈ છે ને પોતાનાં ઘરેણાં ગયાં તેથી શ્રીમતી પટ્ટણીને દુઃખ થાય છે. તમે ચોરી શોધી કાઢવા મહેનત કરો છો, પણ મારે જણાવવું છે કે અમને કોઈના પર વહેમ નથી. બીજું : મારા ઘરમાં રહેનાર કોઈ માણસ ચોર હોય જ નહિ. આ ઘરમાં કામ કરનાર માણસ કોઈ નોકર નથી પણ મારા હાથ-પગ છે. હાથ-પગ કોઈ દિવસ ચોર ન હોય. એટલે તમે આને અત્યારે છૂટો કરી દ્યો. ઘરેણાં ન જડે તો કંઈ નહીં. મને મારો માણસ પાછો મળી જવો જોઈએ.

'હા જી.' કહી પોલીસ અધિકારીએ આજ્ઞા માથે ચડાવી.

પ્રભાશંકરભાઈએ પેલા માણસને કહ્યું : 'તમે ઘરમાં છતાં ચોરી થઈ તેથી પોલીસને વહેમ આવ્યો; પણ મને વહેમ નથી. તમે બંને જણાં મારા ઘરનાં જ માણસો છો; તો જેમ કામ કરતાં 'તાં તેમ જ કરજો. મારે ઊલટું

તમને વધારે જવાબદારી સોંપવી છે.' કહી પોતાનાં કપડાં ઉતારી પાકીટ સહિત એ જ વખતે સાચવવા આપ્યાં.

આઠ દિવસ પછી એક દિવસ સવારે પ્રભાશંકરભાઈ તથા રમાબહેન બહાર બાગમાં બેઠાં હતાં ત્યાં પેલો માણસ પેલી ઘરેણાંની પેટી લાવી તેમના પગમાં મૂકી રોઈ પડ્યો ને કહ્યું : 'તમે તો દયાળુ છો, પણ મારાથી આ ખમાતું નથી. મને પાછો પોલીસને સોંપી દ્યો ને સજા કરો.'

પ્રભાશંકરભાઈએ કહ્યું : 'ભગવાન દયાળુ છે. એ કોઈને સજા નથી કરતા, પણ દરેકને સારા થવાની તક એ આપ્યા કરે છે. તમે એ તકનો લાભ લઈ લો.' પ્રભાશંકરભાઈએ તે માણસને એ વખતે રૂપિયા એકસો તથા તેની સ્ત્રીને ત્રણ કપડાં ઇનામમાં આપ્યાં. આ પછી વર્ષો સુધી એ બંને માણસો અનંતવાડીમાં કામ કરતાં રહ્યાં.

આ પ્રસંગે પોતે ચિઠ્ઠી લખી ગાડીવાનને રવાના કર્યા પછી પોર્ચમાં સાવ એકલા બેસી પેલા માણસની રાહ જોતા હતા ત્યારે પ્રભાશંકરભાઈએ કાગળની કાપલી પર નીચેની લીટી લખી નાખી :

*જે ચીજો કે વસુવિભવથી લોકને મોહ થાય,*
*ને જે મોહ હૃદય જનનાં પાપ માટે તણાય,*
*તે પૈસો કે વિભવ અમને સ્વપ્નમાંયે હશો મા,*
*એવાં હોયે સુકૃત કદી તો સુકૃતોયે થશો મા.*

– મુકુન્દરાય વિ. પારાશર્ય

# સર પ્રભાશંકર પટ્ટણી

જે દેશપરદેશમાં પ્રતિષ્ઠા પામ્યા; જેણે રાજ્યનીતિજ્ઞોમાં સન્માન અને સદ્દ્ભાવ મેળવ્યાં; બ્રિટિશ સલ્તનતનાં વિશ્વાસ અને માન જેણે મેળવ્યાં; જે નાનપણથી જ ગાંધીજીના વિશ્વાસુ મિત્ર અને અંતે ભક્ત હતા – તે પટ્ટણીજીએ ભાવનગર માટે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું હતું અને તેમની લગભગ ૫૦ વર્ષની કારકિર્દી દરમિયાન ભાવનગરને એક નાના રાજ્યમાંથી પ્રખ્યાત અને મોટા રાજ્યોની હરોળમાં ગૌરવભર્યા સ્થાન ઉપર પહોંચાડ્યું હતું.

પટ્ટણીજીનો જન્મ ઈ. સ. ૧૮૬૨માં એક ગરીબ કુટુંબમાં થયેલો. અમારા વડવાઓ કથાવાચન કરી કુટુંબનિર્વાહ કરતા. પટ્ટણીજી સગાં-સંબંધીઓને ત્યાં રહી રાજકોટની નિશાળમાં ભણેલા. ત્યાં તેમને ગાંધીજી સાથે મૈત્રી થઈ. આ બન્નેની મૈત્રી જીવન પર્યંત ટકી રહી. એક હિન્દની સરકાર સામે ઝઝૂમતા નેતા–બીજા દેશી રાજ્યના અને અંગ્રેજ સરકારના નોકર. એ બન્નેની મૈત્રી આખા હિન્દના ક્રાન્તિકાળમાં અડગ જળવાઈ રહી એટલું જ નહીં પણ વધારે ગાઢ બની, તે એક અદ્વિતીય વસ્તુ છે.

પટ્ટણીજી મૅટ્રિક સુધી ભણ્યા હતા. મૅટ્રિક પછી મુંબઈમાં મેડિકલ અભ્યાસ માટે પ્રયાસ કરેલ પણ લથડતી તબિયતને અંગે મુંબઈ છોડવું પડ્યું. તબિયત બગડતાં અને ક્ષયનો વહેમ જતાં દેશમાં ચાલ્યા આવ્યા, પછી જુદે જુદે સ્થળે નોકરીની શોધ કરી. દરમિયાન સૌરાષ્ટ્રના પ્રખર વૈદ્યરાજ ઝંડુ ભટ્ટજીના ભાઈ મણિભાઈની પુત્રી સાથે લગ્ન થયાં. કમનસીબે લગ્ન પછી થોડા વખતમાં જ તેમનાં પત્ની ગુજરી ગયાં અને ઝંડુ ભટ્ટજીના બીજા ભાઈ મોરબીના રાજ્યવૈદ્ય વિશ્વનાથ વિઠ્ઠલજીનાં પુત્રી રમાબહેન સાથે લગ્ન થયાં. રમાબાએ લગભગ ૫૦ વર્ષ સુધી પટ્ટણીજીનું ઘર ચલાવ્યું.

બીજાં લગ્ન પછીની એક વાત છે. પોતે ભણવાનું છોડી સગાં-સંબંધીઓને ત્યાં જ રહેતા, નોકરી હજી મળી ન હતી. તેમાં એક દિવસ

જે ઘેર રહેતા હતા ત્યાં તેમણે પટ્ટણીકુટુંબને મહેણું લાગે એવું વાક્ય સાંભળ્યું અને તરત બધું છોડી પોતે પોતાનું બધું કરી લેવાનો નિશ્ચય કરી રમાબા પાસે ગયા અને કહ્યું કે હું ઘર છોડું છું. મારું શું થશે તે ખબર નથી. હું તને કાંઈ આપી શકું તેમ નથી. પણ તારું પોષણ કરવું એ મારો ધર્મ છે અને ફરજ છે, માટે તને પૂછું છું. મારી સાથે આવવું છે ? કે તારા બાપને ઘેર મૂકતો જાઉં ? રમાબાએ તેવી જ મક્કમતાથી કહ્યું કે મારું સ્થાન તમારી સાથે જ છે – જે તમારું થશે તે મારું થશે. અને બન્ને નીકળી પડ્યાં. તેમણે મોરબીમાં, દેવગઢબારિયામાં, ધારવાડમાં એમ નોકરીઓ કરેલી.

ભાવનગર સાથે એમનો સંબંધ થયેલો ના. તખ્તસિંહજી મહારાજના વખતમાં. ભાવસિંહજી મહારાજ રાજકોટની રાજકુમાર કૉલેજમાં ભણતા ત્યારે તેમની પાસે તેમને શિક્ષક-સાથી (tutor-companion) તરીકે રાખવામાં આવેલા. એ વખતે બન્ને વચ્ચે બહુ ગાઢ મૈત્રી બંધાઈ. પણ સંજોગવશાત્ પટ્ટણીસાહેબે ભાવનગર છોડ્યું – પછી ?

તખ્તસિંહજી મહારાજ દેવ થયા (ઈ.સ. ૧૮૯૬) ત્યારે પટ્ટણીજી એક બપોરે ભાવનગર સ્ટેશને ઊતરી ભાવસિંહજી મહારાજ પાસે આવ્યા અને ખેદ કર્યો. ભવિષ્ય માટે શુભેચ્છાઓ દેખાડી અને રજા લીધી – ત્યાં તો ભાવિએ સુકાન ફેરવ્યું. પગથિયા ઉપર રજા લેતા હતા ત્યાં એક તારવાળો તાર લાવ્યો, ભાવસિંહજી મહારાજે એ વાંચ્યો – અને લાલ થઈ ગયા. પટ્ટણીજીના હાથમાં તાર મૂક્યો – સલાહ માગી. બ્રિટિશ સરકારનો તાર હતો. જ્યાં સુધી સરકાર તરફથી વિધિસરની સંમતિ (Official confirmation) ન આવે ત્યાં સુધી ભાવસિંહજી મહારાજે રાજકાજમાં ભાગ લેવો નહીં એ ભાવાર્થ હતો. રાજ્યવંશ–રજપૂત લોહી–યુવાનીની ઝમક–પછી ગુસ્સો કેમ અટકે ? એ વખતે તેમને શાંત પાડ્યા, કહ્યું : રાજ્યના બાહોશ તથા અનુભવી એવા દીવાનસાહેબને અને બીજા કાર્યવાહકોને બોલાવી તેમને એ તાર સુપરત કરવો અને જૂની પ્રણાલિકા પ્રમાણે રાજ્યનું કામકાજ, વહીવટ ચાલુ રાખવા કહેવું. વળી સલાહ આપી કે મામલો પાટા પર લાવવાનો ભાર જે અત્યાર સુધી રાજ્યધુરા વહેતા આવ્યા તેમની ઉપર નાખવો આમ

પટ્ટણીસાહેબે કહ્યું. મહારાજે તે પ્રમાણે કર્યું – પણ પટ્ટણીજીને કહ્યું કે, 'તમારે મારી પાસે રહેવાનું છે. તમે હવે ભાવનગર છોડશો નહીં.' ત્યારથી પટ્ટણીજી ભાવનગરમાં કાયમ થયા. કારકુન–સેક્રેટરી–પછી દીવાન. તાર જો પાંચ મિનિટ મોડો આવ્યો હોત તો પટ્ટણીજી આ રીતે આ રાજ્યમાં ન હોત.

ભાવનગરમાં દીવાનગીરી દરમિયાન બંદરની ખિલવણી થઈ. નાનું બંદર મોટું થયું. ડ્રેજરો ચાલી ચાલી ખાડી ઊંડી થઈ. વેપાર વધ્યો સાથે સાથે રેલવે લાઇનો વધી; રસ્તા વધ્યા; દારૂબંધી થઈ, ભાવનગરમાં ધારાસભાનાં પણ મંડાણ થયાં.

બંદરનો વેપાર વધતો જોઈ સરકારે વિરમગામ ઉપર લાઈનદોરી નાખી. ભાવનગરના બંદરી હકો વિષે સરકાર સાથે કરારો હતા કે ભાવનગરે સરકારી હિસાબે બંદર ઉપર આયાત વેરો (Customs duty) લેવો અને સરકારે ભાવનગરથી આવતા માલને બ્રિટિશ હદમાં છૂટથી દાખલ થવા દેવો. આ કરાર છતાં વિરમગામ ઉપર લાઈનદોરી નાખી. તે લડતના કાગળો છેક લંડન પહોંચ્યા ત્યારે જ તેનો છેડો આવ્યો અને પટ્ટણીજીએ તૈયાર કરેલ ભાવનગરનો 'કેસ' સફળતા પામ્યો.

પટ્ટણીજીની દીવાનગીરી દરમિયાન સખત દુષ્કાળ આવેલ ત્યારે ઘોડા ઉપર અને ચાલતાં, એમ કરીને રોજ ૪૦થી ૫૦ માઈલ રાહતકાર્યમાં ફરતા.

સમય જતાં વળી પાછો ભાવનગર છોડવાનો પ્રસંગ ઊભો થયો. તે વખતે ભાવનગર મુંબઈ નીચે હતું. ત્યાં ગવર્નરની કાઉન્સિલમાં તેમની નિમણૂક થઈ. ભાવનગર છોડવું તેમાં જ લાભ છે તેમ ભાવસિંહજી મહારાજનું અનુમોદન મળતાં તે મુંબઈ ગયા. ત્યાંથી વાઇસરૉયની કાઉન્સિલમાં દિલ્હી નિમણૂક થઈ અને ત્યાંથી વિલાયત સેક્રેટરી ઑફ સ્ટેટ ફૉર ઇન્ડિયા – એમની કાઉન્સિલમાં ગયા.

પોતે ત્યાં હતા એ સમયની વાત છે. પહેલું મહાયુદ્ધ પૂરું થયું અને સંધિ થઈ. પહેલી વાર બિસ્માર્કના વખતમાં જ્યારે જર્મનીએ ફ્રાન્સને હરાવ્યું ત્યારે જે સંધિ થયેલ તે વરસાઈની સંધિ (treaty of Verssailes) તરીકે ઇતિહાસમાં પ્રખ્યાત છે. ૧૯૧૪-૧૮ના યુદ્ધમાં જર્મનીની હાર પછી જે સંધિ

થઈ તેના કાગળ સહી કરવા હારેલા જર્મનોના પ્રતિનિધિઓ પાસે મૂકતાં ફ્રાન્સના વડા પ્રધાન ક્લેમેન્સો મહેણું મારતા હોય તેમ બોલ્યા : 'Gentlemen. I give you the second treaty of Verssailes.' (પહેલી, ૧૮૭૧ની.)

ભારતમંત્રી મોંટેગ્યુ જ્યારે ફ્રાન્સથી પાછા આવ્યા ત્યારે તેમણે આ વાત પોતાને કાઉન્સિલના સભ્યોને કહી અને પૂછ્યું : 'જર્મનોના મનમાં આ સાંભળી શું શું થયું હશે ?' કોઈ કાંઈ બોલ્યું નહીં પણ પટ્ટણીજીએ કહ્યું : 'Wait for the third' અને મોંટેગ્યુ બોલી ઊઠ્યા 'Exactly Pattani ! that is exactly what I thought' વેરભાવથી વેર જ ઊપજે છે એમ પોતે માનતા માટે એ સંધિની દુર્ઘટનાની વાતથી એમને દુઃખ થયેલું. પોતે કોઈ દિવસ વેરદૃષ્ટિ રાખી શક્યા જ ન હતા અને તે એમની કવિતામાં છે :

*મારી આખી અવની પરની જિંદગાની વિષે મેં*
*રાખી હોયે મુજ અરિ પરે દૃષ્ટિ જે રીતની મેં,*
*એવી એ જો મુજ ઉપર તું રાખશે શ્રી મુરારિ*
*તો એ તારો અનૃણી થઈને પાડ માનીશ ભારી.*

ઈશ્વરની પાસે આમ જે માગી શકે તેનું હૃદય કેવું હોય ?

(૨)

તેમને હિન્દુસ્તાનના એક પ્રાંતનું રાજ્યપાલત્વ (Governorship) આપવાની વાત ઇંગ્લૅન્ડમાં થઈ અને ભાવિએ ફરી સુકાન ફેરવ્યું : ભાવસિંહજી મહારાજ દેવ થયા (ઈ.સ. ૧૯૧૯) અને તેમનાં નાનાં બાળકો અંગ્રેજોના હાથમાં ગયાં. ભાવનગરની પ્રજાના તારો વિલાયત ગયા અને ભાવનગરનું અને બાળમહારાજનું ધ્યાન રાખવા પ્રજાએ પટ્ટણીજીની માગણી કરી. પટ્ટણીજીને પૂછવામાં આવ્યું કે પોતે શું પસંદ કરશે. ભાવનગર તરફ અને ભવસિંહજીનાં બાળકો તરફ પોતાની ઊભી થતી ફરજો તો તે સમજતા જ હતા. એમણે ભાવનગરની પ્રજાની માગણી તરફ અને ભાવસિંહજી મહારાજનાં બાળકો તરફ નજર કરી અને રાજ્યપાલત્વ નહિ

પણ ભાવનગર સ્વીકાર્યું ત્યારથી એમની સ્થિતિ ભાવનગરમાં સરકારી નોકર તરીકેની થઈ.

આ વહીવટ દરમિયાન પોતે સરકાર સામે બાળમહારાજા માટે લડ્યા; કૉંગ્રેસ સાથે મૈત્રી ધરાવતા હતા માટે લડ્યા, ગાંધીજીની મૈત્રી ખાતર લડ્યા. મહારાજને વહેલી ગાદી અપાવવા લડ્યા. પરન્તુ આ તરફ રાજ્યમાં બંદર વધારે ખીલ્યું, રેલવે વધી, રાજ્યની આવક વધી.

અહીં બાળમહારાજા માટે લડ્યા ત્યારનો એક પ્રસંગ ટાંકું : વાત-વાતમાં પટ્ટણીજીએ મુંબઈ સરકારને કહેલું કે 'ભાવનગરની પ્રજાની મરજી વિરુદ્ધ બાળમહારાજાને પરાણે વિલાયત લઈ જશો તો તેમની ટ્રેઇનના પાટા ઉપર છેક વઢવાણ સુધી આખું ભાવનગર આડું સૂતું હશે; અને તે દિ' એન્જિનના પૈડા પાસે પહેલું મારું માથું હશે અને – હું આમ કરું એવો માણસ છું.'

છેવટે, મહારાજાને Harrow પબ્લિક સ્કૂલમાં જવા જેવડા થાય ત્યારે મોકલવા અને તે પણ ત્રણ વર્ષ માટે જ એટલું સ્વીકારી, કાંઈક ઢીલું મૂક્યું.

સગીર વહીવટ દરમિયાન પટ્ટણીજીને ગાંધીજી અને કૉંગ્રેસ સાથે ગાઢ સંબંધ હતો તે માટે સરકારમાંથી બે ત્રણ વખત સખ્તાઈભર્યા કાગળો આવેલા અને પોતે બાળમહારાજને અને આખા રાજ્યને આ સંબંધથી નુકસાન કરે છે વગેરે કહેવામાં આવેલું. આ સામે પણ પોતે લડેલા અને વાત રાજીનામા ઉપર આવી ગયેલી. આ વાત તેમણે ગાંધીજીને કોઈ દિવસ કરી ન હતી – પોતે જ લડી લીધું હતું.

બ્રિટનના રાજા ઘવાયેલા જર્મનોને જોવા રુગ્ણાલયમાં (ઇસ્પિતાલમાં) જાય છે – એ તો દુશ્મનો રહ્યા – તો પછી પોતે ઘાયલ સત્યાગ્રહીઓને, પોતાના જ માણસોને જોવા ઇસ્પિતાલમાં જાય તે કેમ ખોટું ? લાઠીમારથી પીડાતાઓને પોતે જોવા ગયેલા તેમાંથી ઊભી થતી મુશ્કેલી વખતે આ રીતે લડેલા, અંતે જીત્યા હતા.

ગાંધીજી સાથેની મૈત્રી અને તેમને હોંશથી ભાવનગરમાં આપેલા સન્માન (સામે તેડવા ગયેલા, ગાંધીજીના પ્રમુખપણા નીચે ભરાયેલી

પરિષદમાં ભાગ લીધો વગેરે) માટે તો જબ્બર લડાઈ થયેલી – રાજીનામા ઉપર વાત આવી અને છેવટે સરકારે તેમનામાં પૂર્ણ વિશ્વાસ છે એમ ખાતરી આપી ત્યારે જ જંપ્યા.

ગાંધીજી Round Table Conferenceમાં જઈ શકે તેવી સ્થિતિ વાઇસરૉયની પાસે કરાવી તે પટ્ટણીજીનો પ્રતાપ.

ના. કૃષ્ણકુમારસિંહજી મહારાજાના વખતમાં ખેડુકરજ નિવારણનું કામ જે પાર પાડ્યું તે આખા હિન્દુસ્તાનમાં પ્રથમ ભાવનગર રાજ્યમાં થયું. ગ્રામપંચાયતો અને સરકારી મંડળો સ્થાપવાની ઝુંબેશ પણ ભાવનગર રાજ્યમાં શરૂ કરી.

આમ મેં એમના કાર્યની થોડી રૂપરેખા દોરી. હવે થોડાક પ્રસંગો :

૧. અમે બાળકો જમવા બેસતા ત્યારે ઘણી વાર દાદા અમારી સાથે બેસતા અને જુદી જુદી વાતો કરતા. એક દિવસ તેમણે કહ્યું : 'બોલો છોકરાઓ, માણસમાં અને જાવનરમાં ફેર શું ?' કોઈએ આ કહ્યું, અને કોઈએ તે કહ્યું – તેટલામાં રસોઇયો રોટલી લાવ્યો. અમે નિશાળિયા એટલે અમે નિયમ કરેલ કે સૌએ વારા પ્રમાણે રોટલી લેવી, જેથી સમયસર સૌને સરખી મળે. તે પ્રમાણે જેનો વારો ન હતો તે સૌએ ના પાડી અને વારાવાળાને અપાવી. દાદા આ જોતા હતા. પછી પોતાની થાળીમાં પડેલ રોટલી ફળિયામાં ઊભેલ બે ત્રણ કૂતરાં વચ્ચે ફેંકી. ત્યાં તો થઈ મારામારી અને દાદા બોલ્યા, 'જોયો માણસ અને જાનવર વચ્ચેનો ફેર ?'

આ અમને હજી સાંભરે છે.

૨. એક વખત એક માણસ દાદાને ઘણું કહી ગયો. ગુસ્સો ચડે એમ વર્તી ગયો. જોનાર સાંભળનાર ગુસ્સે થાય એવું વર્તન હતું – પણ તે બધું ટાઢે કોઠે સાંભળી લીધું. એ ગયા પછી મેં પૂછ્યું, 'આપને એવાની પર ગુસ્સો કેમ નથી આવતો ?'

દાદા : 'રસ્તા ઉપર કોઈ માણસ લંગડાતો ચાલતો હોય તો તને ગુસ્સો આવે છે ખરો કે ઈ, આમ લંગડો કેમ ચાલે છે ?'

હું : 'પણ એ તો પગે લંગડો હોય તેનું શું થાય ?'

દાદા : 'આ મગજનો લંગડો છે એનું શું કરવું ?'

૩. મર્હૂમ ના. ભાવસિંહજીને ઘોડેસવારીનો અને ઘોડાગાડી ચલાવવાનો બહુ શોખ હતો. સવારે લગભગ પાંચ વાગ્યે ઘણી વાર ગાડીમાં ફરવા જતા અને ગાડી પોતે જ ચલાવતા. મોટે ભાગે પટ્ટણીસાહેબને સાથે લઈ જતા.

એક વખત બન્ને જણા ગાડીમાં જતા હતા ત્યાં ઘોડા ચમક્યા અને ભાગ્યા. મહારાજે ઘણા પ્રયાસ કર્યા પણ એ કાબૂમાં ન આવ્યા. મહારાજે જોરથી લગામ ખેંચી અને ઘોડા તોફાનમાં આડાઅવળું જોર કરવા લાગ્યા. ગાડી ઊંધી પડત, પણ પટ્ટણીસાહેબે તરત લગામ પોતાના હાથમાં લઈ લીધી અને સાવ ઢીલી મૂકી દીધી. દોડવા દીધા. સ્વેચ્છાએ દોડવાની સગવડ મળતાં ઘોડા રસ્તાની વચ્ચે જ દોડતા રહ્યા અને થાક્યા ત્યારે આપોઆપ ઊભા રહ્યા. પછી પટ્ટણીસાહેબે ભાવસિંહજી મહારાજને કહ્યું કે હવે આપ નીચે ઊતરી ઘોડાઓને ગળે હાથ ફેરવો અને થાબડો. તેમણે એ પ્રમાણે કર્યું. પછી તો મહારાજ ગાડી પાછી નીલમબાગ આસાનીથી લઈ આવ્યા. ભયંકર અકસ્માત થતો આમ અટકી ગયો.

૪. કૃષ્ણકુમારસિંહ મહારાજ નાના હતા ત્યારે એમના અંગ્રેજ શિક્ષકે શિખામણ આપી કે હિન્દુ ધર્મમાં મૂર્તિપૂજા છે તે ખોટું છે. મૂર્તિમાં દેવ કેમ હોય ? આ વાત તેમણે દાદાને કરી એટલે દાદા બોલ્યા, 'હું કાલે આપના ભણવાના સમયે વર્ગમાં આવીશ.' એ પ્રમાણે બીજે દિવસે ત્યાં ગયા અને મૂર્તિપૂજાની વાત કાઢી. ભાવસિંહજી મહારાજનો ફોટો દેખાડી કહ્યું. આ ફોટો ઉતારી તેને જોડો મારો. બાળમહારાજ જોઈ રહ્યા, એટલે પૂછ્યું 'કેમ કરતા નથી ?' મહારાજ : 'એ તો બાપુજી છે. એમ કેમ કરાય ?' પટ્ટણીજી : 'ત્યારે આ સ્લેટમાં મારું નામ લખો.' મહારાજે લખ્યું એટલે પટ્ટણીજીએ કહ્યું : 'હવે તેની ઉપર થૂંકો.'

મહારાજ : 'તમારા નામ પર કેમ થૂંકાય ?'

પટ્ટણીજી : 'આપ આ માણસોની મૂર્તિનું અપમાન કરતાં જે કારણે અચકાઓ છો, તે કારણે આપણે ઈશ્વરની મૂર્તિને પૂજીએ છીએ. બાકી

ખ્રિસ્તી લોકો પણ તેમના દેવની છબી ટાંગે છે. અને ક્રોસ દોરે છે ! એ પાઠ બાળમહારાજ કદી ભૂલ્યા નહીં, અને જે સાહેબ આ સાંભળતા હતા તેમણે ફરી એકે વાર મૂર્તિપૂજા વિષે ચર્ચા કરી નહીં.'

૫. પોતે મસુરીમાં અતિશય બીમાર હતા. ખાટલામાં અર્ધનિદ્રામાં સૂતા હતા, રસોડામાં પત્ની રમાબા તેમને માટે ગરમ પાણી કરતાં હતાં. નિદ્રામાં તેમણે પોતાના ખાટલા પાસે કોઈ એક કાળા કપડાથી આંખો ઢંકાયેલ એવો માણસ જોયો; અને બોલી ઊઠ્યા : 'What do you want ?' માણસ : 'My master wants you.' દાદા : 'Who are you ?' માણસ : 'Death' દાદાએ રાડ પાડીને કહ્યું : 'Go and tell your master he refuses to come.' અને બેઠા થઈ ગયા. 'રમા, રમા' કરીને બાને બોલાવ્યાં. માણસ ગૂમ થઈ ગયો. પોતે બધી વાત બાને કરી. તે દિવસથી તેમની તબિયત સારી થવા લાગી.

દાદાના જીવનમાં ઘણા નાનામોટા ચમત્કારો બન્યા હતા. ઘણી માણસાઈની અને મોટાઈની જાણવા જેવી વાતો છે. તે તો હવે ક્યારેક બીજી વાર.

કૃષ્ણમહારાજને ગાદી સોંપી પોતે નિવૃત્ત થયા, પણ મહારાજે તેમને ફરી વાર રાજ્યમાં નીમ્યા.

છેવટે સરકારે ફરી ભાવનગરના બંદર ઉપર તરાપ મારી તેનો આઘાત એમને બહુ થયો. ૧૯૩૭માં રમાબા ગુજરી ગયાં. તેની એકલતા પણ બહુ લાગી. એ અમને કહેતા કે 'તારી બા સ્વર્ગમાં અમારે માટે જગ્યા ગોતે છે. એ મળી રહેશે એટલે મને બોલાવી લેશે.'

અને ખરેખર બરાબર બાની વર્ષીનું ભાગવત પૂરું સાંભળી બીજે દિવસે તેમણે શિહોરમાં દેહત્યાગ કર્યો. તે તો ગયા પણ ભાવનગર છે. તેને કેવું કરવું તે પ્રજાના હાથમાં છે. એ પ્રજા ઉપરનો તેમનો વહાલ તેમની 'પારેવડાં'ની કવિતામાં છે.

**– મહેશ અનંતરાય પટ્ટણી**

# પ્રકાશકના બે બોલ

૧૯૬૨માં મારા દાદાની જન્મશતાબ્દી વખતે તેમની આ કવિતાઓનો સંગ્રહ તેમના સ્મરણાર્થે પ્રસિદ્ધ કરવાનો વિચાર હતો, પણ અનિવાર્ય વિઘ્નોએ મને તે ન કરવા દીધું. દાદા પૂ. ગાંધીજીના અનન્ય મિત્ર અને ભક્ત હતા અને ગાંધીજીએ તેમને પોતાના એક અતિ-વિશ્વાસપાત્ર મિત્ર અને સલાહકાર તરીકે સ્થાન આપ્યું હતું, એટલે ગયે વર્ષે ગાંધી શતાબ્દી વર્ષમાં પ્રસિદ્ધ કરવા પ્રયાસ કર્યો. પણ તેમાં સફળ ન થયો, પણ હવે છેવટે આ સંગ્રહ બહાર પડે છે, તે વિષે થોડુંક જ કહેવાનું  છે.

દાદા નિરાંતે બેસી કોઈ વિષય ઉપર વિચાર કરી કવિતા બનાવતા નહીં. તેમનાં કાવ્યો તો માત્ર કંઈ અનુભવ થતાં, લાગણી થતાં, સ્વયંભૂ સ્ફુરી નીકળતાં અને જે કાંઈ કાગળિયું પાસે હોય તેની ઉપર લખી નાખતા.

આ કાવ્યો હું નિશાળમાં ભણતો ત્યારથી ગોતી ગોતી ભેગાં  કરતો અને પાછળથી જ્યારે 'દેશી રાજ્ય'ના અને પછી 'ભાવનગર સમાચાર'ના તંત્રી શ્રી જયન્તિલાલ મોરારજી મહેતા ભાવનગર આવી રહ્યા ત્યારે તેમણે મારો સંગ્રહ લઈ, પોતાથી બનતાં પોતે ભેગાં કર્યાં.

બધાં કાવ્યો પાછળ કંઈ કંઈ પ્રસંગો છે પણ બધા પ્રસંગો પ્રાપ્ત થયા નથી – કેટલાક જે મળ્યા તે કાવ્ય નીચે ટાંકેલ છે. પણ કોઈ વ્યક્તિનાં નામ જાણીજોઈને નથી આપ્યાં. એક કાવ્ય 'કાંઈ મળ્યું ન મધુ કેતકી પુષ્પમાંથી' એ જ્યારે જૂનાગઢ રાજ્યના દીવાન શ્રી રાયજીભાઈએ ત્યાંથી છૂટું થવું પડ્યું ત્યારે તે દાદાએ તેમને લખી મોકલ્યાનું સાંભળ્યું છે – અને તે હવે અત્યારે કહેવામાં વાંધો નથી.

આ કાવ્યો ઉપર નામ કે મથાળાં નહોતાં એટલે અહીં નથી રાખ્યાં. પણ સહેલાઈથી શોધી શકાય માટે કાવ્યોના વિષય ઉપરથી નામ આપી અનુક્રમણિકા બનાવી છે.

મૂળ કાવ્યો દાદાના હસ્તાક્ષરમાં મારી પાસે નથી, પણ શ્રી જયંતિલાલભાઈએ તે મને મેળવી આપવા વચન આપ્યું છે, પણ તે દરમિયાન આ પુસ્તક મેં છપાવી નાખ્યું છે એટલે કાંઈ માત્રા કે શબ્દોમાં ભૂલ હોય તો મારી છે.

આ સંગ્રહને બહાર પાડવામાં મને ઘણાની મદદ મળી છે – તેમાં ખાસ કરીને શ્રી કનૈયાલાલ મુનશીજીએ પોતાની તબિયતમાં પણ પ્રસ્તાવના લખવાનો શ્રમ લીધો તેને માટે તેમનો ખાસ ઋણી છું. શ્રી રામપ્રસાદભાઈએ પોતાના વ્યવસાયી જીવનમાંથી સમય મેળવી વિવેચન લખી આપ્યું એટલું જ નહિ પણ જે ઉત્સુકતાથી મારી આ અરજ સ્વીકારી લીધી, તેમજ પ્રો. રવિશંકર જોષીએ ગુરુવાત્સલ્યથી આ તેના જૂના શિષ્યની માગણી સ્વીકારી તે માટે તે બન્નેનો આભારી છું અને શ્રી રવિશંકર સં. ભટ્ટનો તેમની સલાહ માટે અને પ્રોત્સાહન માટે આભાર માનું છું. બીજા ભાઈઓમાં ખાસ કરી શ્રી મુકુંદભાઈ પારાશર્ય, શ્રી પ્રબોધભાઈ અને શ્રી પ્રમોદભાઈ માણેકલાલ ભટ્ટ અને શ્રી જયંતિલાલ મોરારજી મહેતાનો પણ આભાર માનું છું. તદ્ઉપરાંત અમદાવાદમાં કુમાર કાર્યાલયમાં અવારનવાર જતા રહેવામાં અને છપામણીનું કામ થતું હોય તેની દેખરેખ રાખવાનું માથે ઉપાડી લઈ, જાતમહેનતથી મારો બોજો પોતે ઉપાડી લઈ ભાઈશ્રી ભૂપતરાય ભક્તિપ્રસાદ વૈદ્ય અને શ્રી જગદીશભાઈ લક્ષ્મીનારાયણ વૈદ્ય એટલા મદદરૂપ થયા છે કે તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે અને છેવટ, અવારનવાર આવતી બીમારીની તકલીફ હોવા છતાં અને બીજી ઘણી ઔદ્યોગિક મુશ્કેલીઓ આવ્યા છતાં અંગત રીતે ધ્યાન આપી શ્રી બચુભાઈ રાવતે કુમાર કાર્યાલયમાં આ પ્રકાશનનું કામ આટલી સુંદર રીતે પાર પાડી આપ્યું તે માટે તેમનો પણ આભાર માનું છું.

**– મહેશ અનંતરાય પટ્ટણી**

**(૧૯૭૦માં પ્રકાશિત થયેલા આ સંગ્રહના પ્રકાશક)**

# અનુક્રમ


| | પૃષ્ઠાંક |
|---|---|
| અર્પણ | ૩ |
| પ્રસ્તાવના | ૪ |
| નિવેદન | ૬ |
| ઉઘાડી બારી | ૭ |
| ઉપોદ્ઘાત | ૧૭ |
| શીલભદ્ર ફિલસૂફ... | ૨૯ |
| બે પ્રાસંગિક કાવ્યો | ૩૯ |
| સર પ્રભાશંકર પટ્ટણી | ૪૫ |
| પ્રકાશકના બે બોલ | ૫૩ |

કાવ્યાંક

| | | |
|---|---|---|
| ૧. | ઉઘાડી રાખજો બારી | ૩ |
| ૨. | સંતોષ | ૪ |
| ૩. | મોહ | ૫ |
| ૪. | કેતકી અને ભમર | ૬ |
| ૫. | ઉદયાસ્ત | ૬ |
| ૬. | સુજનતા | ૭ |
| ૭. | જુદાઈ | ૭ |
| ૮. | પૃથ્વીનું અધિપતિપણું | ૮ |
| ૯. | અવનિ તલ | ૯ |
| ૧૦. | વ્હેમ | ૯ |
| ૧૧. | સત્ય હિમ્મત | ૧૦ |
| ૧૨. | કદી જો જાય તો જાઓ | ૧૧ |
| ૧૩. | તે રાજહંસો અમે | ૧૨ |
| ૧૪. | શ્વાન-અશ્વ-અન્યોક્તિ | ૧૩ |
| ૧૫. | ભલે પૃથ્વી ફાટે | ૧૩ |
| ૧૬. | એક અનુભવ | ૧૪ |
| ૧૭. | બળદની અરજ | ૧૭ |
| ૧૮. | નાવિક | ૧૯ |
| ૧૯. | કેટલાક શ્લોકો (૧૯થી૨૫) | ૨૧ |
| ૨૬. | વિચાય આંખ પછી | ૨૫ |
| ૨૭. | સ્વાદ | ૨૭ |
| ૨૮. | સ્વાર્થ | ૨૮ |
| ૨૯. | શ્રદ્ધા | ૨૮ |
| ૩૦. | મારી ઝૂંપડી | ૨૯ |
| ૩૧. | માગી લીઓ જે ગમે તે | ૩૦ |
| ૩૨. | ઈશને | ૩૨ |
| ૩૩. | એક પ્રાસંગિક કાવ્ય | ૩૩ |
| ૩૪. | 'હું-તું-તે' | ૩૪ |

૩૫. પરિવર્તન યોગ ૩૮
૩૬. મૃત્યનું સ્વરૂપ ૩૯
૩૭. અશ્રુ ક્યાં ગયું ? ૪૦
૩૮. એ મારે મન પરમેશ્વર છે. ૪૨
૩૯. ફિકર કરશો નહીં વ્હાલાં ૪૪
૪૦. જગત સહજ સ્વર્ગ થઈ જાય ૪૮
૪૧. ઉપકાર વૃત્તિ ૪૯
૪૨. સ્કાઉટગીત ૪૯
૪૩. મુરલી ૫૦
૪૪. અંતર ધૂણી ૫૧
૪૫. ત્રિલોક સ્વામી ૫૧
૪૬. રામ-રાવણ ૫૨
૪૭. બે સરખી આંખો રાખો ૫૩
૪૮. શાંતિ ને સાદ ૫૫
૪૯. જીવડો ૫૬
૫૦. ખેંચ લીયા સો દે દે તૂંને ૫૭
૫૧. પારેવડાં ૫૮
૫૨. ભોજ-વિક્રમના અવતાર ૫૯
૫૩. જિંદગીનો સરવાળો ૫૯
૫૪. ભક્ત વિશ્વાસ ૬૦
૫૫. રાજા પ્રજા ૬૦
૫૬. કૃષ્ણ ૬૧
૫૭. ભૂતદયા ૬૧
૫૮. પ્રભુજીનો કાગળ ૬૨
૫૯. સખીરી ક્યાં કરવી ફરિયાદ ૬૪
૬૦. બતાવો ઉપાય કો એવો ૬૫
૬૧. એને ભરોસે ન રહેશો ૬૮
૬૨. તરો ને તરાવી લીઓ ૬૯
૬૩. અશ્રુનું બિંદુ ૭૦
૬૪. એ દવાઈ છે ૭૧
૬૫. એક પ્રાર્થના ૭૩
૬૬. બકા તે ભૂપને વાલા ૭૪
૬૭. જીવ ૭૪
૬૮. સંબંધ નથી સચવાવાનો ૭૫
૬૯. હું અને તું ૭૫
૭૦. પ્રાસ્તાવિક શ્લોકો ૭૬
૭૧. સીમા ૭૮
૭૨. નણદીના વીર ૮૦
૭૩. કરજદારી ભરી દેવી ૮૧
૭૪. કાયદા વો હૈ ૮૩
૭૫. તું હીં દે દે ૮૪
૭૬. એટલું એ ક્યાં ? ૮૬
૭૭. હંસલો ૮૮
૭૮. સૂમ અને દાતાર ૮૯
૭૯. અમોને ઝૂંપડી વાલી ૮૯
૮૦. આત્મભોગ વ્યવહાર ૯૦
૮૧. દિવાળી ૯૧
૮૨. 'જગાડોમાં' ૯૨
૮૩. રૈયતની રા'ડ ૯૪
૮૪. 'હું અને મારો ભક્ત' ૯૫
૮૫. 'કર, ભોગવ' ૯૬
૮૬. નિસ્પૃહતા ૯૭
૮૭. ત્રિગુણ યોગ ૯૮
૮૮. મનોરથ ૯૯

| | | |
|---|---|---|
| ૮૯. | શરીર-સંરક્ષણ | ૧૦૫ |
| ૯૦. | રસ્તો ન લેશો કદી | ૧૦૭ |
| ૯૧. | ગરીબની સેવા | ૧૦૮ |
| ૯૨. | ભીડભંજન પ્રાર્થના | ૧૦૯ |
| ૯૩. | મને એ દુઃખ થાય છે | ૧૧૦ |
| ૯૪. | અભિલાષા | ૧૧૧ |
| ૯૫. | અમરત્વની ચદ્દર | ૧૧૧ |
| ૯૬. | ફરું છું શોધમાં એની | ૧૧૨ |
| ૯૭. | યુવાન થઈ જાવું છે. | ૧૧૪ |
| ૯૮. | અધિકાર | ૧૧૫ |
| ૯૯. | અતૂટ તુંબડી | ૧૧૬ |
| ૧૦૦. | પ્રાસ્તાવિક | ૧૧૭ |
| ૧૦૧. | તે હરિ | ૧૨૦ |
| ૧૦૨. | પ્રભુકૃપા | ૧૨૧ |
| ૧૦૩. | આભ ફાટ્યું | ૧૨૨ |
| ૧૦૪. | રામ પ્રતિ સીતાનાં વચનો | ૧૨૩ |
| ૧૦૫. | અનુભવની ગોળી | ૧૨૫ |
| ૧૦૬. | ને બોલાણું કાંઈ | ૧૨૭ |
| ૧૦૭. | એક મહારાજા વિના | ૧૨૮ |
| ૧૦૮. | સહનતા | ૧૨૯ |
| ૧૦૯. | નવીન વર્ષ | ૧૨૯ |
| ૧૧૦. | પ્રાસ્તાવિક | ૧૩૦ |
| ૧૧૧. | પરવાર શું | ૧૩૦ |
| ૧૧૨. | ખાયે, ન આપે અવરને | ૧૩૦ |
| ૧૧૩. | ગરીબને માટે મરે | ૧૩૧ |
| ૧૧૪. | હ્દયથી આપનારાને | ૧૩૨ |
| ૧૧૫. | થોરની વાડ | ૧૩૨ |
| ૧૧૬. | વૃક્ષનો પોકાર | ૧૩૩ |


**પૂ. ગાંધીજીને લગતાં કાવ્યો**


| | | |
|---|---|---|
| ૧૧૭. | રમકડાં | ૧૩૫ |
| ૧૧૮. | ખાદી | ૧૩૭ |
| ૧૧૯. | ગોપીનાથજીને પ્રાર્થના | ૧૩૮ |
| ૧૨૦. | એ નહિ બને | ૧૪૦ |
| ૧૨૧. | ગાંધીના ચરખા | ૧૪૧ |
| ૧૨૨. | લક્ષ્મીજીનો પત્ર | ૧૪૩ |
| ૧૨૩. | શાંતિ રાખો | ૧૪૫ |
| ૧૨૪. | યરોડા | ૧૪૬ |


*

## મિત્ર

•

સર પ્રભાશંકર પટ્ટણી

૧

# ઉઘાડી રાખજો બારી

દુઃખી કે દર્દી કે કોઈ ભૂલેલા માર્ગવાળાને,
વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી.

ગરીબની દાદ સાંભળવા, અવરનાં દુઃખને દળવા,
તમારાં કર્ણ નેત્રોની ઉઘાડી રાખજો બારી.

પ્રણયનો વાયરો વાવા, કુછંદી દુષ્ટ વા જાવા,
તમારાં શુદ્ધ હૃદયોની ઉઘાડી રાખજો બારી.

થયેલાં દુષ્ટ કર્મોના છૂટા જંજીરથી થાવા,
જરા સત્કર્મની નાની, ઉઘાડી રાખજો બારી.

## ૨

# સંતોષ

**મંદાક્રાન્તા**

જોવી જેને નજર ન પડે, વક્ર તાલેવરોની,×
ખાયે જેઓ ઉદર ભરીને, પંક્તિ દૂર્વાંકુરોની;
ઠંડાં વારિ નદી-સર તણાં, પી નિરાંતે ભમે છે,
તેવી સાદી હરિણશિશુની, જિંદગાની ગમે છે.

---

* પોતાની પદવીના વૈભવ અંગે એક મિત્રે કટાક્ષ કરતો પ્રશ્ન કાવ્યના રૂપમાં પૂછેલો તેના જવાબમાં આ કવિતા લખી મોકલી હતી અને શ્રી રામભાઈ બક્ષીએ આ પ્રસંગનો નિર્દેશ તેમના વિવેચનમાં કર્યો છે.

## ૩

# મોહ

જે ચીજો કે વસુ વિભવથી લોકને મોહ થાય,*
ને જે મોહે હૃદય જનનાં પાપ માટે તણાય;
એ પૈસો કે વિભવ અમને સ્વપ્નમાંએ હશો મા,
એવાં હોયે સુકૃત કદી તો, સુકૃતોએ થશો મા.

---

* શ્રી પટ્ટણીજીના એક નોકરે ચોરી કરેલી ત્યારે તેને માફી આપી પોલીસ પાસેથી છોડાવ્યો એટલું જ નહિ પણ તેના ઘરની ગરીબાઈની વિગત મેળવી સામેથી આર્થિક મદદ કરી અને તે વખતે આ કવિતા તેમને સ્ફુરેલી તે એક ન્યુઝપેપરના હાંસિયામાં લખી કાઢેલી. આ અંગેનો "બે પ્રાસંગિક કાવ્યો" શીર્ષકવાળો મુકુન્દરાય વિ. પારાશર્યનો લેખ આ સંગ્રહમાં આપ્યો છે.

## ૮

# પૃથ્વીનું અધિપતિપણું

**મંદાક્રાન્તા**

પૃથ્વી કેરું અધિપતિપણું બાદશાહો કરે છે,
લૂંટી લોકો કર લઈ ભલે ને તિજોરી ભરે છે;
શિક્ષા દે છે મરણ સુધીની એ બધું છે અધૂરું,
જો ના થાયે ગરીબ જનના પેટનું એક પૂરું.

૯

## અવનિ તલ

### શિખરિણી

સદા રાજી રે'વું, અવર જનને રાજી કરવા,
બને ત્યાં સુધી તો, જનસમૂહના ક્લેશ હરવા;
બચે જે ખાતાં તે, ગરીબ ઉદરાર્થે ખરચવું,
કુટુંબી છે આખું, અવનિ તલ એવું સમજવું.

✦ ✦ ✦

૧૦

## વ્હેમ

### અનુષ્ટુપ

સત્ય વિશ્વાસનો વ્હેમ, વધસ્તંભ ગણાય છે,
ઘણા દિવસનો ગાઢો, જ્યાં સંબંધ હણાય છે.
શું કર્યું શુભ મેં આજ, એમ રોજ વિચારવું;
લઈ આયુષ્યનો ભાગ, રવિને અસ્ત છે થવું.

૧૧

# સત્ય હિમ્મત

ગઝલ

અમે મસ્તાન વેરાગી, નહીં સંસારના રાગી;
જગતના બાદશાહોની, અમારે શી પડી પરવા ?

કરેલાં પાપની માફી, પ્રભુથી ચાહતા હોયે;
કરે તે વિશ્વબંધુની, ભલેને રાત દી પરવા.

અમે તો સત્યની ધારે, પરાણે મોક્ષ લેવાના;
પછી શી કાર્ય કારણના, નિયંતાની પડી પરવા ?

પિયાવો પ્રેમનો મોટો, ભર્યો સંસાર આ આખો;
પછી શું એકદેશીય, પ્રિયાના પ્રેમની પરવા ?

વિશાળી દષ્ટિએ જોતાં, બધું બ્રહ્માંડ હુંમય આ;
પછી ત્યાં કોણની કોણે, ઘટે છે રાખવી પરવા ?

કરું તો સર્વની કરવી, કરું ના તો ન કોઈની;
વિચારી વાત એ સાધ્યો, અમે તો મંત્ર 'બેપરવા'.

૧૨

# કદી જો જાય તો જાઓ

અરિ ઉપકારને માટે, પ્રભુના નામને સાટે,
અમારી જિંદગાની આ, કદી જો જાય તો જાઓ.

ખરચતાં આપતાં દેતાં, સુખોમાં રાખતાં રે'તાં;
કદી ધન માલ ખર્ચાઈ, ભલેને જાય તો જાઓ.

ગરીબના દુઃખમાં રોતાં, અવરનાં પાપને ધોતાં,
અમૂલો દેહ પોતાનો, પડી જો જાય તો જાઓ.

ગરીબની વ્હારમાં ધાતાં, જળે સચ્ચાઈને ન્હાતાં;
કદી ઘરબાર લૂંટાઈ, અમારાં જાય તો જાઓ.

અમારી ટેકને ગાતાં, બતાવેલે પથે જાતાં,
પ્રભુએ ખાસ રિસાઈ, ભલેને જાય તો જાઓ.

પ્રભુની જ્યાં નથી પરવા, બીજાની હોય શું કરવા ?
હવે ક્યાં દેહ છે ધરવા, પડી આ જાય તો જાઓ.

અમારી એક દૃષ્ટિ છે, ઘડી તે એક સૃષ્ટિ છે;
સ્વભાવે ચાલતાં રસ્તો, તજાઈ જાય તો જાઓ.

## ૧૩

# તે રાજહંસો અમે

### શાર્દૂલવિક્રીડિત

ઉચ્છિષ્ટાન્ન ન ખાઈએ નવ રહીએ બંધને કોઈને,
છોડી માનતડાગને ન વસીએ, સ્વર્ગે ભલે હોયને;

સ્નેહી સાથ સુનમ્ર ધૂર્ત બકને, જેનું ન માથું નમે,
ગંગાનું ય મલિન પાણી તજીએ, તે રાજહંસો અમે.

ધોળા બેય સમાન, ધૂર્ત બગલા ને રાજહંસો ભલે,
ચાલે બેય સમાન ધીમી ગતિથી, નીતિજ્ઞ પેઠે ભલે;

મત્સ્યોથી ઉદરો ભરાય બકનાં, ખાબોચિયામાં રમે,
ગંગાનું ય મલિન પાણી તજીએ, તે રાજહંસો અમે.

## ૧૪

## શ્વાન-અશ્વ-અન્યોક્તિ

*તેઓ ભૂપ મહેલ અંદર, અમે બાહેર ઘોડારમાં,
તેને દૂધ પવાય, ઘાસ અમને નિરાય ખોરાકમાં;
તેને કંચનશૃંખલા, પણ અમોને દોરડાં ડોકમાં,
તોએ શ્વાન ગણાય એહ, અમને અશ્વો કહે લોકમાં.

✦ ✦ ✦

## ૧૫

## ભલે પૃથ્વી ફાટે

### શિખરિણી

ભલે પૃથ્વી ફાટે, ઉદધિ પણ મૂકે હદ ભલે,
ભલે સૌના ત્રાતા, પણ મુજની સંભાળ નવ લે;
પડે પૃથ્વી આખી, ઉદરપુરણાર્થે ભટકવું,
અદેખા લોકોની, સમીપ ન ગમે તો ય વસવું.

---

* એક વખત એક વ્યક્તિને અયોગ્ય એવું બધું માન મળતાં અને તેમાં તેને રાચતાં જોયો એ વખતે આ કવિતા કરેલી.

૧૬

# એક અનુભવ

## હરિગીત

મારો હતો જન ઓળખીતો ક્લેશશંકર નામનો,*
કંકાસગલ્લીમાં રહેતો ક્રોધસાગર ગામનો;
મત્સર વિના મેં મુખ એનું કોઈ દિન દીઠું નથી,
જે તે વિષયમાં બડબડ્યા વિના બીજું સુણ્યું નથી.

રસ્તે જતાં એ શ્વાન કે બિલ્લી પરે પણ તાડતો,
સાંજે સ્હવારે સર્વદા, અમથા બરાડા પાડતો;
સારી બિચારી નારીને પણ એ બહુ ધમકાવતો,
જે તે વિષે મિષ કાઢીને એને હંમેશાં મારતો.

જોઈ સદા કંકાસને સ્ત્રીએ થઈ કંકાસણી,
માબાપ તેવાં છોકરાં એ વાત પણ સાચી બની;
જ્યાં જાય ત્યાં મુખ ઉપરેથી છોકરાં પરખાઈરે'
''એ ક્લેશશંકરનાં હશે'' લોકો અનુમાનો કરે.

સારું થતાં એ બડબડે થાતાં ખરાબ બક્યા કરે,
એકે વિષયમાં ચિત્ત એનું શાન્તતા ન કદી ધરે;

* બે સગા ભાઈઓ, એક શાંત અને બીજો મહા ક્લેશી પોતાના જોવામાં આવેલ તેના ઉપરથી આ કાવ્ય લખાયું છે.

ખાણું ન મનમાન્યું કદીએ ભાઈનું થાતું હતું,
બટકાં ભરે બે બેસીને જાણે ઊડી જાતું હતું.

"કાં ભાત રાંડ ! નથી કર્યો ? આવી બનાવી શું કઢી ?
મીઠું અધિક આમાં બળ્યું" એવું બકી ઊઠે વઢી;
નારી જરા થઈ શાન્ત રાજી રાખવા મથવા જતી,
તો ક્લેશશંકરભાઈની મરજી અધિક લડવા થતી.

જાતો હતો હું એક દહાડો અન્ય ગલ્લીમાં થઈ,
મારી અને એ ઓળખીતાની નજર એક જ થઈ;
ચ્હેરા ઉપર ત્યાં શાન્તતા ને સૌમ્યતા નજરે પડી,
પ્હેલાંની ઉદાસીનતા તો શોધતાંએ નવ જડી.

એ ક્લેશશંકર છે નહિ એવી મને શંકા રહી,
બોલ્યો ન એકે બોલ તેમ સલામ પણ મેં ના કરી;
બીજે દિવસ મેં એ જ રીતે એહને અવલોકીયો,
તો યે જવા દીધો અને ત્રીજે દિવસ ભેળો થયો.

જુદી જુદી ઋતુમાં અને જુદા જુદા સ્થળમાં મળ્યો,
ટાણે કટાણે હું સુકાળ-દુકાળ વિષે નીકળ્યો;
પૂરે બપોરે ભૂખમાં કે દુઃખમાં ભેળો થતો,
પણ સૌમ્યતા ને સરળતા એને શરીરે દેખતો.

આશ્ચર્ય પામ્યો હું બહુ ને હાથ ઝાલ્યો મેં જઈ,
પૂછ્યું. "કહેને ભાઈ ! આ તે ફેરફારી શી થઈ ?"

ત્યારે હસીને શુદ્ધ ચિત્તે એ જ ઉત્તર આપીયો,
''મેં ફેરવ્યું રે'ઠાણ બીજી ગલ્લીમાં રે'વા ગયો.''

''શું ફેરવ્યું મુકામ'' બોલાઈ જવાયું હું થકી,
એણે કહ્યું કે ''માન કે નવ માન પણ એ છે નક્કી;''
''કંકાસગલ્લીમાં રહી તબિયત ન સારી જ્યારથી,''
''સંતોષ મહોલ્લામાં રહેવા હું ગયો છું ત્યારથી.''

''ત્યાં સરળતા શેરી વિષે ને સૌમ્યતા આવાસમાં,''
''જો આવશો તો ભેટશો વિવેકસાગર વાસમાં;''
આ સાંભળીને ઘેર મારે હું ગયો ઉત્સાહથી,
પણ એક ઉત્તમ ને અમૂલ્ય મળ્યો અનુભવ ત્યારથી.

જ્યારે બજારે જાઉં છું હું લોકનાં ટોળાં વિષે,
જાણું છું હું ચ્હેરા ઉપરથી કોણ ક્યાં રે'તું હશે;
ક્યાં અમુક માણસ નાર કે આ છોકરું રે'નાર છે,
એ સર્વની કુંચી ખરેખર એમના દીદાર છે.

કંકાસગલ્લી સર્વથી મોટી બહુ દેખાય છે,
અફસોસ છે કે લોક એમાં રોજ રે'વા જાય છે;
આપું સલાહ હું સર્વને સંતોષ મહોલ્લામાં જવા,
વિનતિ કરું છું ઈશ મારી પૂર્ણ ઇચ્છા એ થવા.

૧૭

# બળદની અરજ

(બળદનું ગાયેલું)

આર મારી ચલાવ નહીં ગાડું, ગાડાવાળા જોરમાં
મેં વો'ર્યું હતું ભવ પેલે, તું આજ વો'ર મા: આર૦

એક પરોણો વાગતાં, પગભર થઈ જવાય;
પુચ્છ પકડી ઊભો કરો, પણ પગલું ન ભરાય: આર૦

ખડ ખાવા પૂરું નથી, શરીર તવાઈ જાય;
અધૂરામાં પૂરું અરે, નાકે નાથ તણાય: આર૦

જ્યાં સુધી છે જિંદગી, ત્યાં સુધી ખેડીશ;
હું જાતાં બીજો કહે, તું ક્યાંથી તેડીશ ? આર૦

ભાર ભર્યો અદકો અતિ, તેં તુજ સ્વારથ કાજ,
એક દિવસ બે આપણે, થશું કાળના ખાજ: આર૦

હું કરવા સરજેલ છું, તું લેવા સરજેલ,
કરવું બહુ મુશ્કેલ છે, છે ભોગવવું સ્હેલ: આર૦

બળદ જન્મથી હું અને, મનુજ છતાં તું બેલ,
એવું ઈશ્વર આપશે, જેવી નાખીશ ટેલ: આર૦

માર્ગ બહુ છે અટપટો, વળી ગારાળો ખૂબ;
જોર કરીને કાઢતાં, પડી જવાયે ધૂબઃ આર૦

જો ધીમે દે ચાલવા, તો પહોંચાડું ઠેઠ,
નીકર હું મરતાં માર્ગમાં, રખડી પડશો શેઠ! આર૦

ધરાળ કે ઉલાળની, ખબર ન રાખી કાંઈ;
ભાર ભર્યો બેખબર થઈ, એ તો વિચાર ભાઈ! આર૦

'ધણી મર્યો' એ કાં કહે, ઘણી ખમા તું નાથ;
હું તો ઇચ્છું એમ કે, દીપે આપણો સાથઃ આર૦

હતો દિવસ એવો ય કે, ધમકે કરતો દોડ;
મને પાળશે ઘડપણે, એવી ધરી મન હોડઃ આર૦

અડીઅલ ટટ્ટુ હોય તે, ચાર પાંચ દે લાત;
તોપણ તે રાતબ જમે, અને ધોરીની ઘાત; આર૦

૧૮

# નાવિક

ભરી દરીએ ચાલે વ્હાણ, નાવિક સમજે છે;
કોઈ દિન તે ડૂબશે અજાણ. નાવિક સમજે છે.

નીકળશે ત્યારે ઘાણ, નાવિક સમજે છે;
તોપણ એ ઝાલી સુકાન, નાવિક ચલવે છે.

ઉપર નભ નીચે જળ કાળું, ઘોર અંધારી રાત રે;
આકાશે વાદળ ચડી આવ્યાં, નહિ તારાની જાતઃ

હોકાયંત્રતણી અંધારે, સોય નહિ દેખાય રે;
તેથી માર્ગ ખરા-ખોટાની, હાય પ્રતીતિ ન થાયઃ

અડઝૂડ સાવ ખલાસી એના, કોઈ ન માલમ સાથ રે;
ગભરાયેલાં સર્વ ઉતારુ, હૃદય રહે નહિ હાથઃ

ભાર ભર્યો છે નીરમ અદકે, વામી ક્યમ દેવાય રે ?
માલ ધણીને ખોટ જ આવે, કેમ સહન તે થાય ?

દૂર કિનારો નજર ન આવે, ખડક ઘણા અથડાય રે;
આ ભાંગ્યું આ તૂટ્યું એવી, શંકા હરદમ થાય.

ગિરિ સરખાં મોજાં ઊછળે, ઘડી ઉપર ઘડી હેઠ રે;
ચળ-જળનો શું હોય ભરોસો, નહીં પહોંચાડે ઠેઠ.

અધૂરામાં પૂરું નીચેથી, ગાબડું નીકળી જાય રે;
બોખ નથી જળ ઉલેચવાને, ખોબે કેટલું થાય ?

### પૃથ્વી

અગાધ ભવસાગરે જગત તંત્રનું નાવ છે,
ઉતારું જનના પરસ્પર વિરુદ્ધ સૌ ભાવ છે;
તથાપિ પ્રભુ હાથમાં લઈ સુકાન હાંક્યા કરે,
મને નજર આગળે સબળ દાખલો એ તરે.

### અનુષ્ટુપ

મુશ્કેલીનું જરા ભાન, થતાં જે નાવ છોડશે;
કહો નાવિકનું માન, તેને તે કોણ જોડશે ?

૧૯

# કેટલાક શ્લોકો

### શિખરિણી

પ્રિયાની પ્રીતિનો, અનુભવ કર્યો પૂર્ણ રસથી,
પિતા ને માતાના, અનહદ જ વાત્સલ્ય રસથી;
ગુરુની માયાથી, મન મુજ તણું ખૂબ હરખ્યું,
ન મિત્રોના જેવું, અવનિ પર સૌહાર્દ નીરખ્યું

✦ ✦ ✦

૨૦

### મંદાક્રાન્તા

શત્રુઓનું પણ હૃદયથી, જે ભલું ઇચ્છનારા,
દુઃખી દેખી અવર જનને, દુઃખી જેઓ થનારા;
જે પોતામાં પરજન વિષે, ભેદ ના લેખનારા,
એવા વાંસે હરિહર ફરે, થૈ સદા ચોકીવાળા

✦ ✦ ✦

## ૨૧

જોકે ક્યારો સલિલ થકી હું, સર્વદા રાખું લીલો,
તો યે જ્યારે ઋતુ સમયમાં, મોસમીએ ન ખીલ્યો;
ત્યારે તો જે બહુ શ્રમ કરી, પાઈને પ્રેમ પાણી,
ઉછેર્યો મેં કુમળી વયથી, તે થયું ધૂળધાણી.

✦ ✦ ✦

## ૨૨

### શાર્દૂલવિક્રીડિત

ઠૂંઠું બાવળનું નિહાળી મનમાં, શંકા થતાં આમ્રની,
સિંચી વારિ કરું સુપલ્લવિત હું, એવા વિચારે કરી;
નાખ્યું ખાતર પ્રેમનું નિશદિને, મોટો ઉછેરી કર્યો,
આશા સર્વ વૃથા ગઈ ફળસમેં, તે કંટકી નીકળ્યો.

✦ ✦ ✦

## ૨૩

### વસન્તતિલકા

લીસું અને કઠિન આરસપ્હાણ જેવું,
અજ્ઞાનીનું હૃદય છે સમજી લહેવું;
લીસું પરંતુ મૃદુ માખણના સમાન,
જ્ઞાનીતણું હૃદય ઉપરથી સમાન.

✦ ✦ ✦

## ૨૪

### ઉપજાતિ

પાકે ઘડે ક્યાં ય ચડે ન કાંઠો,
રસે ન દે હોય સડેલ સાંઠો;
નાને ઘડે પાણી સમાય થોડું,
ને જંગલી દે ચડવા ન ઘોડું.

✦ ✦ ✦

## ૨૫

### માલિની

દિલભર દિલ હોયે, એમ લોકો કહે છે,
જનમભર મનુષ્યો, અન્ય માટે સહે છે;
પણ વિપરીત એથી, ન્યાય દેખાય જ્યારે,
હૃદય નવ ઉદાસી, કોણનું થાય ત્યારે ?

૨૬

# વિચાય આંખ પછી

### વસન્તતિલકા

ખોટે મિષે પણ જરાક ઉદાસ થાય,
લોકો હજાર તણી હિમ્મત તો હરાય;
આજ્ઞા બધી અમલમાં ક્ષણમાં અણાય,
વિંચાય આંખ પછી કાંઈ ન હાય હાય.

હોયે હજાર હથિયાર ધરેલ પાળા,
ચોકી કરે ચતુર ચાકર જ્યાં રૂપાળા;
તે સ્થાન શૂન્ય સઘળાં હમણાં જણાય,
વિંચાય આંખ પછી કાંઈ ન હાય હાય.

બાહુ બળેથી નહિ પૃથ્વી વિષે સમાતા,
લાખો મનુષ્ય તણી ફોજથી ના દબાતા;
તે ચાર હાથ ધરતી પડમાં સમાય,
વિંચાય આંખ પછી કાંઈ ન હાય હાય.

ભાવે ભણે ભભકદાર અનેક ભાષા,
ચાંદો ઇનામ પણ મેળવી ખૂબ ખાસા;
વિદ્વાનમાં પ્રથમ નંબરમાં ગણાય,
વિંચાય આંખ પછી કાંઈ ન હાય હાય.

ઇંગ્લાંડ જાય બની ડૉક્ટર આંહીં આવે,
બારિસ્ટરો સરસ પંડિતમાં કહાવે;
ઊંધું ચત્તું સઘળું કોર્ટ વિષે કરાય,
વિંચાય આંખ પછી કાંઈ ન હાય હાય.

ખાતાં બગાસું ચપટી વગડે હજાર,
બોલે ખમા ખલક છીંક થતાં લગાર;
ખોટો ખરો પણ ન હુકમ ફેરવાય,
વિંચાય આંખ પછી કાંઈ ન હાય હાય.

માતા પિતા પરમ પ્રેમથી પાળી રાખે,
સંસારના સુખદ લ્હાવ અનેક ચાખે;
પ્યારી સહિત શુભ સ્થાનકમાં ફરાય,
વિંચાય આંખ પછી કાંઈ ન હાય હાય.

# ૨૭

# સ્વાદ

## લાવણી

ચડ્યા પછી જો પડે ઊતરવું,
સ્વાદ કહો શું એમાં છે ? ટેક૦
જન્મ લઈ જો આખર મરવું; સ્વા૦
ઉદાર થઈને પડે માગવું, સ્વા૦
ભોગ ભોગવી પડે ત્યાગવું; સ્વા૦
માફ માગીને પાપ જ કરવું, સ્વા૦
જમરાજાથી પડે જ ડરવું, સ્વા૦
સ્વર્ગ ભોગવી પૃથ્વી પડવું, સ્વા૦
રાય બની ગરીબોને નડવું; સ્વા૦
મૂત્રપિંડનો દેહ પોષવો, સ્વા૦
અહંકાર મદ કામ તોષવો; સ્વા૦
વિશ્વંભર તજી નરવર ભજવો, સ્વા૦
અનિત્ય આ વૈભવ ભોગવવો; સ્વા૦
ભક્તિ તજીને કરવી ખુશામત, સ્વા૦
રોજ વધે ને કરવી હજામત. સ્વા૦

## ૨૮

# સ્વાર્થ

### ઉપજાતિ

સંસાર આ સ્વાર્થ તણો સગો છે,
મનુષ્યના અંતરમાં દગો છે;
વિશ્વાસનો ત્યાં અવકાશ શેનો ?
મહેશ આધાર મને મજેનો.

✦ ✦ ✦

## ૨૯

# શ્રદ્ધા

### અનુષ્ટુપ

ભૂત માર્ગ હતો કેવો, તે જોવા ઇચ્છતો નથી;*
અને ભવિષ્યનો રસ્તો, નજરે પડતો નથી.
અંધારે આંખ વિંચીને, શ્રદ્ધાથી માહરો કર;
સોંપું છું ઈશ હું તારા, હાથમાં ચ્હાય તે કર.

* રાજકારણમાં થયેલ વિષમ પરિસ્થિતિને લીધે પોતાને રાજ્યના લાભમાં જે લાગતું હતું તે કરવા જતાં પોતાનું સર્વસ્વ છોડવું પડે તો તે છોડવાનો નિશ્ચય કર્યો તે વખતે આ ઉદ્‌ગારો લખાયા છે.

૩૦

# મારી ઝૂંપડી

મને મારી ઝૂંપડી અપાવો, મને મારી ઝૂંપડી અપાવો;
વ્હોરી લીધેલાં કોકનાં મોટાં, દુઃખડાં કપાવોઃ મને૦

શીલ સંતોષને સુખનાં સાદાં, વારિએ ન્હવરાવો;
હાથકમાઈનો ટુકડો ટાઢો, ખાંતે ખવરાવોઃ મને૦

એકાંતવાસની થોડી ઇચ્છા રૂપી, ધેનુએ ધવરાવો;
ઈશકૃપા રૂપી આમ્રની ઘાટી, છાયા છવરાવોઃ મને૦

આનંદરૂપ ફળો દે એવાં, વૃક્ષો વવરાવોઃ
નિરપરાધી હૃદય પક્ષીનાં, ગાયન ગવરાવોઃ મને૦

જોર નથી કાંઈ આપની પાસે, તેમ નથી દાવો;
ખૂબ થઈ છે નાથ! હવે તો, દાસને નિભાવોઃ મને૦

આપતણા નેક ભગતમાં મારા, નામને છપાવો;
વાર કરો મા વિઠ્ઠલા મારી, વ્હારે તો આવો. મને૦

# માગી લીઓ જે ગમે તે

પ્રભુજીની પાસે, માગી લીયો જે ગમે તે. પ્ર૦

માધવ મોંઘો નથી જરાએ, જે માગો તે આપે;
વાર માત્ર છે માગ્યા કેરી, માગો તો જન્મમર્ણ કાપે રે : પ્ર૦

હિરણાક્ષે વઢનારો માગ્યો, વહાલે વડીયો દીધો;
પ્રહ્લાદે પ્રેરેલા પ્રભુએ, સ્તંભેય અવતાર લીધો રે : પ્ર૦

ઇંદ્ર કારણે વામન રૂપે, બળી રાજાને જાચ્યા;
બળીએ માગ્યું રહો બારણે, તો એ પ્રભુ ત્યાં રાચ્યા રેઃ પ્ર૦

પકવાનોના થાળ તજીને, ખાધાં શબરીનાં બોરાં;
નંદકુંવર ગોપાળ બનીને, ચાર્યાં વનવાસીનાં ઢોરાં રેઃ પ્ર૦

માગે તે દેવાને તત્પર ક્યાં છે કામ અજાણ્યાં ?
બરક્યાથી ગોપીના ઘરનાં, છાશનાં દોરડાં ય તાણ્યાં રેઃ પ્ર૦

માગ્યે નાથે રાસ રમાડ્યાં, માગ્યે માખણ ખાધાં;
માગ્યે પોતે માન તજીને, ઘેર ગયા ચાલી રાધા રેઃ પ્ર૦

માગ્યે કૃષ્ણ કીધાં કાસદાં, માગ્યે ગજ ઉગાર્યો;
માનવતી રાધાને માગ્યે, મોતીએ ચોટલો સાર્યો રેઃ પ્ર૦

માગ્યે વસ્ત્ર દીધાં ગોપીનાં, માગ્યે આહીર બનીયા;
માગ્યે મથુરાં પ્રભુ પધાર્યા, મલ્લ વઢ્યા પ્હેરી તનીયા રેઃ પ્ર૦

માગ્યે મ્હાવો મફત દીયે છે, કરજ ન રાખે લેશે;
કિંચિત ચંદન સાટે પ્રભુએ, કુબજા કરી બેશ વેશે રેઃ પ્ર૦

લક્ષ્મીજીને માગ્યે દીધું, વક્ષસ્થળમાં સ્થાન;
અક્રૂરને માગ્યાથી પળમાં, આપી દીધું બ્રહ્મજ્ઞાન રેઃ પ્ર૦

દુઃખ માગ્યાં કુંતાએ, પ્રભુના સ્મરણ રહે તે માટે;
તો દુઃખ તેને આપ્યાં જોકે, પોતે બંધાયા એ સાટે રેઃ પ્ર૦

પાંચાળીનાં ચીર જ પૂર્યાં, અર્જુન સારથિ બનીયા;
માગણીથી રૂખમણીને હરીયાં, એવા છે કાન્હ કન્હૈયા રેઃ પ્ર૦

ક્યાં દુર્યોધનનો વૈભવ ને, ક્યાં વિદુરની ભાજી;
ભક્તતણા બેલી ભગવાને, ખાધી થઈ રાજી રાજી રેઃ પ્ર૦

માગે તેની પાસે કાલો, ભાંગ્યા કેરો ભેરુ;
પાંડવનો વિષ્ટિકર્તા ને, ગોપી જનનો હેરુ રેઃ પ્ર૦

લક્ષ્મી માટે ગયા સુદામા, વણમાગ્યે પણ દીધી;
હૃદયતણી હરિ કળી ગયા ને, મિત્રની સંભાળ લીધી રેઃ પ્ર૦

મહેતાનું મામેરું પૂર્યું, હૂંડી પણ સ્વીકારી;
અવિકારી પ્રભુ પોતે તોએ, માગે ત્યાં થાયે વિકારી રેઃ પ્ર૦

જે માગે તેને તે આપે, એવો માધવ ભોળો;
કાન્હકુંવરના જેવો બીજો, દીઠો ન મોઢાનો મોળો રેઃ પ્ર૦

આ મારું આ તારું એવો, પ્રભુને ભેદ ન કાંઈ;
ભક્ત બધા સરખા છે એથી, એની પ્રભુતા ગવાઈ રેઃ પ્ર૦

૩૨

# ઈશને

મંદાક્રાન્તા

મારી આખી અવનિ પરની, જિંદગાની વિષે મેં,
રાખી હોયે મુજ અરિ પરે, દષ્ટિ જે રીતની મેં;
એવી એ જો મુજ ઉપર તું, રાખશે શ્રી મુરારિ,
તોએ તારો અનૃણી થઈને પાડ માનીશ ભારી.

૩૩

# એક પ્રાસંગિક કાવ્ય

સ્વાગતા

વાંક કિંકરતણા ઘણાય છે,*
કેમ ક્રોધ પ્રભુમાં જણાય છે ?
પ્રકૃતિ જનતણી મટે નહીં,
દેવમાં અસુરતા ઘટે નહીં.

* દાદા એક વખત રમાબા ઉપર ગુસ્સે થઈ ગયેલા ત્યારે બાને શું લાગણી થઈ હશે તે ભાવ પોતાને થતાં બા પોતાને ઉદ્દેશી કહેતાં હોય તે ભાવનું આ જોડકું ઉદ્ભવેલું. બા દાદાને હંમેશ 'દેવ' કહીને બોલાવતાં !

## ૩૪

# 'હું–તું–તે'

### અનુષ્ટુપ

'હું તું તે' ભેદ આ માત્ર, અજ્ઞાનતાનો જણાય છે;
તારે 'હું' 'તું' બને તેમ, 'તે'માં 'હું' 'તે' જ થાય છે.

'તું' જ્યારે 'હું' બને ત્યારે, 'હું' 'તું' માં બદલાઉં છું,
'તે' નો 'હું' થાય છે ત્યારે, 'હું' 'તે'નું રૂપ થાઉં છું.

તારે 'તે' 'તું' બને ત્યારે, કાં 'તું' 'તે' ને જ 'તું' બને;
'હું' પણ ત્યાં જઈ મારું 'તે' સંજ્ઞા મળશે મને.

'તે'નો 'હું' 'તું' થતાં વાર, 'તે'નો 'તું' 'તે' બની શકે;
મારો એ જ રીતે 'તું' થતાં વાર, 'તે' સંજ્ઞામાં ભળી જશે.

'તે' જ્યારે 'હું'પણું ધારે, 'તું' 'હું'માં એક 'તું' ઠરે;
એકને ક*'તું'પણું આવે, એમ સ્થાન ફર્યા કરે.

આ પરસ્પરની ગ્રંથિ, જો સાચી સમજાય છે;
આત્મસ્વરૂપનું જ્ઞાન, તો સાક્ષાત્કાર થાય છે.

કાં તો આ સઘળું 'હું' છે, કાં 'તું' છે અથવા જ 'તે';
ગમે તે એક છે કિંતુ, બે નથી સત્ય વાત છે.

---

* અહીંયાં ''તે'' જોઈએ એમ લાગે છે, પણ પહેલી ખાનગી છપામણીમાં જે છે તે પ્રમાણે જ અહીં રાખ્યું છે.

સર્વમાં સરખો 'હું' છે, કાં 'તું' 'તે' બદલાય છે;
સર્વ વ્યાપકતા તેથી, 'હું' તણી સિદ્ધ થાય છે.

એવો 'હું' તે જ છે બ્રહ્મ, એ જેને સમજાય છે;
અહંબ્રહ્મણપણું તેનું, માત્ર સાર્થક થાય છે.

હું દ્રષ્ટા દશ્ય આ બીજું, એ દૃષ્ટિ ભેદબુદ્ધિ છે;
દૃષ્ટિ દ્રષ્ટવ્ય દ્રષ્ટાની, એકતા જ વિશુદ્ધિ છે.

સર્વમાં સરખી રીતે, જે એકરસ થાય છે;
બ્રહ્માનંદોદધિ માંહે, માત્ર તે નર ન્હાય છે.

પ્રિયા કોણ પતિ કોણ, એ જ્યારે ભાન જાય છે;
એકબીજા વિષે જ્યારે, ઓતપ્રોત થવાય છે.

ત્યારે સંસારનું સાચું, આવે છે સુખ દૃષ્ટિએ;
બ્રહ્માનંદતણું ભાન, આવે એવી જ દૃષ્ટિએ.

શિકારી તીર ને પક્ષી, એકરૂપ જણાય છે;
ત્યારે ધારેલ પક્ષીનો, શિકાર હાથ થાય છે.

કલ્પેલ કામમાં એ જો, ત્રિપુટીની અગત્ય છે;
બ્રહ્મપ્રાપ્તિ વિષે ત્યારે, શું ત્રિપુટી અસત્ય છે ?

'હું તું તે'ની ત્રિપુટીનું, એકત્વ થઈ જાય છે;
બ્રહ્મસ્વરૂપ આત્માનું, ખરું ત્યારે જ થાય છે.

અહંબ્રહ્મ બધા કહે છે, પરંતુ બ્રહ્મ એ નથી;
ભેદવાદી અહં શબ્દ, બ્રહ્મ સંભવતો નથી.

જ્ઞાન-અજ્ઞાનનું ભાન, અભાન થઈ જાય છે;
બ્રહ્માનંદતણું નામ, ત્યારે તેને અપાય છે.

પૂર્ણાનંદ વિષે બીજું, ભાન સંભવતું નથી;
ભાન થાતાં થયું દ્વંદ્વ બ્રહ્મ વિષે નથી.

અભ્યાસે જ્ઞાન આવે છે, બ્રહ્મપ્રાપ્તિ થતી નથી;
અભ્યાસ અન્યનો થાયે, અન્યતા બ્રહ્મમાં નથી.

અભ્યાસ બુદ્ધિનું કામ, બુદ્ધિ અજ્ઞાન રૂપ છે;
ચિત્ત આનંદનું સ્થાન, જે સ્વભાવ સ્વરૂપ છે.

મૂળ પ્રકૃતિથી જેવો, જેનો ખાસ સ્વભાવ છે;
એમાં જ વર્તવું એનું, નામ બ્રહ્મ સ્વભાવ છે.

સ્વ + ભાવ નામ એ બીજું, બ્રહ્મ ભાવ તણું જ છે;
સ્વ એ જ બ્રહ્મ છે માટે, અહં બ્રહ્મ સહુ કહે.

આમ છે તો પછી બીજે, શું ગોથાં મારતા ફરો;
સ્વભાવે નિર્ભયે ચાલો, દુનિયા ચ્હાય તે કરો.

સ્વભાવે ચાલવાનો છે, સરખો સર્વને હક;
એ માન્ય કરનારાનું, ઊંચું સર્વથી સ્થાનક.

હું સ્વતંત્ર છઉં તો આ, સર્વ કાં ન સ્વતંત્ર છે?
સ્વતંત્ર સર્વ છે તો જ, મારો સ્વાતંત્ર્ય તંત્ર છે.

સ્વમાં સર્વ સમાયું છે, જ્ઞાનમાં કાંઈ છે નહીં;
સ્વ એ સ્વભાવનું મૂળ, ભાનમાં કાંઈ છે નહીં.

હું સ્વ તું સ્વ અને તે સ્વ, સર્વ આ સ્વ સ્વરૂપ છે;
એવું સ્વ બ્રહ્મ છે તેથી, સર્વ આ બ્રહ્મરૂપ છે.

'સ્વભાવ અન્યનો દુષ્ટ', વાક્ય સંભવતું નથી;
સ્વ અને અન્યનું એવું, જોડાણ ઘટતું નથી.

પરીક્ષા સ્વ સ્વભાવોની, સ્વથી જ માત્ર સંભવે;
અન્યમાં રમનારો તે, સ્વથી જ વેગળો ફરે.

સ્વમાં મગ્ન રહે તેને, 'અન્ય' શબ્દ અભાવ છે;
સ્વાભાવિક સ્વરૂપીને, ખરો બ્રહ્મત્વ ભાવ છે.

સ્વાર્થી સ્વચ્છંદી ને એ જો, આનંદ નજરે પડે;
સમદષ્ટિ સ્વભાવીને, બ્રહ્માનંદ ન શું મળે?

હું છું હું સર્વથા હું છું, અન્ય સંભવતું નથી;
એમ જો દઢ થાયે તો, દુ:ખ સંભવતું નથી.

હું એ સ્વ તું અને તે સ્વ, એમ સૌમાં સ્વભાવ છે;
પોતાના ભાવ વિનાની, વસ્તુઓનો અભાવ છે.

ભાવ એ જ હયાતી છે, ભાવ વસ્તુ સ્વભાવ છે;
સૌ સૌના ભાવ વિનાની, વસ્તુઓનો અભાવ છે.

૩૫

# પરિવર્તન યોગ

ગઝલ

પડીને પિંજરે પોતે, ગયો નિજ રૂપને ભૂલી;*
મથે છે સ્વાર્થને માટે, ગયો ત્યાં મોક્ષને ડૂલી.

જગતને પાળવાવાળો, ફક્ત નિજ પિંડને પોષે;
બધાને ચાહવાવાળો, પડ્યો નિજ સ્વાર્થને કોષે.

કૃપાળુ તે થયો ક્રૂર, દયાળુની દયા દૂર;
બન્યો ભીરુ હતો શૂર, હણાણું સ્વાત્મનું નૂર.

તજાયું સ્વર્ગનું સુખડું, વિષયના સુખને લેતાં;
પિયાવો પ્રેમનો સૂક્યો, પ્રિયાના પ્રેમમાં રે'તાં

---

* એક ઘણા સારા અને સરળ સદ્‌ગૃહસ્થને ઊંચી પદવી પ્રાપ્ત થતાં રાજકારણના વમળમાં આવતાં તેનામાં જે ફેરફારો થતા જોયા તે ઉપરથી આ કવિતા સ્ફુરેલી.

૩૬

# મૃત્યુનું સ્વરૂપ

સોરઠા

મરી જવામાં માત્ર, અંગરખું બદલાય છે;
કહે પુકારી શાસ્ત્ર, જીવ તજે છે દેહને.

સર્પ કાંચળી જેમ, બદલે છે નિજ વર્ષમાં;
જિંદગાનીમાં તેમ, જીવ તજે છે દેહને.

તજે પીછને મોર, થતાં ભાર નિજ દેહમાં;
તેમ કર્મનો ચોર, જીવ તજે છે દેહને.

આ સંસારે જેમ, સુખદુઃખ ભોગવતા હશો;
મરણ પછી પણ તેમ, ભોગવવું પડશે સદા.

વિચાર કરતાં આમ, હાનિ છે નહિ મરણમાં;
જો રહેશો નિષ્કામ, પ્રભુ ચરણને પામશો.

૩૭

# અશ્રુ ક્યાં ગયું ?

### પ્હાડી રાગ

ઊંડા મનોના ભાવને જોનાર અશ્રુ ક્યાં ગયું ?
મૃત્યુ પથારી પર પ્રણય ટોનાર અશ્રુ ક્યાં ગયું ?

મારા હૃદયના ઘાવને ધોનાર અશ્રુ ક્યાં ગયું ?
દુઃખી જનોનાં દુઃખમાં રોનાર અશ્રુ ક્યાં ગયું ?

તરસ્યા જનોને સ્નેહજળ પાનાર અશ્રુ ક્યાં ગયું ?
તલ્લીન થઈ હરિરસ કથા ગાનાર અશ્રુ ક્યાં ગયું ?

ગરીબો તણી દુઃખ-દાદનું લેનાર અશ્રુ ક્યાં ગયું ?
અરિગુણ વિષે પણ રાચીને વહેનાર અશ્રુ ક્યાં ગયું ?

ફેડી શકાય ન દુઃખ તો રડનાર અશ્રુ ક્યાં ગયું ?
દાન પામી ઉદારથી પડનાર અશ્રુ ક્યાં ગયું ?

માથી વિખૂટું બાળ હિબકનાર અશ્રુ ક્યાં ગયું ?
પડતાં જરૂર તજી પ્રાણ પણ શકનાર અશ્રુ ક્યાં ગયું ?

નિજબાળ પ્રત્યે જનુનિનું વાત્સલ્ય અશ્રુ ક્યાં ગયું ?
આ સાલતી આધીનતાનું શલ્ય અશ્રુ ક્યાં ગયું ?

જેણે કર્યું વ્રજ ભીનું તે ગોપાળ અશ્રુ ક્યાં ગયું ?
રાધા રમણ આ દેશને સંભાળ અશ્રુ ક્યાં ગયું ?

ગોપ ધેનુ માટ સ્રવતું આજ અશ્રુ ક્યાં ગયું ?
આ દેશ માટે આમ કાં મહારાજ અશ્રુ ક્યાં ગયું ?

વિશ્વાસઘાત ન થાય એવું કૃતજ્ઞ અશ્રુ ક્યાં ગયું ?
અફસોસ પશ્ચાત્તાપ કેરું કૃતજ્ઞ અશ્રુ ક્યાં ગયું ?

કોઈ કૃતઘ્ની પર દયાનું દૈવી અશ્રુ ક્યાં ગયું ?
અવગુણ ભૂલી જાનારનું ઔદાર્ય અશ્રુ ક્યાં ગયું ?

સહુનાં સુકાયાં નયન મારું એકનું વહેતું રહ્યું !
આ અશ્રુ વો'ણા જગતમાં રહેવું નથી જાતું સહ્યું !

૩૮

# એ મારે મન પરમેશ્વર છે.

નાના મોટાનું ભાન નથી,
મન માન નથી અપમાન નથી;
મારા તારામાં તાન નથી,
તે મારે મન પરમેશ્વર છે.

જનના દોષોને માફ કરે,
પરના મેલોને સાફ કરે;
બળતાં હૃદયોની બાફ હરે,
તે મારે મન પરમેશ્વર છે.

સેવા નવ લે પણ સેવા દે,
આગ્રહ નવ રાખે સંવાદે;
દોડે જે દુખિયાને સાદે,
તે મારે મન પરમેશ્વર છે.

વેરીને પણ વહાલો લેખે,
વાંકાંને પણ સીધ્ધાં દેખે;
સઘળાંને એક નજર પેખે,
તે મારે મન પરમેશ્વર છે.

ઉપકાર કરીને મૂક રહે,
સામો ઉપકાર ન લેશ ચહે;
જે નિડરપણે હિત સ્પષ્ટ કહે,
તે મારે મન પરમેશ્વર છે.

દુનિયા જ્યારે નિંદા કરશે,
મિત્રો પણ જ્યારે પરહરશે;
ત્યારે જે સાથે સંચરશે,
તે મારે મન પરમેશ્વર છે.

દોષે રંગે રંગાવા દે,
દુઃખ કોઈ કરે તો થાવા દે;
વિષ પાયે શિવ સમ પાવા દે,
તે મારે મન પરમેશ્વર છે.

## ૩૯

# ફિકર કરશો નહીં વ્હાલાં*

(લડાઈના વખતમાં વિલાયત જતાં સ્ટીમરમાં થયેલી કવ્વાલી-ગઝલ)

સગાંની સ્નેહી મિત્રોની,
કુટુંબી ને મુરબ્બીની,
શુભેચ્છા સંગ આવે છે,
ફિકર કરશો નહીં વ્હાલાં.

સુદર્શન ચક્ર ધારીને,
ત્રિશૂલ ધારી હરિહરથી,
સુરક્ષિત પથ હમારો છે,
ફિકર કરશો નહીં વ્હાલાં.

દધીચિ ને શીબિ ને કર્ણ,
જીમૂતવાહની ગાથા,
વિચારી ધૈર્ય રાખીને,
ફિકર કરશો નહીં વ્હાલાં.

* પહેલા વિશ્વયુદ્ધના વખતમાં પટ્ટણીજીની નિમણૂક ઇંગ્લેન્ડમાં સેક્રેટરી ઑફ સ્ટેટ ફોર ઇન્ડિયાની કાઉન્સિલમાં થયેલી ત્યારે વિલાયત જતાં જર્મન સબમરીનોનો ભય તેમની સ્ટીમરને ઊભો થયેલો તે વખતે, એલાર્મ્ડ કન્ડિશનમાં ડેક ઉપર બધાને રાખવામાં આવે ત્યાં બેસી આ કવિતા લખી અને હિન્દુસ્તાન ટપાલથી મોકલી આપેલી—

ભરતભૂમિ પ્રથમથી છે,
પ્રભુને પ્રાણથી વ્હાલી;
અમે નિમિત્ત એ પ્રભુનાં,
ફિકર કરશો નહીં વ્હાલાં.

કરોડો માણસો કેરાં,
નસીબ આ જહાજમાં બેસી,
અમારી સાથ આવે છે,
ફિકર કરશો નહીં વ્હાલાં.

નજર છે દેશસેવા પર,
પ્રભુ પર દૃઢ આસ્થા છે;
નથી મન તેથી ડગતું તો,
ફિકર કરશો નહીં વ્હાલાં.

ગંભીર સિંધુ તણા જળમાં,
દરેકે બિંદુ બિંદુમાં,
પ્રભુ દેખાય છે અમને,
ફિકર કરશો નહીં વ્હાલાં.

હતા જે અગ્નિને સ્તંભે,
પ્રભુ પ્રહ્લાદને માટે
અહીં જળશાયી છે અમને,
ફિકર કરશો નહીં વ્હાલાં.

વિચારી ભક્ત વત્સલતા,
રણે રથ પાર્થનો હાંક્યો;
રથી તે આજ મારો છે,
ફિકર કરશો નહીં વ્હાલાં.

અમારી ગેરહાજરીમાં,
પ્રભુના છત્રની નીચે,
તમે કરજો અમન ચેનો,
ફિકર કરશો નહીં વ્હાલાં.

તરંગો માંહી સંદેશો,
પ્રભુ એવો કહાવે છે;
"ભરોસો રાખજો મારો,
ફિકર કરશો નહીં વ્હાલાં."

બલી લાક્ષાગૃહે જાતાં,
ઉગાર્યાં પાંડવો જેણે,
કહે છે આજ તે અમને,
"ફિકર કરશો નહીં વ્હાલાં"

"તમારા હાથથી મારે,
ભલું પૃથ્વી તણું કરવું;
યશોની ટોચ પર જાશો,
ફિકર કરશો નહીં વ્હાલાં."

૪૦

# જગત સહજ સ્વર્ગ થઈ જાય

જગત આ સહજ સ્વર્ગ થઈ જાય,
અવર એથી નથી કોઈ ઉપાય.
વિશ્વંભર કહે છે, 'હું રહું છું એ રીતે રહેવાય,'
જનનિ કહે 'હું બાળ સહું છું ત્યમ જનતા સ્હેવાય;'
જગત આ સહજ સ્વર્ગ થઈ જાય.

દગા અને ફટકા કંકાસો ચોગરદમ ઊભરાય
તે, મટાડવા પ્રાણ આપવા જો તૈયાર થવાય;
જગત આ સહજ સ્વર્ગ થઈ જાય.

રામરાજ્ય સમ રાજ્ય બને, સમરાટ રામ સમ થાય,
સેવ્ય સેવકો તણા પરસ્પર, ધર્મ બધા સચવાય;
જગત આ સહજ સ્વર્ગ થઈ જાય.

પિતા પુત્ર સમ પ્રજા પ્રજાપતિનો, વહેવાર ઘડાય,
એકબીજાનાં સુખદુઃખમાં, જો સાથ હસાય રડાય;
જગત આ સહજ સ્વર્ગ થઈ જાય.

રાજ અને લોકો બન્નેનો, એક જીવ થઈ જાય,
એકબીજાને માટે જીવે, સરખો સ્વાર્થ સધાય;
જગત આ સહજ સ્વર્ગ થઈ જાય.

સંપ અને શીતલતા કેરા, સુખદ વાયરા વાય,
સ્નેહ અને સંબંધ પરસ્પર જો સાચો સમજાય;
જગત આ સહજ સ્વર્ગ થઈ જાય.

૪૧

## ઉપકારવૃત્તિ

હરિગીત

બીજો પડે છે ધૂળમાં, વૃક્ષો ચહે ઊંચે જવા;
છે ગગન તક અવકાશ તો, મગદૂર કોની રોકવા.
તોડે જનો ફળ ફૂલ તો, મૂંગી સહનતા આચરે;
ઉપકાર વૃત્તની એ થકી, બીજી પ્રતીતિ ક્યાં મળે ?

✦ ✦ ✦

૪૨

## સ્કાઉટગીત

સવૈયા

સશક્ત સજ્જન યુવાન બનશું, દેશ રાજ્ય ભક્તિવાળા.
સેવા કરશું જગત તણી, જગ અમારી ફેરવશે માળા.
સ્વાર્થ તજી પોતાનો, પરનો સ્વાર્થ સાધતા મરી મટશું;
સ્નેહ જળે નવરાવી જનતા, નામ કૃષ્ણ નૃપનું રટશું.

૪૩

# મુરલી

ગોપીજન મનની બેડી,
મુરલી મધુવનમાં છેડી.
સુંદરીઓ દોડી ગૃહ છોડી, સહુ બંધનો ઉખેડી;
આત્મજીવનની સુંદર સરિતા, સ્નેહ માર્ગની કેડી.
મુરલી મધુવનમાં છેડી.

બાળ વછૂટ્યાં પતિ તજાયા, લોક લાજ ભય ખેડી;
ઘેલી ગોપિકા જ્યમ ત્યમ ધાઈ, ગણી માધવે તેડી.
મુરલી મધુવનમાં છેડી.

"કેમ પધાર્યા, શ્રેય શું કરું", વદી આંખ કરી ટેડી,
રસભીની અધિરીની કૃષ્ણે, મધુર મશ્કરી છેડી.
મુરલી મધુવનમાં છેડી.

બોલી ગોપિકા "વાહ શુશ્રૂષા ! આમ ખામુખા તેડી;
બોર ખાઈને નટવર આપે બાળ બોરડી ઝેડી."
મુરલી મધુવનમાં છેડી.

ભાવ જાણી પ્રભુએ બેસાડી, મન મંદિરની મેડી;
બાળક્રિડાને બ્હાને રસિયે, કુમળી વલ્લરી વેડી.
મુરલી મધુવનમાં છેડી.

ચૂમી ચૂમાવી પ્રણયામૃતની, અમિત પ્યાલીઓ રેડી;
હૃદય-હૃદયનાં એકત્વ તણી, ક્યાંય ન એવી હેડી.
મુરલી મધુવનમાં છેડી.

૪૪

## અંતર ધૂણી

પ્રભુથી લગની લાગી રે,
પ્રભુથી લગની લાગી.
જંજાળ જગતની ત્યાગી રે
પ્રભુથી લગની લાગી.

ગાર્હસ્થ્યનો ધર્મ તજાયો
થઈ બેઠો વૈરાગી,
ઘરનું ભોજન છોડી દીધું
ખાઉં ભિક્ષા માગી રે. પ્રભુથી૦

કામ ક્રોધ મદ મોહ લુંટારા
છોડી ગયા છે ભાગી
ઈશ્વર સાથે મેળ થયો તે
અંતર ધૂણી જાગી રે. પ્રભુથી૦

✦ ✦ ✦

૪૫

## ત્રિલોક સ્વામી

હાજરાહજૂર નાથ સાથ મારી રે' છે,
રાત્રિ દિવસ ખબર ભક્તની રમેશ લે છે;
ચિંતવન કરું ન તો ય નજર મારી સામી
રાખીને ઊભા જણાય છે, ત્રિલોક સ્વામી.

૪૬

## રામ-રાવણ

રામ રાવણ તણા યુદ્ધમાં, મિષ્ટતા
દુષ્ટતાની લડાઈ થતી'તી;
દેવ ને દૈત્યના ચિત્તના ફરકની,
ચીતરતી હતી ત્યાં પ્રતીતિ.

રામ મારી કરે દૈત્યને આત્મ સમ,
દુષ્ટ મરતાં ન આડાઈ મૂકે;
એ જ જો દૃશ્ય છે હાલ પણ જગતમાં,
તો પછી ખેદનો સબબ શું છે ?

જોઈ રઘુનાથની ઈશ્વરની ભાવના,
દુષ્ટતા જોઈને લંકપતિની;
સર્વ અજ્ઞાન મારું ગયું તેમ–
ચાલી ગઈ કલુષતા મુજ મતિની.

આજ પણ કૈંક છે રામ જેવા પડ્યા,
કૈંક છે રાવણાધીશ જેવા;
પ્રાર્થના હૃદયથી એ જ છે સર્વને,
મિત્ર બનજો સદા રામ જેવા.

૪૭

# બે સરખી આંખો રાખો

(૧)

બે સરખી આંખો રાખો,
એ પાઠ જીવનનો આખો. બે સરખી૦

નિજ પરનાં દુઃખે રોવા,
બન્નેનાં પાપો ધોવા,
પોતાને પરને જોવા. બે સરખી૦

ઈશ્વર જે રીતે દેખે,
સઘળાંને સરખાં લેખે,
કોઈને કદી ન ઉવેખે. બે સરખી૦

બે સરખી આંખ ન હોયે,
દેખાય ન સરખું તોયે,
ચડી જવાય ઊંધે ધોયે. બે સરખી૦

ભેદ ન હુંમાં ને પરમાં,
એ મુદ્દો પળે વિસરમાં,
પ્રિય એક હલેસે તરમાં, બે સરખી૦

એક જ છે મંત્ર જીવનનો,
ઋષિયોનાં ઉપનિષદનો,
દર્શક મનુષ્યનાં મનનો. બે સરખી૦

(૨)

માત પિતા સમ માત પિતા,
પરનાં કદી નજર ન આવે,
સુંદર સ્ત્રી પરની દેખી,
જન ઊંધી આંખ નચાવે. બે સરખી૦

એક રંગની પ્રજા,
પ્રજા અન્યને બીજી સમ ભાળે;
વૈર અગ્નિ ઊપજે એમાંથી,
બેયે પ્રજા પ્રજાળે. બે સરખી૦

પરનું ને પોતાનું બાળક,
અસમાન નજર આવે,
એક દેશમાં વસતા શહેરી,
પ્રજાત્વને વણસાવે. બે સરખી૦

પ્રભુએ બે આપી સરખી,
જો સ્નેહે સરખું હરખી;
પ્રભુ બાળક તું પ્રભુ સમ બન,
સંકેત પ્રભુનો સ્વામી. બે સરખી૦

૪૮

# શાંતિ ને સાદ

શાંતિ મનની શાંતિ તનની શાંતિ સર્વ વિચારની,
ક્યાં ગઈ મારી અચાનક શાંતિ સદ્ વ્યવહારની.

હું સમજતો કે શાંતિ મારગ શુદ્ધ હૃદયોનો હશે,
સ્વપ્નેય નવ માન્યું હતું કે આમ એ ઊડી જશે.

હું માત્ર તારો ભક્ત છું બીજી ન કાંઈ ચાહના,
ઐશ્વર્યની ઇચ્છા નથી વૈભવ ન જોયે શાહના.

દેવી, હૃદયની આવ પાછી તું વિના ગમતું નથી,
તુંથી વિખૂટું ચિત્ત ઈશ્વર ભજનમાં રમતું નથી.



# જીવડો

જીવડો રખડી રખડી થાક્યો,
ઢોર હરાયું ક્ષેત્ર પરાયું,
ખાવામાં મોં નાખે;
અંતે રખડી ખીલે આવે,
કોઈ નહીં ઘર રાખે. જીવડો૦

બાળક મા પાસેથી ભાગે,
રમવા જ્યમ મન ફાવે;
દિવસ બધો રખડે,
પણ રાતે માની ગોદ ચહાવે. જીવડો૦

પીંજર ફાંસો સમજી પક્ષી,
ઊડી જાય તરુ બેસે;
ટેવ પડી મેવા ખાવાની,
પાછું પીંજર પેસે. જીવડો૦

પતિ વિશ્વાસે નીડર થયેલી,
નારી ઘર ઘર ચરશે;
પણ થાક્યે ખૂબ સુરતી વણસ્યે,
પતિપદ પાછી ફરશે. જીવડો૦


લગામ દાંતે પકડી ભાગે,
અશ્વ સ્વાર પછાડી;
ફરે પાયગામાં જોગાણે,
માગે બંધ પછાડી. જીવડો૦

## ૫૦

# ખેંચ લીયા સો દે દે તૂંને

ખેંચ લીયા સો દે દે તૂંને,
ખેંચ લીયા સો દે દે.
એસી કરણી રહેને દે. તૂંને૦

લેના, બદલેમેં ના દેના,
કાજીકું કહને દે,
જો દિલ રખના ચહે હમારા,
તો તેરા ગ્રહને દે.
ખેંચ લીયા સો દે દે. તૂંને૦



## ૫૧

# પારેવડાં

પારેવડાં ઘૂ ઘૂ ઘૂ ઘૂ ઘૂ ઘૂ કરતાં*
ઉડાડશો ન કોઈ એને ફરતાં. પારેવડાં૦

મારા મનડાનાં એ ચોર છે,
મારા આંગણના મીઠલડા મોર છે,
મને વ્હાલો એ શોરબકોર છે. પારેવડાં૦

કેવાં એક બીજા પર ઝૂમે છે,
રસભીનાં પરસ્પર ચૂમે છે,
ચૂમી ચૂમી ઘુમરીએ ઘૂમે છે. પારેવડાં૦

કરતલીમાં વિશ્વાસથી જમે છે,
સ્હેજ થાતાં અવાજ કમકમે છે,
ભૂલી ભોળાં પાછાં શમશમે છે. પારેવડાં૦

દ્વેષ, ઈર્ષ્યાંની વાત નહીં જાણે,
કરે ક્લેશ નહીં જાણે-અજાણે,
વ્હાલાં લાગે પરાણે પરાણે. પારેવડાં૦

---

* ભાવનગરમાં પોતાના બંગલાના ચોકમાં હંમેશાં પક્ષીઓને ચણ નખાતી (હજુ પણ નંખાય છે) ત્યાં એક વખત કબૂતરના વૃંદને જોઈને મારી પાસે બોલી ઊઠેલા 'અહાહાહા–પ્રજાનાં માણસો બધાં આ બિચારાં પારેવડાં જેવાં છે' પછી થોડો વખત પછી ચાલ્યા ગયા અને આ લીટીઓ રચાઈ – મહેશ અ. પટ્ટણી

## ૫૨

# ભોજ-વિક્રમના અવતાર

ભોજ વિક્રમ તણા સર્વ અવતાર જ્યાં,
કોણ ત્યાં કોણને ભાઈ ભજશે ?

સર્વ જ્યાં લૂંટનારા પડ્યા હોય ત્યાં,
કોણ વૈરાગ્યથી સ્વાર્થ તજશે ?

દેશસેવા તણા જૂજવા ભાવ જ્યાં,
દેશની દાઝ ત્યાં કોણ ધરશે ?

સર્વને સુખ તણી વ્યક્તિગત ચાહ ત્યાં,
અન્યનાં દુઃખને કોણ હરશે ?

✦ ✦ ✦

## ૫૩

# જિંદગીનો સરવાળો

પ્રાણ પવનમાંથી ખેંચું છું,
જીવન જગજીવનથી,
શુદ્ધ સ્વચ્છતા આકાશેથી,
રસાન્ન પૃથ્વી તળથી.

રૂપ તેજ સૂર્ય ને ચંદ્રથી,
અમૃત રસ જળમાંથી,
સમગ્ર જિંદગીનો સરવાળો,
મહા પુરુષ પ્રભુમાંથી.

## ૫૪

# ભક્ત વિશ્વાસ

રાજ્ય અભિષેકને દિવસ વનવાસ
શ્રી રામનો તે વળી તાત વચને,
એ કથાની પછી હક જ અફસોસનો
જગતમાં હોય શું અવર જનને.
''દુઃખમાં પણ પ્રભુ સુખ તણાં બીજ
વાવ્યા કરે'' એમ શાસ્ત્રો કહે છે,
એ જ વિશ્વાસથી ભક્ત સંસારમાં
દુઃખ નિશ્ચિંત રહીને સહે છે.

✦ ✦ ✦

## ૫૫

# રાજા પ્રજા

અનુષ્ટુપ

મિત્રો એ શત્રુના જેવા, મનથી ભાસતા હશે;
રાજ્યનો સર્વથા નાશ, ખાસ ત્યારે થતો હશે.

પ્રજાભાવ પ્રજામાંથી, લુપ્ત જ્યારે થઈ જશે;
બાદશાહતનાં નામો, નામ માત્ર રહી જશે.

પ્રજા બાળકની પેઠે, પાળતાં ભૂલ જ્યાં થશે;
સમ્રાટો ને નરેશોનાં, રાજ્યાસન ડગી જશે.

એ પરસ્પરની ગ્રંથિ, જો સાચી સમજાય તો;
પ્રજા સુખી રહે, રાજા સદા નિર્ભય થાય તો.

## ૫૪

# ભક્ત વિશ્વાસ

રાજ્ય અભિષેકને દિવસ વનવાસ
શ્રી રામનો તે વળી તાત વચને,
એ કથાની પછી હક જ અફસોસનો
જગતમાં હોય શું અવર જનને.
''દુ:ખમાં પણ પ્રભુ સુખ તણાં બીજ
વાવ્યા કરે'' એમ શાસ્ત્રો કહે છે,
એ જ વિશ્વાસથી ભક્ત સંસારમાં
દુ:ખ નિશ્ચિંત રહીને સહે છે.

✦ ✦ ✦

## ૫૫

# રાજા પ્રજા

અનુષ્ટુપ

મિત્રો એ શત્રુના જેવા, મનથી ભાસતા હશે;
રાજ્યનો સર્વથા નાશ, ખાસ ત્યારે થતો હશે.

પ્રજાભાવ પ્રજામાંથી, લુપ્ત જ્યારે થઈ જશે;
બાદશાહતનાં નામો, નામ માત્ર રહી જશે.

પ્રજા બાળકની પેઠે, પાળતાં ભૂલ જ્યાં થશે;
સમ્રાટો ને નરેશોનાં, રાજ્યાસન ડગી જશે.

એ પરસ્પરની ગ્રંથિ, જો સાચી સમજાય તો;
પ્રજા સુખી રહે, રાજા સદા નિર્ભય થાય તો.

## ૫૬

# કૃષ્ણ

ગાળના યોગ્યને ભક્તિ શી માધવા,
મારના યોગ્યને શાની સેવા ?

છાશ માખણ તથા ચોરને હોય શું,
નિત્ય નૈવેદ્યમાં મિષ્ટ મેવા ?

ગર્ભમાં આવતાં કેદમાં નાખીયાં
માત ને તાત. તે પુત્ર કેવા ?

નફ્ટ નગુણા અમે ક્યાંય દીઠા નહીં,
અખિલ બ્રહ્માંડમાં કૃષ્ણ જેવા !

✦ ✦ ✦

## ૫૭

# ભૂતદયા

આહિરમાં જન્મ તો ય દેવ, દેવકેરા.
શ્યામ શરીર તો ય હૃદય વલ્લભ અનેરા.

લીંગ કે સ્વરૂપ માણસાઈની ન સીમા;
ભૂતદયા એ જ પ્રભુતા અને ગરીમા.

૫૮

# પ્રભુજીનો કાગળ

પ્રભુજીનો કાગળ આવ્યો છે,
કોઈ વૃદ્ધ ફિરસ્તો લાવ્યો છે;
અદ્‌ભુત સંદેશ પઠાવ્યો છે,
પ્રભુજીનો કાગળ આવ્યો છે.


કહે છે "જગ છે તારે માટે,
પુષ્પો વેર્યાં મેં તુજ વાટે;
એ સઘળું તુજ સેવા માટે."
પ્રભુજીનો કાગળ આવ્યો છે.

"અંધાની આંખ થઈ રહેજે,
પંગુને સ્કંધ પરે લેજે,
દીનો માગે તે તે દેજે."
પ્રભુજીનો કાગળ આવ્યો છે.

"હું આ સૃષ્ટિનો પાલક છું,
તું મુજ શક્તિનો બાળક છું,
તો મુજ સમ બન ઉદ્ધારક તું"
પ્રભુજીનો કાગળ આવ્યો છે.

"જન સમૂહ તણાં દુઃખો હરજે,
પરકાજ પડે મરવું, મરજે,
અપમાન મળે તે સંઘરજે."
પ્રભુજીનો કાગળ આવ્યો છે.

"મૈત્રી કે દ્વેષ તને ન ઘટે,
તું જ્યાં જા ત્યાં જન ક્લેશ મટે,
તો મુજ સમ જગ તુજ નામ રટે."
પ્રભુજીનો કાગળ આવ્યો છે.



૫૯

## સખીરી ક્યાં કરવી ફરિયાદ

સખીરી ક્યાં કરવી ફરિયાદ
હું ગોરી નટવર કાળો એમાં શું તકસીર મારી.
કૃષ્ણ થવા ઇચ્છું રહી સંગે,
માને નહીં ગિરધારી – સખીરી૦

મહી ચોરે, માખણને ચોરે
ચોરે હૃદય નઠોર
ચોરે પણ ચોર નહીં પોતે
એવો કાન ચકોર – સખીરી૦

ઘર આવે, પનઘટ પર રોકે,
શરમ ન રાખે લેશ,
સાસુ નણંદ નાવલીઆ સાથે,
નિત્ય કરાવે ક્લેશ – સખીરી૦

એ કપટી, ભોળી વ્રજ નારી
ખેંચી ફસાવે રોજ,
જાય પછી સંતાઈ ન લાધે,
ક્યાં કરીએ જઈ ખોજ – સખીરી૦

એ બાળક રમનાર રમકડે
ક્ષણ ક્ષણમાં ફરનાર,
અમે ભક્ત ગોપિજન ઘેલાં
તરછોડ્યે મરનાર – સખીરી૦

૬૦

# બતાવો ઉપાય કો એવો

જન મન અંદર પેસી શકીને*
દુ:ખમાં ભાગીઓ થાઉ.
બની શકે તો શાંતિ પમાડું
નૈ તો અશ્રુએ એને ન્હાઉં
બતાવો ઉપાય કો એવો
બનું દુ:ખે ભાગીઓ તેવો ?
મૃગને મારી મઢૂલી પધારતાં–
દીઠાં ન સીતા નાર
હે સીતે, હે સીતે, કરીને
રોયા, નયને ચાલી અશ્રુધાર
બનું પતિ તો બનું એવો
હતો સતી સીતને જેવો.
તાંતણે તાંતણે ચીર પૂર્યાં
ને દ્રૌપદીની રાખી લાજ,

---

* કેટલાક ખેડૂતો જમીન બાબત ફરિયાદ કરવા આવેલ ત્યારે એ ખાતું જે અધિકારીના હાથમાં હતું તેની વિરુદ્ધ પોતે જઈ ન શકે તેમ કહેતાં એક વયોવૃદ્ધ ખેડૂતે બંગડી દેખાડી ઉદ્‌ગાર કાઢ્યા, 'આપ આટલું ન કરી શકો તો આ બંગડીઓ પહેરી લો' ત્યારે પોતે રોઈ પડેલા અને કામ કરી આપેલું પરંતુ તે દિવસે સાંજે આ કવિતા થયેલી–

હાથી હજારનું જોર હતું
પણ આવ્યો દુઃશાસન વાજ
બનું પ્રભુ તો બનું એવો
પાંચાલીને હાજર જેવો.

બે પગલે ભરી પૃથ્વી આખી ને
ત્રીજે લીધું ભરી આભ
જાણ્યા છતાં જાવા દીધું બળીરાયે,
છેતરાયે માની લાભ
બનું દાની તો બનું એવો,
બલિદ્વિજ વામને જેવો.

શ્રવણ પડ્યું જ્યાં વાક્ય કે,
મારો રામ ગયો વનવાસ,
દશરથજીએ પ્રાણ તજ્યા
જાણી ઊડી જીવનની આશ,
બનું તાત તો બનું એવો
હતો રઘુવીરને જેવો.

નંદ યશોદાની જીવન દોરી
ગોપી જનોના પ્રાણ
ઘેલું કીધું જેણે વ્રજને આખા
છેડીને બંસુરી તાન

બનું બાળ તો બનું એવો
વ્રજે નંદકિશોર જેવો.

ચપટી પૌંઆ માટે જેણે આપી દીધું
આખું કુબેરનું દ્રવ્ય
નાથના નાથે હાથે સેવા કરી
માન્યું નહીં અપસવ્ય
મળે મિત્ર તો મળે એવા
સુદામાને માધવ જેવા.

ઈશ્વર રૂપે પતિ પૂજનારી
દીઠી હજારો નાર
હદ કીધી અજામીલની નારે
પતિત પાલનહાર
મળે સતી તો મળે એવી
હતી અજામીલને જેવી.

૬૧

# એને ભરોસે ન રહેશો

એને ભરોસે ન રહેશો કોઈ
એને ભરોસે ન રહેશો.
ભૂલે-ચૂકે કૃષ્ણ ન કહેશો – કોઈ૦

જન્મ દેનારી દેવકીને પૂછો જઈને
પૂછી જશોદાજીને લેશો – કોઈ૦

ભોળી ગોપીને પૂછો, વ્રજના ગોપોને પૂછો
કેવો છે કાનજીનો પેશો – કોઈ૦

કૌરવથી ને પાંડવથી, મધુરી મોરલીના રવથી
પ્રીછી લ્યો નંદકુંવરના વેશો – કોઈ૦

## ૬૨

# તરો ને તરાવી લીઓ

સ્નેહ તણી સરિતા અહીં વહે છે,
ન્હાઈ લીઓ નવરાવી લીઓ.

અમૃત સમ ભોજન અહીંયાં છે,
ખાઈ લીઓજી ખવરાવી લીઓ.

આખર આ સઘળું તજી જાવું,
એ મનને સમજાવી લીઓ.

હોય તમારી કને, પર પાસે,
આપી દીયોજી અપાવી દીઓ.

પર ઉપકાર તણાં સહુ કામો,
આપ કરો ને કરાવી લીઓ.

કિસ્તી કરી પ્રભુ નામની, સાગર
આપ તરો ને તરાવી લીઓ.

૬૩

# અશ્રુનું બિંદુ

ગઝલ

હજારો જન્મનાં પાપો, કરોડો દોષ આ ભવના,
પલાળી ધોઈ નાખે છે, ફક્ત અફસોસનું બિંદુ.

વિમાસણ થાય સાચી તો, અધૂરી સર્વ ફરજોને-
ગુણોમાં ફેરવી નાખે, ફક્ત એક નેત્રનું બિંદુ.

થયું તેને વિસારી દે, થવાનાંને વિચારી લે,
વિમાસણને વલોવીને, નક્કી કર લક્ષ્યનું બિંદુ.

વિમાસણ ઉત્તમાશાળા, અનુભવ માત્રની પોથી,
વિમાસણના પરાગોમાં, ભર્યું છે જન્મ મધુબિંદુ.

અમારા દોષ ધોવાને, પ્રભુનાં ચિત્તને ચીરી,
દયા ગંગા વહેવાવે, અમારાં અશ્રુનું બિંદુ.

બધાએ દોષ હરનારું, પતિતને પાત્ર કરનારું,
અમે અગણિત ગુણવાળું, દીઠું અફસોસનું બિંદુ.

કુરુકુળ નાશ કરનારું, સુયોધન ગર્વ હરનારું,
હજારો અસ્ત્રથી તીખું, સતીનાં નેત્રનું બિંદુ.

અમે ભગવાનને વ્હાલા, અમે શ્રીકૃષ્ણના લાલા,
પ્રભુના ચિત્તને ચીરે, અમારાં અશ્રુનું બિંદુ.

૬૪

# એ દવાઈ છે

ગઝલ

વિષમ વ્યાધિ વધી જાતાં, મરણ પાસે ધસી જાતાં,
'પ્રભુ સાંનિધ્યની આસ્થા' અફર દૈવી દવાઈ છે.

તમારા સ્થૂલને માટે, સડેલા સૂક્ષ્મને સારુ,
'અખંડાનંદની ભૂકી' ખરી દૈવી દવાઈ છે.

સનેપાતે ફસેલાની, ત્રિદોષે તન પડ્યું જેનું,
દુઃખી એ દર્દીને માટે, 'પ્રભા' સાચી દવાઈ છે.

થયો જે મસ્ત માયામાં, ગુણે ગાંડો થઈ તેની,
'અનુભવ કીચમાં ડૂબકી' ફક્ત કડવી દવાઈ છે.

સમજ કે બે સમજથી જે, દૂષણથી ડાઘ લાગ્યા તે,
સ્મરણમાંથી ભૂંસાવાની, 'પરાર્થી થા' દવાઈ તે !

વસાવ્યાં દિલમાં વ્હાલાં, જગાવે આગ અંતરીયે,
વિના સ્નેહે બુઝાવાની, ન દીઠી કો દવાઈ મેં.

હૃદય પર કારમાં પડતાં, અજબ કો ગેબી ખંજરના
જખ્મ અણદીઠને માટે, 'સહન' અક્ષર દવાઈ છે.

અનુભવ પુસ્તકે જોતાં, ચિકિત્સા અશ્રુ વિણ રહેવા,
'રડી રડી અશ્રુસર સૂકવો' જડી અમને દવાઈ છે.

તમારી ભેદ દૃષ્ટિને, સહજમાં નિર્મલી કરવા,
'નયનમાં સ્નેહનું અંજન' અભેદી એ દવાઈ છે.

બધા વળગાડનો દોરો, સહુ આવેશની માત્રા,
સ્વરૂપના ભાનની કુંચી, 'પ્રભુ ભક્તિ' દવાઈ છે.

અહંતાને વિસરવાને, અને મમતા તજી દેવા,
સ્મૃતિ શ્રી રામ પાંડવનાં, ચરિત્રોની દવાઈ છે.

મટી અજ્ઞાનની અંધી, પ્રકાશે સ્થિર રહેવાની,
પ્રભુ શ્રીકૃષ્ણની ગીતા, મહાવાણી દવાઈ છે.

ગુરુ ને જ્ઞાનના દાતા, હૃદય માંહે વસાવાની
'સુદામા કૃષ્ણના સંબંધની ગાથા' દવાઈ છે.

બતાવું વાત આ છાની, તમારાં સર્વ દર્દોની
રસિલી રાધિકા પાસે, અજબ દૈવી દવાઈ છે.

૬૫

# એક પ્રાર્થના

હરિગીત

જે હાથથી તોડી ધનુષ પોતે બન્યા સીતાપતિ,
જે હાથથી રાવણ હણી ઉગારીયાં સીતા સતી;
જે હાથથી હાથી બચાવ્યો ડૂબતાં પાણી વિશે,
તે હાથથી આ હાથ મારો ઝાલજો દુનિયા વિશે.

જે હાથથી ગિરિવર ઉઠાવી આપ ગિરિધારી થયા,
જે હાથ દેવા રુકૃમિણીને આપ દોડીને ગયા;
જે હાથથી રથ પાર્થનો હાંક્યો હતો બનીને રથી,
તે હાથથી આ હાથ મારો ઝાલજો ભવ સારથિ.

સતી દ્રૌપદીને ચીર પૂર્યાં જે કરે કમળાપતિ,
અરિભાવથી ભજનારની યે જે કરે થઈ સદ્ગતિ;
જે કર થકી કરી નોકરી બળિરાયના દરબારમાં,
તે કર થકી આ કર અમારો ઝાલજો સંસારમાં.

૬૬

# બકા તે ભૂપને વાલા

ગઝલ

ઉપરથી શ્વેત દેખાતા, પ્રમાણિક સ્વચ્છ લેખાતા,
છૂપીથી માછલાં ખાતા, બકો તે ભૂપને વા'લા.

રગે રગ શુદ્ધ સાત્ત્વિક જે; પ્રભુને સ્વામી ભાવિક જે;
કરે ના હાજી હા ઠીક છે; નહીં તે ભૂપને વા'લા.

ખુશામદ સ્વાર્થની કુંચી લગાવી માલ લે ખૂંચી;
પડ્યા પણ તંગડી ઊંચી; જનો તે ભૂપને વા'લા.

ખરું હિત સાફ કહેનારા; ધણીનો ભાર વહેનારા;
પડે તે સર્વ સ્હેનારા; નહીં તે ભૂપને વા'લા.

✦ ✦ ✦

૬૭

# જીવ

કોઈ ખુશામતખોર કેરા ખોળિયામાં જીવ તું જા,
કરને મજા ઘર તું ભરી લે, આમ તે હેરાન શું થા.

આબરૂ ને જિંદગાનીની લડાઈ થાય છે આ,
શું ગુમાવું શું હું રાખું એ ન નિશ્ચય થાય હા હા.

૬૮

## સંબંધ નથી સચવાવાનો

સંબંધ નથી સચવાવાનો,
આ સમય નથી કચવાવાનો,
કલિયુગનો વા તો વાવાનો,
સંબંધ નથી સચવાવાનો.

ભવસાગર બહુ તોફાની છે,
કિસ્તી જનની તો ફાની છે,
ત્યાં એક ભરોસો મા'વાનો,
સંબંધ નથી સચવાવાનો.

✦ ✦ ✦

૬૯

## હું અને તું

દોહરા

હું કેવો દેખાઉં છું એ વૃત્તિ જો જાય;
જગલીલાની તો બધી ખૂબસૂરતી દેખાય.

પોતાને ભૂલી શકે જોઈ શકે જે અન્ય;
પર માટે શક્તિ બધી માને તેને ધન્ય.

હું ચક્કર નાનું ઘણું તું ચક્કર વિસ્તાર;
એ સમજે તે છે ભણ્યો અંકગણિતનો સાર.

'હું' સઘળે જ્ઞાની જુએ 'તું' સમજે તે ભક્ત;
'તે'માં ગોથાં ખાય તે કર્મયોગ આસક્ત.

# ૭૦

# પ્રાસ્તાવિક શ્લોકો

(૧)

ઈશ્વરથી પણ ગુપ્ત રહેશે,
અન્ય હિસાબ પછી કોણ લેશે;
આંખ મીંચી સરભર કરી દેશે,
મૂર્ખ જ એમ વિચાર કરે છે.

(૨)

ડરવું નહીં પ્રભુથી પણ નાહક;
ફરવું નહીં કદી નિશ્ચયથી;
મરવું પડે પણ ભરવું ન પાછું
પગલું ભર્યું, તે કદી ભયથી.

(૩)

સંસારનું ભાન કરાવનારાં,
વૈરાગ્યનો માર્ગ બતાવનારાં,
શમે દમે ચિત્ત ચડાવનારાં,
સંબંધીઓ ધન્ય બધાં અમારાં.

(૪)

વિરાટ જેવું જબરું શરીર,
છતાં રહે જે અશરીરિ ધીર;
એ પાત્ર છે માત્ર પ્રભુપણાને,
સત્તા ભલે મૂર્ખ પ્રભુત્વ માને.

(૫)

છતી આંખે અંધા, બધીર વળી કર્ણો પણ છતાં,
છતી જીભે મૂંગા, મૃત શરીર સાજું પણ છતાં;
રહે એવી રીતે સહન કરતાં જે સહુ વલે,
સખે એવાઓએ કરવી નૃપની નોકરી ભલે.

(૬)

મિષ્ટાન્ન સજ્જન સુસંગતિ ખૂબ મિષ્ટ,*
પામ્યા વિવાહિત વધૂ સુશીલા અભિષ્ટ.
એથી ય મિષ્ટ કહું હું કરી હર્ષનાદ,
ભક્તિ પ્રસાદજી તણો પ્રણય પ્રસાદ.

(૭)

જ્યાં ઉપાય નહીં ત્યાં ન રહેવું,
જે સહી ન શકાય ન તે સહેવું;
જ્યાં ન સંભળાય, ન ત્યાં કહેવું,
જ્યાં ઉપાય નહીં ત્યાં ન રહેવું.

---

* જાફરાબાદમાં ડૉ. ભક્તિપ્રસાદ વૈદ્યને ત્યાં પોતાના પૌત્ર મહેશભાઈની જાન લઈને લગ્ન કરવા ગયેલાં ત્યારે ત્યાં જમણમાં આ કવિતા બનાવી કાઢી પોતે બોલેલા.

## ૭૧

# સીમા

નહીં સીમાની દરકાર મને, નહીં સીમાની દરકાર.

સીમાડો દુનિયાનો શેઢો
જગત મને તલભાર
વિશ્વ બંધુભૂમિ રમવાની
હદની શી તકરાર. – મને૦

પ્રેમ જલાશય અખૂટ પ્રભુનું
ત્યાં કરનાર વિહાર
કેમ પડે હોજોમાં ન્હાવા
દરિયાનો તરનાર. – મને૦

જગનાં બાળક સાથે રમું છું
જેનો પ્યાર અપાર
એ ભોળાંને છોડી શાને
બાંધું હું ઘરબાર. – મને૦

આત્મા હું કંઈ નામ ન મારું
પ્રભુ મારો સરદાર

એ અખંડ શક્તિનો ભોક્તા
શીદ સેવે દરબાર. – મને૦

સીમા બંધન સીમા રૂંધન
સીમા રોકણહાર
અમે વિહંગમ ત્રિભુવન કેરાં
ઊડનારાં હદપાર. – મને૦

માનસર તણા હંસ કરે નહીં
બક સાથે વ્યવહાર
સુંદર ચારો તજી મુક્તાનો
મત્સ્યો ખાય ગમાર. – મને૦

૭૨

## નણદીના વીર

નણદીના વીર હવે આંગણે પધારજો
નયણે ચાલ્યાં જાય નીર રે. – નણદીના૦

દિવસો ગયા માસ વરસો ગયાં
મારાં સુકાણાં કોમળ શરીર રે. – નણદીના૦

સાસુ-સસરાનાં હૈયાં તડફડે છે
નણદી પુકારે "વીર વીર" રે. – નણદીના૦

ટહુકા કરી કરી થાકી ગઈ મેના,
થાક્યા મારા વ્હાલાના પીંજરના કીર રે. – નણદીના૦

સહુના મંદિરમાં માણે સાહેલીઓ,
એક મારું સૂનું મંદિર રે. – નણદીના૦

આશાનાં બીજ નાથ ઊંડાં ગણાય છે,
તો ય મારું મનડું અધીર રે. – નણદીના૦

## ૭૩

# કરજદારી ભરી દેવી

જગત આ ક્ષેત્ર સેવાનું,
મફત સેવા કરી લેવી;
પ્રભુએ જન્મ આપ્યાની,
કરજદારી ભરી દેવી.

ગ્રહો ઉપકાર પ્રત્યુપકાર–
તો સામો કરી છૂટો.
સુઆજ્ઞા ધર્મની છે કે
કરજદારી ભરી દેવી.

મળે અપમાન તો સામું
વિનયથી માન વરસાવી,
હૃદય અપમાનીનું જીતી
કરજદારી ભરી દેવી.

જીવન નથી રાખવા માટે,
જીવન છે આપવા માટે;
પ્રભુને પામવું હોયે
કરજદારી ભરી દેવી.

પ્રજાથી રાજ શોભે ને
પ્રજા રાજા થકી શોભે;

પરસ્પરની ફરજ સમજી
કરજદારી ભરી દેવી.
કુપુત્રો થાય છે જગમાં
કુમાતા ક્યાંય ના થાયે;
જીવનનો સાર એ સમજી
કરજદારી ભરી દેવી.

પતિથી પત્ની પોશાયે
પતિ પત્નીથી સેવાયે;
ખરું ગાર્હસ્થ્ય એ સમજી
કરજદારી ભરી દેવી.

પિતાના પુત્ર પર ભાવો,
પિતા પર પુત્રની ભક્તિ;
સુગ્રંથિ જીવનની લેખી,
કરજદારી ભરી દેવી.

બને નહિ શેઠ શઠ
નહિ તેમ સેવક સેવ્યને લોપે;
ગણી એ ધર્મ સંસારી,
કરજદારી ભરી દેવી.

## ૭૪

# કાયદા વો હૈ

અગર હમ દિલ ચુરાતે હૈં,
જીગર બદલે મેં હમ દેતે;
'વગર મૂલી નહીં લેના'
હમારા કાયદા વો હૈ.

પ્રભુ કે દાસ હમ રહેંગે,
કરેંગે જો બતાદેંગે;
જુમેદારી ઉસીકી હૈ,
પ્રભુસે વાયદા વો હૈ.

ગુલોં કો જો બનાતા હૈ,
મહકભી ઓઢી દેતા હૈ;
જીસેં જો ડાલતા મહેકી
ઉસીસે ઓ નિકલતી હૈ.

પ્રભુ કી હૈ જુમેદારી,
ફૂલોં કી નામ બદનામી;
કહોજી ક્યા શરીયતસે
નીકાલા કાયદા વો હૈ.

૭૫

## તું હીં દે દે

અગર મેં રોશની હોતી,
પતંગોસે બુઝાતી મેં;
હકીમ ઓર વૈદ હોતી તો,
કંઈ ઝખમો રુઝાતી મેં.

ગુલોં કી ગુલશ્રીયાં હોતી,
ભંવરસે તો ચુરાતી મેં;
અગર કયદી દરોગાથી;
બદલ કયદી પુરાતી મેં.

ન જાનુ દિલ કો લેને કો,
સમજ હે ફક્ત દેને કી;
ન તોતા ફૂરસી મેં હું,
તાસિર હે ભોલી મેના કી.

ન ખંજર મારના જાનું,
મેં હી તો ખંજ ખાતી હું;
હમારા કોઈ મત ગાના,
પરોં કા ગીત ગાતી હું.

ન લેને કી ખબર કુછ ભી;
પઢાયા કાજીને 'દેદે'
પ્રભુ કા એહી ફતવા હે
'તુંહી દેદે, તુંહી દેદે'

અગર પુરુષાના હોતી મેં,
રહેતી નાજની માફક;
અગર માશુક બનતી તો,
રહેતી માફકે આશક.

ઠિકાના કો બદલ દેના,
દિલોં કી હે મજા વોહી;
ચૂસે જો દિલ, ઉસીકે પર,
બહાના આપકા લોહી.

## ૭૬

# એટલું એ ક્યાં ?

પતિ ને દેવમાં કાંઈ પ્રિયાએ ભેદ ના લેખ્યો,
પિયુ છો કિંકરી લેખે પ્રિયાને એટલું એ ક્યાં ?

પ્રણયની ચૂમીઓ માંહે અમે ન્હવરાવતા ઝૂમી.
અમારી માંદગી સેવે પ્રિયાનું એટલું એ ક્યાં ?

લીધા'તા દોકડા કરજે દીધા સોના રૂપે પાછા,
હવે જો જીવવા દે તો વણિકનું એટલું એ ક્યાં ?

કરી જન માત્રની સેવા રહે એકાન્ત વાસે જ્યાં,
પુછાયે સ્વાસ્થ્ય પત્રોથી સુહૃદનું એટલું એ ક્યાં ?

કરી તન ચિત્તથી ધનથી અને જીવિતથી સેવા,
સ્મરે ને છોકરાં પાળે નૃપોનું એટલું એ ક્યાં ?

ગયો અલિ કેતકી પુષ્પે જરા મધ બિંદુને લોભે,
રહ્યું મધ તો, બચે મરતાં સુપુષ્પી એટલું એ ક્યાં ?

અમારી જિંદગી ભરની હૃદયની બંદગીમાંથી,
ફક્ત ક્ષણની સ્વીકારે તો પ્રભુનું એટલું એ ક્યાં ?

પીએ ખાએ અને ખેલે કરે મન માનતી મોજો,
કરે ક્ષણ બંદગી પ્રભુની મનુજનું એટલું એ ક્યાં ?

અમારા લાખ ઉપકારો ભલેને વીસરી જાજો,
વિરમજો માત્ર અપકારે તમારું એટલું એ ક્યાં ?

નવા વર્ષે શરૂઆતે સુહૃદ મિત્રો અને સ્નેહી,
શુભેચ્છા પ્રેશજો લેજો, તમારું એટલું એ ક્યાં ?

વિયોગે માત્ર પત્રોથી પરસ્પર દર્શનો થાયે,
અમોને તે દઈ, લેજો, તમારું એટલું એ ક્યાં ?

૭૭

## હંસલો

હંસલો આવ્યો સમુદ્રને કિનારે
ખારાં ખારાં પાણી ને મીનોને ચારે... હંસલો૦

માનસર સૂક્યું ને માનસ બદલાયું
છૂટ્યો મોતીનો આહારે,
ઊડી ગયાં સર્વ સ્નેહી સંબંધીઓ
આવી પડ્યો છીપલાંને આરે... હંસલો૦

વૃંદ એક મોટું બકોનું હતું ત્યાં
શ્વેતરંગ સરખે આચારે
રાજી થયો સ્નેહ બાંધી નવો,
ભૂલ ખાધી ભોળાયે ભારે... હંસલો૦

સ્વર્ગીય સૌખ્ય માનસરમાં ભોગવતો
જે મૃણાલ તંતુને ક્યારે,
વિધિ થતાં વામ આવી પડ્યો તે
આજ વારિધીને ઓવારે.... હંસલો૦

૭૮

## સૂમ અને દાતાર

સૂમ ન થા દાતાર થા,
સુમન જ સુખ લેનાર;
લેનારો ખોનાર છે,
દેનારો લેનાર.

છેડ્યો પશુ ને વૃક્ષનો,
મેં જીવનનો તાર;
સુણ્યા અવાજો આવતા,
'આપ આપ' રટનાર.

✦ ✦ ✦

૭૯

## અમોને ઝૂંપડી વાલી

રહેતાં હોય હડ્ડીથી, કદી મન શાંત શ્વાનોનાં,
મુબારક હડ્ડીઓ એને, અમોને રોટલી વા'લી

જગતના બાગનાં પુષ્પો, સુગંધી લાલ જો ખીલે,
ગુલાબી મોસમી પુષ્પો તણી માળા મને વા'લી

મુસાફરને સરાઓ ને જનોને આંગણાં ઘરનાં,
નૃપોને કેદખાનાં ને અમોને ઝૂંપડી વા'લી.

## ૮૦

# આત્મભોગ વ્યવહાર

### દોહરા

રાજ્ય પડે રાજા પડે પણ રૈયત રહેનાર,
જુઓ હજી ઊભી રહી ગયા ઈશ અવતાર.

એ વસ્તુ સ્થિતિ ધ્યાનમાં લઈને જે ફરનાર,
તે જ ખરો નીતિ પુરુષ છે રાજ્ય પુરુષ સરદાર

નિજબળ પર જે જોમ દઈ ટકવા હઠ કરનાર,
હઠે અંતમાં હારિને પરસુખનો હરનાર.

સુખ આપે તે સુખ લહે ન્યાય પ્રભુ ઘડનાર,
જગને ચડવે તે ચડે અન્ય બધા પડનાર.

વ્યક્તિ મદમાતી થતાં જગમદ ઊતરવનાર,
તારનાર જગનો બને તે એક જ તરનાર.

પરસેવનમાં જીવનને કુરબાની કરનાર,
મર્યા છતાં જીવ્યા કરે પરદુઃખ ભંજનહાર.

કુદરત પર જોશો જરા તો નજરે પડનાર,
રચ્યો પ્રભુએ પ્રેમથી આત્મભોગ વ્યવહાર

# દિવાળી

દિવાળી આજ આવી છે હિસાબની રાત આવી છે.

શુદ્ધ પ્રમાણિક વેપારી ઘેર છે ઊજળી આજ દિવાળી,
સાચાં ખોટાં કરનારને બેઠી કાલથી ચૌદશ કાળી. – દિ૦

આખર સાલની પાછલી બાકી સર્વ વેપારી ખેંચે,
કોઈ હસે કોઈ કાઢે દિવાળું શામળ દોરી ખેંચે. – દિ૦

પાઈએ પાઈનું લેવું દેવું છૂટ ન કાંઈ કરે છે,
દમડીની દાનત હોય જો ખોટી નાથ તો સર્વ હરે છે. – દિ૦

વકીલ કરે અઢળક ફી આપી અહીં ભલે સહુ મ્હાલે,
ત્યાંનો ન્યાયાધીશ અદલ ઇન્સાફી કૂડકપટ નહિ ચાલે. – દિ૦

ખોટા હિસાબ રખાઈ શકે અહીં કાઢી કે રકમ ઉમેરી,
નાથને ચોપડે છાપ પડી તે નાથે શકે ન ઉખેડી. – દિ૦

સટ્ટાબાજી કરી ખૂબ કમાઈ અહીં ભલે રહો રેલી,
સરવાળો નાથને મંદિર થાશે નાખશે સર્વ ઉકેલી. – દિ૦

કોઈ હસે કોઈ કાઢે દિવાળું શામળ દોરી તાણે,
દુષ્ટ દુઃખી અંતે થાય છે તેમજ મોજ પ્રમાણિક માણે. – દિ૦

ચોખ્ખો હિસાબ વેપારી કરે છે વર્ષની આખર જેવો,
જિંદગી આખર નાથ કરે છે સર્વ જનોનો તેવો. – દિ૦

## ૮૨

# 'જગાડોમાં'

મને આનંદ નિદ્રાથી જગાડો મા જગાડો મા
અમારી ગાઢ નિદ્રાથી જગાડો મા જગાડો મા

અમારી ઊંઘમાં કુસ્તી પ્રભુની સાથ થાએ છે,
સખે એ સૌખ્ય મસ્તીથી જગાડો મા.

સુનિદ્રામાં કરું કુસ્તી જગતના નાથથી બાઝી,
મને એ ભવ્ય મસ્તીથી જગાડો મા જગાડો મા.

સ્વદેશી ઉન્નતિ માટે ગગનમાં બાંધતા કિલ્લા,
પરસ્પર સ્વાર્થને માટે; સુનિદ્રાથી જગાડો મા.

સુખોમાં રાખતાં રે'તાં કુટુંબી સ્નેહીઓ સાથે,
જગતના ક્લેશ ભુલાયે; જગાડો મા જગાડો મા.

ગરીબના દુ:ખમાં રોતાં, દુ:ખીનાં અશ્રુઓ લો'તાં
અમારું ભાન જાયે તો ભલે જાયે, જગાડો મા.

રમું જગ બાળકો સાથે સુવાડી અંકમાં ચૂમું,
કદી લોકો કહે ગાંડો, ભલે ગાંડો જગાડો મા.

કરું જગ સેવના, ન કરું તથાપિ શાહની પરવા;
મને ભર ઊંઘ મગરૂબી તણીમાંથી જગાડો મા.

સ્વદેશ પ્રેમી રણ ઝૂમે ખરું સ્વાતંત્ર્ય મેળવવા,
સૂવે રણ ભૂમિમાં શૂરો, ભલે સૂતો જગાડો મા.

અમારું તાન ઈશ્વરમાં અમારું ભાન ઈશ્વરમાં,
ભૂલેલા ભાનવાળાને કૃપા કરીને જગાડો મા.

ઘણા ઊંઘેલ જાગ્યા છે ઘણા જાગેલ ઊંઘે છે,
અમોને ગાઢ નિદ્રામાં પડેલાને જગાડોમાં.

૮૩

# રૈયતની રા'ડ

## સવૈયા

ધૂળ ધમી સોનું રૂપું દે, એ ખેડુ પર જુલમ છે, રાજ !
અમે બાળકો, આપ પિતા છો આમ ઘટે નહીં હો, મહારાજ !

આપ અમારે ઈશ્વર સમ છો સંભાળો અમ યોગક્ષેમ.
જેમ પ્રભુ સંભાળે તેમને અમે માગીયે આપથી એમ.

અમે ગાય સમ પ્રજા તમારી તમે કૃષ્ણ સરખા ગોવાળ,
પાળો પોષો પ્રભુ સમ અમને ગૌબ્રાહ્મણ રૈયત પ્રતિપાળ.

રક્ષનાર નાના નોકરનો ઊલટો અમ પર અદકો ત્રાસ,
અમલદાર ફરિયાદ સુણે નહિ આવવા ન દે આપની પાસ.

હૃદય અમારાં પ્રભુ બન્યાં છે નાહિંમત ને બહુ હતાશ.
એક આપમાં તો ય રહ્યો છે હજી કાંઈ કાંઈ વિશ્વાસ.

એ વિશ્વાસ તંતુ પર જીવન; તંતુ તૂટતાં ખરી જશે.
ફક્ત એક અફસોસ અમોને રાજ ! રાજ્ય પણ ખતમ થશે.

''લાખ મરો પણ રહો અમર લાખનો પાળનારો જગદીશ''
મરતાં પણ દઈ જશું અમે નૃપવર, શુદ્ધ હૃદયની આશિષ.

૮૪

## 'હું અને મારો ભક્ત'

હું ને મારા ભક્તમાં ફેર ક્યાં છે ?
ભક્તો મારા હૃત્પ્રદેશે રહ્યા છે.

છોડું તોયે એ ન હુંથી વછૂટે,
સ્નેહ ગ્રંથિ એ અમારી ન તૂટે.

નાનું બાળક જેમ, જનનીને વળગી રહે,
ભક્ત અંકમાં તેમ, વિશ્વાસે આળોટતા.

'મને ન છોડે એને છોડું,
તો હું પરમેશ્વર શાનો.'

ભક્તોને ન શકે સાંભળી,
તો તે વિશ્વેશ્વર શાનો ?

## ૮૫

# 'કર, ભોગવ'

'કરવું તે ભોગવવું' એ વાત
સત્ય હોય જો સંસારે,
પરમેશ્વરને પણ તો પ્રણિપાત
શીદ કહો કરવો મારે ?

"કર, ભોગવ" એ પ્રભુનો મંત્ર
જગ જિંદગીનો સાચો તંત્ર,
સમજાયે તો સહુ સ્વતંત્ર
ખોટ નથી એ વ્હેપારે.

માગે તેને દેનારાઓ
પરના ભારો વહેનારાઓ,
મોક્ષ પરાણે લેનારાઓ
ઈશ્વરને પણ પડકારે.

ભક્ત રક્ષણે પ્રભુજી ધાય
ગજ ઉગારવા માટે જાય
દ્રૌપદીને જઈ કરે સહાય
એ જ મંત્રને અણસારે.

જે પરનાં હૃદયો માપે છે
રડતાનાં દુ:ખો કાપે છે
અરિને પણ નહીં જે શ્રાપે છે
એ શીદ હરિને ગણકારે.

## ૮૬

# નિસ્પૃહતા

સૂઝે જે ચિત્તમાં અમને,
અમે તે સાફ કહી દઈએ;
ગમે કે ના ગમે તમને,
અમોને એ નથી પરવા.

પ્રભુના ધામમાંથી ધોધ–
સત્તાનો વહે છે તે;
નથી મગદૂર કે કોઈ,
જુલમથી તે પડાવી લે.

તમારું શુભ સમાયેલું
અમોને જે વિષે લાગે;
વગર પૂછ્યે કહી દઈએ,
કંઈ રાખ્યા વિના પરવા.

તમારા કર્ણમાં આ –
સત્યને છે રેડવું મારે;
સ્વીકારો કે સ્વીકારો ના,
અમોને એ નથી પરવા.

''અમે ઘેલા તમે ડાહ્યા''
ખુશામત એ કરી થાક્યા;
હવે સંસારમાં અમને
નથી કોઈ તણી પરવા.

✦ ✦ ✦

## ૮૭
## ત્રિગુણ યોગ

શરીર હઠયોગથી માત્ર આધિન બને,
મન શરણતા ભજે રાજયોગે;
ભક્તિથી સ્થાન આત્માતણું પ્રાપ્ત છે,
વ્યાપ્ત માયા શરણ ત્રિગુણ યોગે.

૮૮

## મનોરથ

મન અર્જુન આત્મા પ્રભુ,
એક નૃપ સારથિ એક;
ઘડે ઘાટ મન-રાય ને
સારથિ કરે વિવેક.

આડુંઅવળું થાય જો
મન રાજાનું કામ,
ગમે તેમ સવળું કરે
સારથિ એનું નામ.

દુર્યોધન તે દુષ્ટ મન,
સારથિની ન દરકાર,
પોતે બેઠો હાંકવા,
બધો વળ્યો સંહાર.

અશ્વો માંડે ખેંચવા,
લગામ તૂટી જાય,
ગાડી જો ઊંધી વળે,
હાંકનાર મરી જાય.

બેસનારને વાગશે,
પણ બચવાનો લાગ;
પણ જે હાથે હાંકશે,
તેનાં માઠાં ભાગ્ય.

હાંક્યું હાથે કૌરવે,
તો જોજો પરિણામ;
સઘળાં સાહિત્યો છતાં,
ખાડે પડ્યું તમામ.

પ્રભુએ પૂછ્યું રાયને,
હું આવું કે સૈન્ય;
સૈન્ય માગીને ઊલટું,
વો'રી લીધું દૈન્ય.

સાહિત્યો સહુ હોય ને
હાંકનાર નવ હોય,
ઘોડાગાડી બેસતા,
અમે ન દીઠા કોય.

અધૂરાં સાહિત્યો હતાં,
ઘેર હતું નહિ રાજ,
એક કૃષ્ણ સારથિ થતાં,
સર્યાં પાર્થનાં કાજ.

ઇંદ્રિયરૂપી અશ્વ છે,
શમ દમ આદિ લગામ,
ભક્તિ-જ્ઞાન બે ચક્ર ને
હૃદય ઊંધ પ્રભુ-ધામ.

ધ્યાન દોર એ છે ધરી,
ભવસાગર પર ખેડ;
તરી જવું જો હોય તો,
કૃષ્ણ સારથિ તેડ.

સાદો પણ જન સારથિ,
હોય નહિ હુશિયાર,
ધબ ધકેલશે ખાડમાં,
એ જ આવશે સાર.

ધર્મરાય રૂપ ધર્મનું,
ભીમ સાહસિક દેવ,
પુરુષ પરાક્રમ પાર્થ ને
કાળ જ્ઞાન સહદેવ.

એ સાધન સંગ્રામનાં
પૂરાં હોયે તોય,
ઈશ સારથિ વિણ નહીં,
વિજય મેળવે કોય.

બ્રહ્મચર્ય બળ ભીષ્મ ને
ગુરુ સમ વિદ્યા હોય;
ઔદાર્યે પણ કર્ણથી
રથિ વિણ વિજય ન હોય.

એ જ કારણે પાંડવે,
કર્યા સારથિ કૃષ્ણ,
પરિણામ પ્રત્યક્ષ છે,
શીદ પુછાવો પ્રશ્ન ?

ભીષ્મ, કર્ણ, ગુરુ ગુણી છતાં,
રથિ વિણ પામ્યા હાર;
શલ્ય એકલું અવગુણી,
કેમ ઊતરે પાર.

પાંડવના ભગવાન તે,
પંડ તણા ભગવાન,
એમ માનનારા તણું,
કૃષ્ણ તારશે વ્હાણ.

ભવસાગર તે ઉદધિ છે,
જન શરીર છે વ્હાણ,
હૃદય સ્થાન સુકાન ને
સુકાનિ શ્રીભગવાન.

વિણ સુકાનિએ વહાણથી,
તરવા કરે વિચાર,
એ સમાન બીજો કયો,
મૂર્ખ તણો સરદાર ?

પાર્થ સારથિ, હે પ્રભુ !
કૃષ્ણ, નાથ, ગોવાળ !
મારો રથ પણ હાંકજો
રાખીને સંભાળ.

કર્યાં કૈકનાં કાસદાં,
બન્યા કૈકના દાસ,
તો મારી પણ એકની,
હવે પૂરજો આશ.

માગે તેને આપવું,
બિરદ આપનું એમ,
કદી કાયર દીઠા નથી,
હુંમાં થાશો કેમ ?

હાંક્યો'તો દૃઢ પ્રેમથી
મિત્ર તણો રથ જેમ,
આ જ મનોરથ માહરો,
હરિ હાંકજો એમ.

અથવા ક્યાં જાનાર છો,
વચન તણા આધીન,
ભક્ત આપનો આપને,
કે'વરાવશે મીન.

૮૯

# શરીર-સંરક્ષણ

(ઉપજાતિ)

ખાધાંપીધાં કાંઈ ન કામ આવે,
વળે ન કાંઈ વળી ગાન ગાવે;
સંબંધીનો સ્નેહ ન જાળવાય,
શરીર-સંરક્ષણ જો ન થાય.

કુટુંબના સ્તંભ ગણાય જેઓ,
વડીલમાં મુખ્ય ગણાય જેઓ,
તેને ભલું કોઈ ન કાંઈ થાય,
શરીર-સંરક્ષણ જો ન થાય.

લાખો રૂપૈયાની કરે કમાઈ,
કહે 'ખમાં' ચાકર ધાઈ ધાઈ,
તેઓ તણો ભાવ નહીં પુછાય,
શરીર-સંરક્ષણ જો ન થાય.

ઘોડા અને ગાડી અને મિયાના,
વગાડવા સુંદરી ને પિયાના;
આવે નહીં તે પણ કામ કાંય,
શરીર-સંરક્ષણ જો ન થાય.

ભણ્યાગણ્યા તે પણ સાવ વ્યર્થ,
શું કામનો તેમ મળેલ અર્થ;
પ્રખ્યાત ક્યાંથી જગમાં થવાય ?
શરીર-સંરક્ષણ જો ન થાય.

શું કામનાં માતપિતા કલત્ર,
કુટુંબીઓ સર્વ સગાં સુમિત્ર;
સ્નેહી બધાં સ્વાર્થ તણાં જણાય,
શરીર-સંરક્ષણ જો ન થાય.

રાજા તણી નોકરી કામની શું ?
સુલક્ષણી કામિની કામની શું ?
સંતોષ ક્યાંથી સહુને કરાય ?
શરીર-સંરક્ષણ જો ન થાય.

## ૯૦

# રસ્તો ન લેશો કદી

(શાર્દૂલ)

પ્યારા ભૃંગ પવિત્ર માલતી તણું છે દૂર ઝાઝું વન,
ખીલી છે બહુ કેતકી નજીકના ઉદ્યાનમાં, તો પણ
પોતાની સ્વકીયા પ્રિયા વગરનું છે સર્વ બીજું રદી;
છે ટૂંકો પણ કંટકે સહિત એ રસ્તો ન લેશો કદી.

વ્હાલા યુદ્ધ કરો સ્વયંવર રચો કાં તો વિવાહે વરો,
છાનાં આમ જતાં કલંક ચડશે ધ્યાને વિનંતી ધરો;
બીજું તો નથી લેખતી પણ મને શું બોલશે દ્રૌપદી,
છે ટૂંકો પણ કંટકે સહિત એ રસ્તો ન લેશો કદી.

હાં સીતે દયિતે, સતી પ્રિયતમા, ક્યાં તું છુપાઈ ગઈ,
કીધો હોય વિનોદ રોષ મટવા તો આવ ઝાઝી થઈ;
તારો આ અભિરામ રામ તુજને લે લે લગાવે હૃદી,
છે ટૂંકો પણ કંટકે સહિત એ રસ્તો ન લેશો કદી.

૯૧

## ગરીબની સેવા

(હરિગીત)

જે ગરીબની સેવા કરી,
જનસમૂહ માટે જીવશે,
એનાં રહેશે રાજ્ય,
બીજાનાં બધાં ચાલ્યાં જશે.

રાજા અને રૈયત મળીને,
રાજ્ય સંજ્ઞા થાય છે;
જુદાં નથી એ બે
પરસ્પર ઓતપ્રોત ગણાય છે.

એ દૃષ્ટિએ જોનાર નૃપ,
ઈશ્વર તણો અવતાર છે;
જીવે જિવાડે જગતને,
એનો જ જયજયકાર છે.

## ૯૨

# ભીડભંજન પ્રાર્થના

(પ્રભાત)

ભીડભંજન સદા ભીડભંજન કરો,*
આર્તનાં દુઃખ હરો ભક્ત જાણી,

બટુકનો બાપ તો આપ છો હું નથી,
રક્ષજો બાળને પ્રેમ આણી,

સેવના જો કરી હોય મેં અવરની,
આપ તો આજ કરજો અમારી,

અવસરે પણ નહિ નાથ આવી શકો
તો પછી શી પ્રભુતા તમારી.

---

* પોતાના નાના પુત્ર શ્રી બટુકભાઈ પોરબંદરમાં અચાનક ગંભીર બીમાર પડી જવાના પોતાને ખબર મળતાં જે ચિંતા-વિષાદની લાગણી જન્મેલી તે આ શબ્દોરૂપે બહાર આવેલી.

૯૩

# મને એ દુઃખ થાય છે.

ગઝલ

ગરીબ આ દેશની વસ્તી*
કરોડો જ્યાં ભૂખે મરતા,
ધનિક ત્યાં માગવા આવે
મને એ દુઃખ થાયે છે.

ન ચાલે ધર્મને પંથે
કરી સદ્ધર્મની વાતો;
કુમાર્ગે અજ્ઞને દોરે
મને એ દુઃખ થાયે છે.

કહેવું કંઈ મુખેથી ને
હૃદયમાં ઇચ્છવું કાંઈ,
ક્રિયા એ બેયથી ઊંધી
મને એ દુઃખ થાયે છે.

---

* એક ભાઈ કોઈ ફંડ ઉઘરાવવા આવેલા ત્યારે પોતે આપ્યું તો ખરું પણ આ લીટીઓ તેમને સ્ફુરેલી.

૯૪

## અભિલાષા

હજી સો વર્ષનું આયુષ્ય આ મારું થવાનું છે;*
સકળ સંસારનું દારિદ્રય આ કરથી જવાનું છે.

હૃદય મારું મનુષ્યોના હૃદયથી માપવાનું છે;
જીવન જનસમૂહના ઉપયોગ માટે આપવાનું છે.

ઉખેડી મૂળ કજિયાનાં પ્રણયનાં વાવવાનાં છે;
બધે સુખસંપના સુપવિત્ર મંત્ર જપાવવાના છે.

✦ ✦ ✦

૯૫

## અમરત્વની ચદ્દર

પ્રભુના ખોળામાં પોઢું છું,
અમરત્વની ચદ્દર ઓઢું છું.

ચુમીઓ લક્ષ્મીજી નિત્ય ભરે,
નીતરતે નયને સ્નેહ કરે.

વૈકુંઠની ભૂમિ રમવામાં,
પ્રભુ પાર્ષદ લશ્કર નમવામાં

* એક વખતે પોતે બહુ બીમાર પડેલા અને લેડી રમાબહેન બહુ ચિંતા કરતાં ત્યારે પથારીએથી આ કવિતા લખેલી.

૯૬

# ફરું છું શોધમાં એની

ગઝલ

સુકાઈ આ પ્રણય સૃષ્ટિ,
ગયો ક્યાં સ્નેહ મે' ઊડી ?
બપયાની મુવાફ્ક હું,
ફરું છું શોધમાં એની.

જગતના નાથને મળવું,
બતાવો કોઈ શી રીતે,
ગઈ એ ચિત્તથી પ્રતિમા,
દીવાનો શોધમાં એની.

જુલમ સંસારમાં સઘળે,
પ્રજા તોબા પુકારે છે,
નૃપો ક્યાં રામના જેવા,
ફરું છું શોધમાં એની.

ગ્રહે, છો ના ફરી આવે,
નિરાંતે જિંદગી ગાળે;
મને એવા ગરીબ વ્હાલા,
ભટકતો શોધમાં એની.

પ્રભુની સર્વ બક્ષિસો,
બધા સાથે મળી ખાવી,
બતાવો કોઈ જમનારા,
ફરું છું શોધમાં એની.

બતાવે ભૂલ, શિક્ષા દે,
ખપે તો પ્રાણ પણ આપે,
તલબ એવા સુમિત્રોની,
રખડતો શોધમાં એની.

૯૭

## યુવાન થઈ જાવું છે.

ફરીથી યુવાન થઈ જાવું છે.
ઉપયોગી જગતને થાવું છે,
જનસ્નેહ પનઘટે ન્હાવું છે,
ફરીથી યુવાન થઈ જાવું છે.

જગને ખવરાવી ખાવું છે,
સુખશાંતિ તણું જળ પાવું છે,
આનન્દ ગીતડું ગાવું છે,
ફરીથી યુવાન થઈ જાવું છે.

પોતા સમ પરને ચ્હાવું છે,
તપતાં હૃદય પર છવાવું છે,
પર રક્ષણ કાજ ઘવાવું છે,
ફરીથી યુવાન થઈ જાવું છે.

પ્રભુ બાલક સમ પધરાવું છે,
ગરીબોની વ્હારે ધાવું છે,
દુઃખિયાંનું કાંડું સ્હાવું છે,
ફરીથી યુવાન થઈ જાવું છે.

૯૮

## અધિકાર

અધિકાર નથી 'વાપરવાનો'.
નથી એ જુલ્મીનો 'પરવાનો'.
છે ધર્મ ખરો પર પરવાનો,
નહીં તો આખર ઓસરવાનો.

સત્તાભૂમિ સેવાની છે,
જિંદગી આ પર-સેવાની છે,
લોકખ્યાતિ તો ફાની છે,
સહુની ગઈ છે, જાવાની છે.

૯૯

# અતૂટ તુંબડી

તરશો નહીં કોઈ તરશો નહીં
પોતાની તુંબડીએ તરશો નહીં.

હું સમાન તરનાર કોઈ છે નહીં,
એમ ખોટું અભિમાન કરશો નહીં – પોતાની૦

તરવા ગયો દ્રૌપદીનો જુલમગાર,
તેની દશાને વિસરશો નહીં – પોતાની૦

શંકરના ભક્ત લંકરાય તણી હાલતને–
જોઈ એ પંથે વિચરશો નહીં – પોતાની૦

ભક્તિના બાગનાં સુપુષ્પો તજીને,
દુર્ગંધી ઓખરમાં ચરશો નહીં – પોતાની૦

ઈશ્વરનું નામ એક અતૂટ તુંબડી,
રાખો વિશ્વાસ તો તરશો સહી – પોતાની૦

१००

## પ્રાસ્તાવિક

(૧)

ચતુર્ભૂજ હૃદયમાં બેસી,
ભલે રક્ષા કરો મારી;
ભુજાઓમાં હવે આવો,
વખત આ યુદ્ધનો આવ્યો.

(૨)

શીખેલો પાઠ સૃષ્ટિને
શીખવી તૈયાર કરવી છે;
જગતની આધિવ્યાધિ ને
ઉપાધિ સર્વ હરવી છે.

(૩)

પ્રજ્ઞા વિક્રમવાન સ્પષ્ટ વચની
જે ચુસ્ત છે ભક્તિમાં
તેઓ સેવક, અન્ય નારી નૃપની
સંપત્તિ આપત્તિમાં.

(૪)

સારું નરસું દેખાયે છે
પરમેશ્વરની કૃતિ માંહે જે,
તે માત્ર ફરક દૃષ્ટિનો છે,
બાકી તો જે છે તે "તે" છે.

(૫)

આવી પડેલ સ્થિતિ ભોગવવી
એ જ ખરી મરદાની છે;
હિંમત રાખે થાય ન તાબે,
એ જ ખરો નર માની છે.

(૬)

મરેલા, જીવતા જગમાં
મહાપુરુષો ઘણાયે છે;
મને આ જનસમૂહ આખો,
મરેલો આજ ભાસે છે.

કરે તે ભોગવે, એવો, ન્યાય ઈશે કરેલ છે.
ઘણાય મરનારાઓ, મર્યા પહેલાં મરેલ છે.

આ ભવસાગર પાર તરી લે;
મરણ પહેલાં મિત્ર મરી લે;
સ્નેહજળે મન કુંભ ભરી લે,
આ જગને શુભ સ્વર્ગ કરી દે.

(૭)

છે આ શરીર ક્ષણભંગુર એમ માની,
પાછી ભરો ન રણરંગ વિષેથી પાની;
આપત્તિ શત્રુ પર સર્વ કરો ધસારો,
જીવ્યું ગણાય જગમાં જશ જો વધારો.

(૮)

પ્રિય સખી ગણી સાથે રાખીને જે રમાડે,
ચરણકમળ માથે જે લઈને અડાડે;
અનુભવી જન એવા બાયલા જો ગણાય,
સતી પદ પૂજનારા રામ શેમાં ગણાય ?

(૯)

જો પ્રભુને સ્થાને બેસે છે,
તો પથ્થર પણ પૂજાયે છે;
તો ઈશ્વરથી જન્મેલ થઈ,
શીદ નાહક તું મુંઝાયે છે.

(૧૦)

અસલ માર્ગ ફરી સમરાય છે,
ધૂળની ઉપર લીંપણ થાય છે;
કદી શિખામણ કો પરની લહે,
ગિરિ થકી શિવ ગંગ નીચે વહે.

# તે હરિ

જે દુભાઈ ઉગારી શકે તે હરિ.
ગૃહનારીને રાવણ જાય હરી,
પ્રભુએ ગતિ મોક્ષની એની કરી,
ફળી કયા પુણ્યની એ તે પુષ્પકળી.
જે દુભાઈ ઉગારી શકે તે હરિ.

જરાસંધની દુષ્ટતા,
શિશુપાળની ગાળ
સંઘરનારો ધન્ય એ,
ગોકુળનો ગોવાળ–

એ આહીરની બરદાવળી આકરી
પાંડુપુત્ર તણી કરી છે ચાકરી,
જે જે માગ્યું તેને તેની 'ના' ના કરી–
જે દુભાઈ ઉગારી શકે તે હરિ.

પૂતના આવી'તી સ્તન ઝેર ભરી,
તોય માત જેવી ગતિ તેની કરી,
એને છોડી બીજો કયો ધારું ધણી–
જે દુભાઈ ઉગારી શકે તે હરિ.

## ૧૦૨

# પ્રભુકૃપા

(પ્રભાતિયું)

પ્રભુકૃપા અમૃત ઝરે છે,*
સ્નાન તેમાં થાય છે,
રોગ સઘળા આ શરીરના
નાશ પામી જાય છે.

તંદુરસ્તીમાં, સુખોમાં
નિર્ગમે છે જિંદગી,
રોજ તાજાં સ્મરણ હરિનાં,
રોજ તાજી બંદગી.

---

* પૌત્ર મહેશભાઈને લંડનમાં ડબલ ન્યુમોનિયા થયેલો અને ડૉક્ટરે કહ્યું કે 'He is in the jaws of death' ત્યારે આ શબ્દો પ્રભાશંકરે મહેશભાઈને લખી આપેલા અને રોજ સવારે મનન કરવા કહેલું.

## ૧૦૩

# આભ ફાટ્યું

આભ ફાટ્યું, ન થીગડું દેવાશે હો રાય,
આભ ફાટ્યું૦

ગજે કાતરે ન માપ એનું થાશે-
હો રાય, આભ ફાટ્યું૦

સૂર્ય તેજવાન, તેમ જીવન અખિલ અવનિનું છે,
ગગનના પ્રમાણમાં તથાપિ માપ શું છે-
હો રાય, આભ ફાટ્યું૦

૧૦૪

## રામ પ્રતિ સીતાનાં વચનો

સદા સાથે રાખી સુખ અનુભવાવ્યું અવનીમાં,
વળી વાળી વા'લા પ્રણય રસની અદ્ભુત સીમા;
અરે અંતે આ શું વગર અપરાધે પરહરો,
ભમાવ્યા છે કોયે નહિતર તમે આમ ન કરો.

ગઈ ક્યાં એ પ્રીતિ વળી ગઈ કહો ક્યાં સુજનતા,
મહત્તાની સાથે અનદ સુનીતિ સરલતા,
ભરોંસો રાખ્યાનું વચન દઈ શું હાય વીસરો,
ભમાવ્યા છે કોયે નહિતર તમે આમ ન કરો.

કદી પૃથ્વી ફાટે કદી ઉદધિ માજા પરહરે,
પરંતુ આવું આ રઘુપતિ કદી નાથ ન કરે;
કરીને પોતાનાં પછી પ્રિય અરે શું પરહરો,
ભમાવ્યા છે કોયે નહિતર તમે આમ ન કરો.

થયા છે શું એવા મુજથી અપરાધો તમ તણા,
તજો છો શા માટે નિમિત્ત વિણ હે નાથ હમણાં,
થયા હોયે તોયે ઉચિત તમને માફ જ કરો;
ભમાવ્યા છે કોયે નહિતર તમે આમ ન કરો.

નથી હું અજ્ઞાની સમજણ વિનાની પણ નથી,
કરો છો તેમાંનું કંઈ પણ અજાણ્યું ન મુજથી;
નકામા આવા શું મનમહીં વૃથા દોષ જ ધરો,
ભમાવ્યા છે કોયે નહિતર તમે આમ ન કરો.



## ૧૦૫
# અનુભવની ગોળી

અનુભવની ગોળી કડવી,
મુશ્કીલ બહુ લાગે ગળવી – અનુભવ૦

પરિણામે અમૃતથી મીઠી,
અન્ય દવા નથી જડવી;
જન જનની જુદી જુદા રંગની
પદ્ધતિસર સંઘરવી – અનુભવ૦

એક વખત ખાધે વ્યાધિ મટે,
ફરી ખાવી નથી પડવી;
વખત જતાં ગુણ વધતો જાયે,
નથી સડવી ન બગડવી – અનુભવ૦

પર ઔષધશાળામાં ન બને,
નિજ શાળામાં ઘડવી;
અભિમાનના કચરામાંથી,
ધ્યાન રાખીને છડવી – અનુભવ૦

થાય ફાયદો ત્યમ ત્યમ મોટી,
માત્રા નિત નિત ગળવી;
ગમે તેટલી ગળો ગોળીઓ,
નથી તબિયતને નડવી – અનુભવ૦

રોગ ઘણા ને ઔષધ એક જ
એવી દવા નથી મળવી;
ખરીદો, જો ફત્તેહે ભવની
હોય લડાઈ લડવી. – અનુભવ૦

૧૦૬

# ન બોલાણું કાંઈ

(૧)

ન બોલાણું કાંઈ રહી મન તણી વાત મનમાં,
રજા લેવા ટાણે પણ કહી બતાવ્યું વદનમાં;
ન રાખો આશા હે પ્રિયપતિ ફરી દર્શન તણી,
સૂજેલાં અશ્રુથી નયન ફરકાવી મુજ ભણી.

પરસ્ત્રીની સામી નજર કરતાં જોઈ મુજને,
ન બોલી તે કાંઈ પણ ચરણમાં રાખી ભુજને,
જણાવ્યું કે આથી મૃદુલ બરછીની પણ અણી,
સૂજેલાં અશ્રુથી નયન ફરકાવી મુજ ભણી.

(૨)

હીરાના શુભ હાર કંકણ અને પે'રી રૂડાં ઝાંઝરો,
ગૂંથી કેશ વિચિત્ર વેશ ધરીને પ્યારી ચડી દાદરો;
પે'રેલાં પણ વસ્ત્ર નિષ્ફલ થયાં ને સર્વ આભૂષણો,
નિદ્રાને વશ નાથ જોઈ મનમાં તે ખેદ પામી ઘણો.

१०७

## એક મહારાજા વિના

સુંદર મહેલો સાવ સૂના,*
એક મહારાજા વિના,

સર્વ ખાણાં આ અલૂણાં
એક મહારાજા વિના.

રાજવીનાં રાજ્ય સૂનાં
એક મહારાજા વિના,

અધિકારીઓ સ્વાર્થ નમૂના,
એક મહારાજા વિના.

આ જિંદગીની ક્યાં મજા છે ?
એક મહારાજા વિના,

આ તે અમોને શી સજા છે ?
એક મહારાજા વિના.

---

* ભાવનગર નરેશ સ્વ. ભાવસિંહજી મહારાજના અવસાન પછી દાદા ભાવનગરના એડમિનિસ્ટ્રેટર નિમાતાં ભાવનગર આવ્યા ત્યારે આ કવિતા થયેલી.

## ૧૦૮

## સહનતા

માતા ઉદરમાં બાળ પોશે,
એ અનોખી સહનતા;
પાળી ઉછેરી પોષતી,
એ સમ ન બીજી સહનતા.

કેમ સહન કરવું તે શીખો, એ જ પાઠ છે જિંદગીનો,
"સહન કરો" એ પ્રભુ આજ્ઞા છે, એ જ મંત્ર છે બંદગીનો.

શીખી લીઓ, શીખી લીઓ
શું "સહન કરવું" ચીજ છે;
આ જિંદગાનીની સફળતાનું
સહનતા બીજ છે.

✦ ✦ ✦

## ૧૦૯

## નવીન વર્ષ

નવીન આ વર્ષ આરંભે, શુભેચ્છાના વિચારોમાં,
સ્મરણ મારું કર્યું સ્નેહી, તમારું એટલું એ ક્યાં ?

વિવિધ વ્યવહારમાં રહેતાં, સ્થળોનાં અંતરો રહેતાં;
અખંડિત સ્નેહસર વહે છે, તમારું એટલું એ ક્યાં ?

"તમારું એટલું એ ક્યાં" ફક્ત એ વાક્યમાં મારા
બધા ભાવો સ્વીકારીને, હૃદયથી ચાંપજો અમને.

## ૧૧૦

## પ્રાસ્તાવિક

હું તો પ્રભુનો લાલ છું,
મારા હુકમમાં સર્વ છે;
તાબે રહે છે જગત પણ,
મારે ન એનો ગર્વ છે.

✦ ✦ ✦

## ૧૧૧

## પરવાર શું

વિંચાતાં આંખ, આખા જગતથી પરવારશું,
પ્રતિષ્ઠા આ ક્ષણિકની તો પછી પરવાર શું ?
ગણે સંસારીઓ કિંમત અમારી છો ટકો,
પ્રભુ દરબારમાં ઊંચી અમારી બેઠકો.

✦ ✦ ✦

## ૧૧૨

## ખાયે, ન આપે અવરને

ખાયે પીયે આપ્યા કરે તે માત્ર માણસ જાણવા,
ખાયે, ન આપે અવરને તે પશુ સમાન પ્રમાણવા.

૧૧૩

# ગરીબને માટે મરે

તાબે રહે તે અન્યને તાબે કદી કરતા નથી;
સ્વાતંત્ર્યને ખોનાર, પરસ્વાતંત્ર્યને હરતા નથી.

અનુભવ તણી એ વાત છે, અનુભવ કરીને જોઈ લ્યો;
છે કામધેનુ ગાય અનુભવ, જે ગમે તે દોઈ લ્યો.

માર ખાનારો ન મારે, અન્યને તે એ સત્ય છે;
દુ:ખીજનો નવ અવરને કદી દુ:ખ દે તે તથ્ય છે.

જે દુ:ખની ઘંટી વિશે પોતે દળાઈ નીકળે,
તે ઘંટીના પડમાં કદી બીજા જનોને નવ દળે;

જોયો ન હોય જુલ્મ જેણે, જુલમ તે પર પર કરે,
પણ જુલ્મથી દુ:ખી થયેલો ગરીબને માટે મરે.

## ૧૧૪

# હૃદયથી આપનારાને

હૃદયથી આપનારાને અપાજો એકના લાખો
દુઃખોના ટાળનારાને સુખી ગોવિંદજી રાખો.

✦ ✦ ✦

## ૧૧૫

# થોરની વાડ

થોરની વાડને પાણી પાયા કર્યું
તો ય ત્યાં આમ્રનાં ફળ ન આવ્યાં.
બાવળોને અમે ખૂબ ખાતર ભર્યું
તો ય ત્યાં કંટકો માત્ર પામ્યા.

દુષ્ટને સ્નેહની સતત ચૂમીઓ ભરી
નેત્રમાં તો ય અમૃત ન જોયું
જગતમાં જન્મીને નાથ શું આ બધું
મફત આ સાવ આયુષ્ય ખોયું ?

ભૂત સેવા તણી લાલસામાં પ્રભુ,
આપનું છોડી સાન્નિધ્ય દીધું !
સ્વર્ગના સુખ થકી જગત સેવા ભલી
માનીને એમ સંન્યસ્ત લીધું.

११६

## વૃક્ષનો પોકાર

વૃક્ષ પોકાર મને કરતું'તું*
ને મારું મનડું ઠરતું'તું

"મારી છાયામાં બેસી જા
મારી શાંતિમાં પેસી જા
પ્રિય આ દેશતણો તું દેશી થા." વૃક્ષ૦

"કલ્પતરુ માગે તે આપે
છો ને મૂર્ખો તરુવર કાપે
તોપણ તે કોને નવ શાપે." વૃક્ષ૦

"મારી માફક ઊંચે ચડવાનું
મન હોય ગગન સુધી અડવાનું,
પણ લે તો જનને નવ નડવાનું." વૃક્ષ૦

"હું આપું છું ફળ તારે કાજે
બીજાને ખવરાવી ખાજે
સ્નેહે નવરાવી તું નાજે." વૃક્ષ૦

* આ કાવ્ય ૧૯૩૬ના ઉનાળામાં વીરમગામ અને અમદાવાદ વચ્ચે મુંબઈ જતાં લખાયું.

''પથ્થર મારે પણ ફળ દેજે
હુંથી એ શિક્ષા તું લેજે
જે થાયે તે સર્વ સહેજે.'' વૃક્ષ૦

''હું દીનવચન ક્યાંયે ન કહું છું
જળધર આધારે જ રહું છું
તું પણ રેજે એમ ચહું છું.'' વૃક્ષ૦

એ શબ્દ મધુર વૃક્ષો બોલે છે
ઊંડું મુજ અંતર ખોલે છે
તેથી આનંદે શિર ડોલે છે. વૃક્ષ૦

## પૂ. ગાંધીજીને લગતાં કાવ્યો

### ૧૧૭

### રમકડાં

રમકડાં બાપુ મને આપો×
આજ જોઈએ મધુર મોરલો,
કોયલ કાળી કાલ;
રાતે આજ ઉતારશું ચાંદો,
સૂર્ય પ્રભાતે લાલ. રમકડાં૦

એક ભમરડો મજબૂત જાળી,
ઝીણી લાંબી આર;
ભાઈબંધનો ભાંગું ગરીયો,
એવો મારું માર. રમકડાં૦

ચાવી વાળી મોટર જોઈએ,
નાનું એરૉપ્લેન;
વ્હાલો બાપ કદી ના ન કહે,
જો બાળક લે વ્હેન. રમકડાં૦

એ મોટરે હિમાચલ ચડશું,
ગગન વિમાને અડશું;
બધાં બાળકો સાથે જઈને,
પ્રભુના કાન પકડશું. રમકડાં૦

વ્હાણ કરો કાગળનું મોટું,
માહિમ દરિયે તરવા;
અમે બધાં અંદર બેસીને,
જશું વિલાયત ફરવા. રમકડાં૦

નિશાળ અમને કડવી લાગે,
રમવા દ્યોજી સ્વતંત્ર;
રોજ કહેતા સૌ સ્વતંત્ર છો,
શીદ રોકો મુજ તંત્ર. રમકડાં૦

નહીં દેશો સત્યાગ્રહ કરશું,
અપવાસશું પજવશું;
બધાં બાળુડાં સાથ મળીને,
બાળક ભાવ ભજવશું. રમકડાં૦

જે કહેતાં તે રોજ આપતા,
આજ કહો છો ના;
હવે નહીં ચાલે બાપુજી;
આપ તણું પણ ભા. રમકડાં૦


---

✳ આ કાવ્યથી ગાંધીજી બહુ ખુશી થયા હતા અને મહાદેવભાઈ પાસે બધાની વચ્ચે ગવરાવ્યું હતું.

૧૧૮

## ખાદી

કૃષ્ણ ભગવાનના પહેરવાના પીતાંબર થકી
પુનિત ગાંધીની ખાદી,
રાજ, મહારાજ, સમ્રાટના તાજથી
સોગણી કીમ્મતિ સાદી ખાદી.
દેશ આબાદીનું મૂળ મશહૂર
સ્વાતંત્ર્યને જન્મ દેનાર ખાદી,
સર્વ સામાન્ય ઢાંકણ ધની ગરીબનું
હિંદના રાજની રાજગાદી.



૧૧૯

## ગોપીનાથજીને પ્રાર્થના

ગોપીનાથજી તરત આવજો
ગરુડ ચડી ભગવાન
રહે દેશનું, ગાંધીજીનું
આખર ઊંચું સ્થાન
સાન એ સત્તાને દેજો
અમારું પ્રાર્થન મન લેજો – અમારું૦

વિશ્વંભર છે નામ છતાં પણ
વિશ્વ ઉદર છે ભૂખ્યાં
તારણહાર ગણાઓ છો
પણ જનતા જીવન દુખ્યાં
સૂક્યાં આશ સરોવરિયાં
આપવિણ અવર કિનારો ક્યાં – આપવિણ૦

દેશ દેશમાં હાક વાગતી
અર્જુન પાંડવ કેરી
આપ સારથિ બની જતા
ત્યાં ત્રાસ પામતા વૈરી
ઝેરી પવન જાય ચાલી
અહીં એ કરજો વનમાળી – અહીં૦

હિંદ બ્રિટનની વધે મિત્રતા
કટુતા સર્વ વિરામે
કામે યશ સમરાટ, હિંદ પણ
સાચું સ્વરાજ્ય પામે
વામે અખિલ વિશ્વના કલેશ
કરો એ પ્રાર્થન પૂર્ણ રમેશ – કરો૦

૧૨૦

# એ નહિ બને

ઘર છોકરડાં ઘંટી ચાટે, પાડોશીને આટો.
પણ આ તો પરદેશી લૂંટે છે સોનાની પાટો.
એ તો નહિ બને રે !
ના, મા ! નહિ બને રે !
ના. ના. નહિ બને રે !

મરશું, ખૂબ ઝઘડશું, થાશું મા માટે હેરાન.
ભલે દેશ આખો થઈ જાયે જંગલ કે વેરાન.
પણ એ નહિ બને રે !
ના, મા ! નહિ બને રે !
ના. ના. નહિ બને રે !

ગાંધીજી છે સપુત તમારા, અમે કપુત ન થાશું.
હિંદ માતને બચાવવાને બધા યરોડા જાશું.
પણ એ નહિ બને રે !
ના, મા ! નહિ બને રે !
ના. ના. નહિ બને રે !

પરદેશી, પરદેશ પધારો, દેશ અમારો છોડો.
એ જ બૂમ વાનરસેનાની બોલી વાનર દોડો.
રે, ના. નહિ બને રે !
ના, મા ! નહિ બને રે !
ના. ના. નહિ બને રે !

૧૨૧

# ગાંધીના ચરખા

ગાંધીના ચરખા જ્યારે ઘરોઘર ફરશે વાલા,
હિંદનું રાજ્ય ત્યારે તરશે હોજી હોજી.

અહિંસાનો જાપ થાશે, જાડાં કપડાં પહેરાશે,
ત્યારે આ ગોરાઓ થરથરશે હોજી હોજી.

હિંદુ મુસલમિન મળશે, જાતોના ગર્વ ગળશે,
સાચું સ્વરાજ્ય ત્યારે મળશે હોજી હોજી.

ભણતરમાં ધર્મ ભળશે, ખોટો આડંબર ટળશે,
ત્યારે ગયો દી' પાછો વળશે હોજી હોજી.

ચાંદોબિલ્લા મેલાશે, નોકરી પગથી ઠેલાશે,
સાચું સ્વાતંત્ર્ય તો ફેલાશે હોજી હોજી.

કડવી ભાષા છોડાશે, શાંતિમાં મન જોડાશે,
સત્તાનો દોર તો તોડાશે હોજી હોજી.

લાલચ છોડી દેવાશે, દુઃખોથી મન ટેવાશે,
સુખમાં તો ફાંસી પર રે'વાશે હોજી હોજી

કેદી તો થાવું, હસતાં ફાંસી પર જાવું,
મરતાં પણ સ્વદેશગીત ગાવું હોજી હોજી.

હોયે જો સ્વતંત્ર થાવું, રીસે તો લવ ન ભરાવું,
તોફાને કદીયે પણ નવ જાવું હોજી હોજી.

મારે તો માર ખાવો, ગાંધીનો મંત્ર ગાવો,
મદદે તો વેલો ધાશે માવો હોજી હોજી.

૧૨૨

## લક્ષ્મીજીનો પત્ર

એક વૈકુંઠથી પત્ર આવીયો રે,
લખે માતા લક્ષ્મીજી મુદ્દામ,
ગાંધી માટે ચિંતા નહીં રાખશો રે.
જેમ ધાયા ગજેન્દ્ર રાડ સૂણી પ્રભુ,
તેમ ગાંધી માટે છે તૈયાર,
ગાંધીજીની ચિંતા નહીં રાખશો રે.
પાર્થ કૃષ્ણજીની જેવી હતી જોડલી રે,
એમ મોહન મોહનની મિત્રાઈ. – ગાંધીજીની ચિંતા

ફિકર એકાંતવાસી ના કરો રે,
એની સાથે છે નંદકિશોર. – ગાંધીજીની ચિંતા

કારાગૃહની અંધારી કોટડી રે,
એને લાગે છે, સ્વર્ગની સમાન. – ગાંધીજીની ચિંતા

વસુદેવ દેવકી તણી કેદથી રે.
ગયું કંસ મહારાજ તણું રાજ્ય. – ગાંધીજીની ચિંતા

એમ ગાંધીજીના જેલવાસથી રે,
મળી જાશે આ હિંદને સ્વરાજ્ય. – ગાંધીજીની ચિંતા

શરીર બંધ તોય જીવ એનો મોકળો રે,
હૃદય હૃદયે વાગે છે ભણકાર. – ગાંધીજીની ચિંતા

એક સુકલકડી શરીર છે, રે,
તો ય ગભરાવે છે સામરાજ્ય. – ગાંધીજીની ચિંતા

પિંડ બંધાઈ ભક્તોને છોડવે રે,
એ તો મોહનજીનો સ્વભાવ. – ગાંધીજીની ચિંતા

જેમ માધવ સુદામાને એકતા હતી,
એમ મોહનને મોહનનું માન. – ગાંધીજીની ચિંતા

દિવસ આખો શંકરડ સેવા કરે છે,
રાત સેવાનું કાનજીનું કામ. – ગાંધીજીની ચિંતા

ખાનપાન ને મનેય તજી શામળો રે,
એક રાખે ગાંધીનો ઉચાટ. – ગાંધીજીની ચિંતા

કહે લક્ષ્મીજી સૂણો સંસારીઓ રે,
પ્રભુઆજ્ઞાથી પત્ર આ લખાય. – ગાંધીજીની ચિંતા

પ્રભુ સૂતરને તાંતણે બંધાય છે રે,
એમ પૂરે છે, સર્વ શાસ્ત્ર શાખ. – ગાંધીજીની ચિંતા

ગાંધીજીએ વણ્યો સૂતર તાંતણો રે,
તેણે બાંધી લીધા ત્રિલોકીના નાથ. – ગાંધીજીની ચિંતા

---

* આ દ્વિઅર્થમાં છે અને શંકરલાલ બૅન્કરને પણ લાગુ પડે છે.

१२૩

# શાંતિ રાખો

શાંતિ રાખો રે શાંતિ રાખો
શાંતિ રાખે પ્રભુ પ્રસન્ન થાય જો
રે શાંતિ રાખો.

શાંતિ રાખી વસુદેવ દેવકીએ
વાર કીધી તો આવી કૃષ્ણજીએ
દિવસ આવવો છે હિંદનો હજીયે
રે શાંતિ રાખો.

શાંતિ રાખી પ્રહ્લાદ ભક્તરાજે
આવી વાર કીધી ત્યાં તો કૃષ્ણરાજે
એમ આવશે પ્રભુજી હિંદ કાજે
રે શાંતિ રાખો.

શાંતિ રાખવા શ્રી ગાંધીજી કહે છે
દેશ માટે દેશભક્ત સૌ સહે છે
શાંતિવહનમાં સ્વરાજ્ય તો વહે છે
રે શાંતિ રાખો.

શાંતિ રાખો ભરો ન પાછી પાની
શાંતિ સાચા સ્વાતંત્ર્યની નિશાની
શાંતિ એક માત્ર હિંદની ભવાની
રે શાંતિ રાખો.

## ૧૨૪

# યરોડા

પડ્યો એક હિંદે પોકાર,
પહોંચ્યો વૈકુંઠ દરબાર.


ઝબકી ઊઠ્યા ત્રિલોકીનાથ,
લક્ષ્મીજીએ જઈ ઝાલ્યો હાથ.

"વળી આજ ક્યાં છે સવારી" ?
"રોક નહીં દે જવા પિયારી,

ભક્ત એક દુઃખે પીડાય,
હું સહ્યું નહીં એ જાય,

હિંદમાં યરોડાની જેઈલ
ત્યાં વહે છે સ્નેહ તણી રેલ.

ભક્તના હૃદયમાં છે ગંગા,
તેમાં ન્હાશું ને થશું ચંગા."



દુઃખી કે દર્દી કે કોઈ ભૂલેલા માર્ગવાળાને,
વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી.

ગરીબની દાદ સાંભળવા, અવરનાં દુઃખને દળવા,
તમારાં કર્ણ નેત્રોની ઉઘાડી રાખજો બારી.

પ્રણયનો વાયરો વાવા, કુછંદી દુષ્ટ વા જાવા,
તમારાં શુદ્ધ હૃદયોની ઉઘાડી રાખજો બારી.

થયેલાં દુષ્ટ કર્મોના છૂટા જંજીરથી થાવા,
જરા સત્કર્મની નાની, ઉઘાડી રાખજો બારી.

9 788184 804751
રૂ. 110